

# જૈન સાધુની
# હિમાલય યાત્રા

ભાગ-૨

લેખક : આ. હાર્દિકરત્નસૂરિ





# હિમાલય યાત્રા

## (જૈન સાધુની હિમાલય પદયાત્રા)

ભાગ-૨

:: લેખક ::

પ.પૂ. આચાર્ય **વિજય હાર્દિકરત્નસૂરીશ્વરજી** મ.સા.

:: પ્રકાશક ::

શ્રી અરિહંતસિદ્ધસૂરિ જૈન ગ્રંથમાલા પ્રકાશન, પાલીતાણા (ગુજ.)

| | | |
|---|---|---|
| પુસ્તક નામ | : | હિમાલય યાત્રા<br>(જૈન સાધુની હિમાલય પદયાત્રા) |
| લેખક | : | આ. હાર્દિકરત્નસૂરીશ્વરજી મ.સા. |
| ભાષા | : | હિન્દી - ગુજરાતી |
| પ્રથમ આવૃત્તિ | : | ૨૦૦૦ |
| વીર સંવત્ | : | ૨૫૪૭ |
| વિક્રમ સંવત્ | : | ૨૦૭૭ |
| ઇસવી સન્ | : | ૨૦૨૧ |
| તીથી | : | વૈશાખ સુદી ૩, અક્ષય તૃતિયા<br>શ્રી ઋષભદેવ પારણા દિન |
| કિંમત | : | રૂ. ૧૦૦૦/- |

ફોટોગ્રાફી : રાજેન્દ્ર પીતળિયા (પાલીતાણા), સંજય વડોદરા, ડાભી લાભુભાઈ (પાલીતાણા), ગણપતભાઈ કુમાવત (કિશનગઢ), વસંતભાઈ (ઉડીસા), હર્ષિત ભંડારી

પ્રકાશક : આ.વિ. અરિહંતસિદ્ધસૂરિ જૈન ગ્રંથમાલા પ્રકાશન
લુણાવા મંગલ ભવન
તળેટી રોડ, પાલીતાણા (ગુજ.) ૩૬૪૨૭૦
✆ 02848 252316

મુદ્રક : કિરીટ બી. વડેચા પ્રિન્ટર્સ
૩૦૫, એનેક્સ બિલ્ડીંગ, ઠક્કર ઇંડસ્ટ્રિયલ એસ્ટેટ,
જુની અંજીરવાડી, મઝગામ, મુંબઈ-૧૦.
✆ 022 23737600 / 7977406533



યુગાદિનાથ શ્રી ઋષભદેવ ભગવાનનું નિર્વાણ તીર્થ

# શ્રી અષ્ટાપદ મહાતીર્થ

*હે દેવી ! સામે દેખાય છે તે અષ્ટાપદ પર્વત છે,*
*તેની યાત્રા જે મનુષ્ય કરે છે તે અતિશીઘ્ર*
*પરમધામ ને પામે છે, તેને પાપ સ્પર્શતા નથી.*

– શિવપુરાણ

## : પ્રાપ્તિ સ્થાન :

**લુણાવા મંગલ ભવન**

તળેટી રોડ, પાલીતાણા ✆ 02848 - 252316

**શ્રી અઢીદ્વીપ સહ ૧૭૦ જૈન મંદિર**

પાલીતાણા ✆ 7211112727, 7211112626, પ્રકાશભાઈ, મો. 9898326866

**મુંબઈ**

| | |
|---|---|
| મોહનલાલજી (ડોંગરી) | : 9869007921 |
| પુખરાજજી | : 9820737949 |
| બાબુલાલજી | : 6355527899 |
| હસમુખભાઈ છેડા, ઘાટકોપર | : 022 278996100, 9820335933 |
| અનિલ જૈન, ભાયખલા | : 9892527675 |

**નવી મુંબઈ**

| | |
|---|---|
| મુલચંદ ગાલા | : 9820041870 |

**જાલોર (રાજ.)**

| | |
|---|---|
| પુષ્કરભાઈ સોલંકી | : 9310938123 |

**વડોદરા**

| | |
|---|---|
| માંગીલાલ જૈન (કારેલી બાગ) | : 0267 6220339, 9426175090 |

**બેંગલોર**

| | |
|---|---|
| પંડિતવર્ય વિક્રમગુરૂજી | : 9986985995 |
| રાજુભાઈ પરમાર | : 9590000246 |

**અમદાવાદ**

| | |
|---|---|
| ચંદ્રેશ શાહ (પ્રેરણા તીર્થ) | : 9227622451 |

**ભાવનગર**

| | |
|---|---|
| મનીષભાઈ મેહતા (વિજયરાજનગર) | : 9375208444 |

**સુરત** પંડિતવર્ય ચિરાગભાઈ : 9825854589

**કર્નાટક : હોસપેટ**

| | |
|---|---|
| દિપકભાઈ જૈન | : 9448350227 |

**તમિલનાડુ**

| | |
|---|---|
| શાંતિલાલજી જૈન (સેલમ) | : 9443362815 |

**ચેન્નઈ**

| | |
|---|---|
| રમેશભાઈ (P.F.P.) | : 9444110033 |
| વિક્રમ જૈન (સાહુકાર પેઠ) | : 9840252612 |

**દિલ્હી**

| | |
|---|---|
| દિનેશભાઈ દોશી (મંડાર સંઘ) | : 9811061233 |
| રોહિત જૈન (માનસરોવર ગાર્ડન) | : 9871718822 |
| શ્રી નરેન્દ્ર જૈન (પપ્પૂજી) | : 9868101001 |
| શ્રી રવિંદ્રપ્રકાશ જૈન (મોતીલાલ બનારસીદાસ) | : 8800666090 |

અખિલ બ્રહ્માંડાધિપતિ
વિશ્વસ્થિતિ વ્યવસ્થાપક
ચતુર્નીતિ આર્વિભાવક
સમસ્ત કલા-વાસ્તુ-શિલ્પ પ્રરૂપક

**ત્રિલોકનાથ**

જેમની ચરણરજ થી
સમસ્ત હિમાલય
પરમ પવિત્રતાની
પતિતપાવની
ગંગા વહાવી રહ્યો છે,
એવા
સિદ્ધ
બુદ્ધ
મુક્ત
શંકર
ધાતા
વિધાતા
પુરૂષોત્તમ સ્વરૂપ
દેવાધિદેવ

**પ્રથમ તીર્થંકર**

**શ્રી ઋષભદેવ પ્રભુનાં**

ચરણોમાં

**હાર્દિક વંદના**



बुद्धस्त्वमेव विबुधार्चित-बुद्धि-बोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रय-शंकरत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥

॥ તીર્થોદ્ધારક શ્રી નીતિ-હર્ષ-મંગલપ્રભ-અરિહંતસિદ્ધસૂરિ સદ્ગુરૂભ્યો નમઃ ॥

ગિરનાર તીર્થોદ્ધારક



**પ.પૂ.આ. શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.**

સકલાગમરહસ્યવેદી



**પ.પૂ.આ.**
**શ્રી હર્ષસૂરીશ્વરજી મ.સા.**

સંયમસમ્રાટ પરમતપોમૂર્તિ



**પ.પૂ.આ.**
**શ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મ.સા.**



પરમગુરૂદેવ પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય

**શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

# "વંદના"

ગિરનાર ચિતોડગઢ આદિ પ્રાચીન તીર્થોદ્ધારક,
છેલ્લા ૨૦૦૦ વર્ષમાં એક કરોડવાર સૂરિમંત્રની સાધના કરનાર
એકમાત્ર સિદ્ધ મહાપુરૂષ, અજાતશત્રુ,
પરમ પ્રભાવક, શાસનશિરતાજ, તપાગચ્છીય પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

સકલાગમરહસ્યવેદી ગિરનાર મહાતીર્થના પ્રતિષ્ઠાકારક
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય હર્ષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

પરમતપોમૂર્તિ
પ્રાયઃ ચોથા આરા સમાન ચારિત્રધારક ચારિત્રચુડામણી
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય મંગલપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

*************

પરમગુરૂદેવ
ચૌવિહાર છઠ્ઠકરી શ્રી સિધ્ધાચલગિરિરાજની ૭-૭ યાત્રા ૪૬૦ વાર કરનાર
ભીષ્મતપસ્વી, નિકટભવમોક્ષગામી, અપ્રતિહત પુણ્યપ્રાગ્ભારધારી,
૧૦ કરોડ નમસ્કાર મહામંત્ર સાધક,
શ્રી ઋષભદેવ કૃપાપાત્ર પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય
**શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ** ના
શ્રી ચરણોમાં
ભાવભરી હાર્દિક વંદના

:: આજ્ઞા અને આશીર્વાદ ::

જ્યોતિષ-શિલ્પ-પ્રતિષ્ઠાચાર્ય, પ્રકાન્ડવિદ્વાન,
શાસનસંરક્ષણદત્તચિત્ત, દિવ્યસામર્થ્યસંયુક્ત
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રીમદ્ વિજય**
**રૈવતસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

:: શુભાભિલાષક ::

ગુરુચરણોપાસક વયોવૃદ્ધ મુનિરાજ
**શ્રી કલ્પસિદ્ધવિજયજી મ.સા.**
વૈયાવચ્ચપ્રેમી મુનિરાજ
**શ્રી ધ્યાનરત્નવિજયજી મ.સા.**

:: શુભકામના ::

યુવામનિષી પ.પૂ. મુનિરાજ
**શ્રી જ્ઞાનરત્નવિજયજી મ.સા.**
સંયમસાધનાકુશલ પ.પૂ. મુનિરાજ
**શ્રી શુભમંગલવિજયજી મ.સા.**
સ્વાધ્યાયવ્યાસંગી પ.પૂ. મુનિરાજ
**શ્રી જ્ઞાનકલશવિજયજી મ.સા.**

# "સમર્પણ"

જેણે હિમાલય યાત્રા નો

**વિચાર** રોપ્યો

તેણે જ હિમાલય ની યાત્રા કરાવી

**'એ'** ને જ...

## :: હિમાલય યાત્રા નાં યાત્રિકો ::

આચાર્ય વિજય **શ્રી હાર્દિકરત્નસૂરિજી મ.સા.**
મુનિરાજ **શ્રી રત્નયશવિજયજી મ.સા.**
મુનિરાજ **શ્રી આનંદમંગલવિજયજી મ.સા.**
મુનિરાજ **શ્રી સ્વર્ણકલશવિજયજી મ.સા.**

**રાજેન્દ્ર પીતળીયા** (પાલીતાણા)
**લાભુભાઈ ડાભી** (પાલીતાણા)
**સંજય** (વડોદરા)

બદ્રીનાથ થી દિલ્હી સુધી બાલયાત્રી...
**હર્ષિત ભંડારી** (વિજયવાળા)

બદ્રીક્ષેત્રમાં ૧૦ દિવસ સહયાત્રી
**ગણપતજી કુમાવત** (કિશનગઢ)
**વસંતભાઈ** (ઉડીસા)



लाभार्थी

श्री शंखेश्वर दर्शन जैन संघ, मझगांव



प.पू. मुनि **श्री ज्ञानरत्नविजयजी म.सा.**



मिठालाल पूनमचंदजी रांका



श्रीमती मोहिनीबाई मिठालालजी रांका

## • लाभार्थी परिवार •

प.पू. मुनिराज **श्री ज्ञानरत्नविजयजी म.सा.** के उपदेश से

गोल (उम्मेदाबाद) राज. निवासी

## मातुश्री मोहिनीबाई मीठालालजी पुनमचंदजी रांका परिवार

हाल - मद्रास

## • લાભાર્થી પરિવાર •

# એક શ્રુતજ્ઞાનોપાસક પરિવાર તરફથી



## • लाभार्थी परिवार •

मंडार (राज.) निवासी

**श्रेष्ठीवर्या संघवी असुबहन रुगनाथमलजी समरथमलजी दोशी परिवार**

**पुत्र :** दिनेशकुमार, **पुत्रवधु :** मधुबेन - भँवरलाल, रेखाबेन - दिनेशकुमार

**पौत्र :** मयूर, रोहित, श्रेयांस, **पौत्रवधु :** मोना, जुही, मिली

**प्रपौत्र :** पार्श्व, विराग, पुंडरिक, प्रविर, शौर्य

**पुत्री-जमाईसा :** चंदनबेन-श्री खुमचंदजी, पुष्पाबेन-श्री रसीकलालजी, मधुबेन-श्री सुभाषजी,

**पौत्री-जमाईसा :** टीना-श्री हसमुखजी

***प्रतिष्ठान :*** *डी.आर. ग्रुप (न्यू दिल्ली)*



ચંપાલાલજી સોલંકી



ફેન્સીબેન ગૌતમચંદજી



## • लाभार्थी परिवार •

प.पू. मुनिराज **श्री स्वर्णकलशविजयजी म.सा.** के शुभ आशीर्वाद से

जालोर (राज.) निवासी

**श्रीमती फेन्सीबेन गौतमचन्दजी सोलंकी**

**श्रीमती मीनादेवी चम्पालालजी सोलंकी परिवार**

हॉल - बेंगलोर



## • લાભાર્થી પરિવાર •

આધોઈ (કચ્છ વાગડ) નિવાસી

**માતુશ્રી કેશરબેન જેઠાલાલ ભોજરાજ**
**ગાલા પરિવાર**

પુત્ર-પુત્રવધૂ : શ્રીમતી મીનાબેન મુલચંદ,
શ્રીમતી નીતાબેન પ્રેમજી, શ્રીમતી મીનાબેન ધનજી

પૌત્ર-પૌત્રવધુ : અ.સૌ. ભાવીની અરવિંદ, અ.સૌ. મીતલ રાજેશ,
અ.સૌ. દિશીતા અંકિત, અ.સૌ. અંશુ ધ્રુમીલ

પ્રપૌત્ર-પ્રપૌત્રી : મિહીર, સમ્યક, ક્રિસીવ, યશ્વી, પથીકા

હાલ - વાશી (ન્યુ મુંબઈ)



રસિકલાલ કાનજી ગાલા



ભાનુમતી રસિકલાલ ગાલા

## • લાભાર્થી પરિવાર •

હલરા નિવાસી

**અ.સૌ. ભાનુમતીબેન રસિકલાલ**
**કાનજી ગાલા**

ધોબીતલાવ - વાશી



## • લાભાર્થી પરિવાર •

પ.પૂ. સાધ્વી **શ્રી કામિતરત્નાશ્રીજી મ.સા.**ના આશીર્વાદથી

**શ્રી હંસાબેન ખીમજી ચરલા**

ગામ : આધોઈ (કચ્છ વાગડ)



## • લાભાર્થી પરિવાર •

આધોઈ (કચ્છ વાગડ) નિવાસી

**શ્રીમતી વિમલાબેન ચંદુભાઈ**

**કાનજીભાઈ ચરલા**

મુંબઈ



विष्णुप्रयाग

गंगा पुल

## ઉત્તરકાશી

### અધિક જેઠ સુદ ૨, ગુરૂવાર, તા. ૧૭.૦૫.૨૦૧૮

વાહ... ગંગા પાછી આવી ગઈ. એ જ ઉજ્જ્વળ ધવલધારાનું વહન કરતી ભાગીરથી ખૂબ સુંદર લાગતી હતી. જેમ જેમ આગળ વધતા જતા હતા, તેમ તેમ દુગ્ધજળ વધુ પારદર્શક અને શુદ્ધ થતું જતું હતું.



वळी पाछी अमारी यात्रा गंगाकिनारे प्रारंभ थई. એક तरફ ઉંડી ગંગા અને બીજી તરફ ઉંચા પથ્થરો. ઠેક ઠેકાણે બોર્ડ લગાવેલા છે. **ઉપર સે પથ્થર ગિરને કા ભય, દેખ કે ચલો.** અને ખરેખર નાના નાના પત્થર તો પડ્યા જ કરતા હતા. અમે તો નદી તરફ ચાલતા હતા. પહાડ તરફ ચાલીએ તો માથા પર પથ્થર લાગે. આજે સાંજે ઉત્તરકાશી પહોંચ્યા છીએ. ૨૩ વર્ષ પૂર્વે પાર્શ્વનાથ પ્રભુની જન્મકલ્યાણભૂમિ કાશી વારાણસીની સ્પર્શના કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આજે અમે ઉત્તરદિશામાં

**हिमालय की शाम**
**कहाँ रुकना है,**
**कहाँ है मंझिल उपरवाला जाने,**
**फिर भी**
**जैन साधु की मुस्कान बरकरार है।**



આવેલા ઉત્તરકાશીમાં છીએ. અહીં પણ કાશી વિશ્વનાથનું મંદિર છે. ઉત્તરકાશી વિશ્વનાથ મંદિરમાં એક અચરજ જોયું. અહીં લગભગ ૧૫ ફૂટ મોટું ભારી ભરખમ ત્રિશૂલ ઉભું છે. તેને ગમે તેટલી શક્તિ લગાવીને હલાવવાનો પ્રયત્ન કરો તો હલે જ નહીં. પણ એક ટચલી આંગળીથી ધક્કો લગાવો તો હાલવા લાગે. આમા રહસ્ય શું છે. અમે નથી જાણતા પણ અમે અમારી નજરોથી આ આશ્ચર્ય જોયું. આખા ગામમાં હોટલોનો પાર નથી. એક રાત્રિ રોકાવાનો ભાવ માત્ર ૧૬૦૦ રૂ. આપનાર આપે છે. આખું ઉત્તરકાશી યાત્રિકોથી ઠાંસી ઠાંસીને ભર્યું છે. યમુનોત્રી કે ગંગોત્રી અથવા કેદાર બાજુ જ્યાં જવું હોય તે માટે ઉત્તરકાશી જંક્શન છે. યાત્રિકો સૌ રાત્રિ વિશ્રામ અહીં જ કરે. અમે તો આશ્રમ મળે તો ગેસ્ટ હાઉસમાં ન ઉતરીએ. જો કે એવા પ્રસંગો તો ૨-૩ વાર જ હજુ તો બન્યા છે, નહીં તો મંદિર-આશ્રમ-ધર્મશાળા-સ્કુલમાં

**देवदार कितना ही ऊँचा हो,**
**हिमालय कितना ही ऊँचा हो,**
**जैन साधु की साधना से ऊँचा कौन है ?**
**देखो ! हिमालय की कंदराओ में**
**अविरत आगे बढ़ते प्रभु वीर के साधु...**



હિમાલય પહાડ़િયોં કી गोद में बसा एक शहर

જ ઉતરવાનું થાય. અરે ! એવા પ્રસંગો પણ બન્યા છે. કેટલિક વાર બસ સ્ટેશનના પતરાના શેડની નીચે પણ રહ્યા છીએ તો દુકાનની બહાર પતરાના છાપરા નીચે પણ રહ્યા છીએ. વળી એ યાત્રા પણ ભુલાય તેમ નથી ક્યાંક કોઈ પ્યાઉમાં ઉતર્યા છીએ તો વળી પોલીસચોકીમાં પણ અમારો અહોરાત્રિ વિશ્રામ થયો છે. અલગારી સાધુને વળી સ્થાનથી શું ફરક પડે. સંયમને અનુકૂળ સ્થાન મળી જાય



પછી શું ચિંતા. અહીં કોઈએ કૈલાસઆશ્રમનું ઍડ્રેસ આપ્યું. ગંગોત્રી રોડ ઉપર જ આશ્રમ છે. અમે ત્યાં પહોંચ્યા. એક પણ રૂમ ખાલી નથી. બાજુમાં જ ગીતાસ્વામી આશ્રમમાં હૉલની વ્યવસ્થા થઈ ગઈ. અહીં તીર્થસ્થાનોમાં આશ્રમો ખૂબ હોય છે. કોઈ પણ આનાકાની કર્યા વિના સન્માનથી આપણને રહેવાની વ્યવસ્થા ત્યાંના સાધુઓ કરી આપે. વળી ભોજનની વ્યવસ્થા તો ખરી જ. પણ

चीड हो या भोज,
जंगल तो जंगल ही होता है।
हिमालयी अरण्य में जंगली जानवरों का एक छत्री साम्राज्य है।
थोड़ी-सी आहट से जंगलवासी हाजीर हो जाते हैं।
इसलिये... थोड़ा सावधानी से...



टिहरी

કંદમૂળના કારણે એમનું ભોજન ટાળીએ. રોટલી માટે પણ લોટનો કાળ વિચારવાનો રહે. કદાચ ક્યાંક ભાત કે ખીચડી બની હોય તે કામ આવે. અમને પણ રાત્રે ભોજનનું આમંત્રણ આવ્યું, પણ અમે સહર્ષ અસ્વિકાર કર્યો. પરમાત્માની આજ્ઞા છે સાધુ રાત્રિભોજન ન કરે. અહીંના વ્યવસ્થાપકે 'અતિથિ દેવો ભવ'નું કર્તવ્ય કર્યું, અમે પરમાત્માની આજ્ઞા શીરે ચઢાવી. ફાયદો એ થયો કે આવનાર આભો



જ બની ગયો. શું રાત્રે પાણી પણ નથી પીતા ? અમે કહ્યું. ૨૪ કલાકમાં માત્ર એકવાર જ ભોજન લેવાનું હોય એ સિવાય ચાય, દૂધ, ફળ, ફ્રુટ કંઈ જ લેવાનું નહીં. એ તો બેસી જ ગયો. નામ એનું 'ગુરૂચરણદાસ'. અમારી વાત સાંભળીને તેને માનવામાં નતું આવતું કે આ જૈન સાધુ સાચુ બોલે છે કે ખોટું. તેણે કહ્યું 'बाबा ! आप गुजरात से पैदल आये हो और एक ही बार प्रसाद ग्रहण करते हो, ये तो अच्छी बात है, परंतु रात्रि भोजन नहीं करते और पानी भी नहीं पीना, ये कैसे हो सकता है ?' અમે કહ્યું, 'जैन धर्म में भगवान महावीर ने हम सबको यही आज्ञा दी है । मात्र जैन धर्म ही क्यों, हिंदु शास्त्रों में भी रात्रि भोजन का निषेध है । आप तो जानते ही होंगे 'मार्तन्डेय पुराण' में साफ-साफ लिखा है -

**अस्तंगते दिवानाये, आपो रुधिरेत्युच्यते ।**
**अन्नंमांसासनं मुक्तं मार्तण्डेय महर्षिणा ॥**

अर्थ : सूर्यास्त के बाद पानी पीना खून पीने बराबर है और भोजन करना मांस खाने समान

**जहाँ वृक्ष के तने पर भी पौधे उगते हैं ।**
**ऐसे बिहड़ हिमालयी वन में**
**मानव संचार तो है ही नहीं,**
**परंतु, आज जैन साधु**
**इस रास्ते से आगे बढ़ रहे है ।**



है, अतः साधक सनातनी लोग रात्रि भोजन न करें।

हाँ ! हाँ ! बात तो सही है, हमारे यहाँ यज्ञ याग आदि विशेष अनुष्ठान होता है, तो रात्रि भोजन का त्याग आवश्यक होता है, परंतु हम तो कुछ दिन ही ये निमय रखते हैं और आप पूरा जीवन।

**हे वनवृक्षों !**
**मेरे प्यारे प्रभु को आपने देखा है ?**
**इसी हिमालयी वनों में**
**मेरे ऋषभ कई बार पधारे हैं...**
**हिमालय का भयानक जंगल**
**हमारा मार्ग यहीं से था।**



અમે વાતને વાળતા પૂછ્યું, 'आप कहाँ से हो ? जी ! मैं तो यु.पी. का रहनेवाला हूँ, बाबा ने यहाँ बुला लिया, सेवा करता हूँ। અમે પૂછ્યું, 'यहाँ तो कई साधु महात्मा आते होंगे ?

हाँ आते हैं, चले जाते हैं... कहाँ से आते हैं, कहाँ चले जाते है, पता नहीं ?

અમે કહ્યું - हिमालय की वनस्पतियों के प्रभाव की कुछ बात याद आती हो तो बताओ। वैसे

**चीड़ के ऊँचे वन से गुजरता यह रोड पैदल यात्रा में रंग ला देता है।**



तो हिमालय औषधियों का भंडार है। हर एक पेड़-पौधा यहाँ दिव्य वनस्पति है। आज कल किसी को जानकारी नहीं है, कुछ पुराने साधु जानते हैं।

आपके कभी उनसे जाना हो...

आ एक बाबा आये थे, दिखने में तो कोई पहाड़ी इलाके के दशनामी साधु लग रहे थे।

**वातावरण**
**ठंडा - ठंडा**
**cool cool है**
**सूरज की सुहानी किरणें**
**मन को भाती हैं।**



उन्होंने बड़े बाबा के पास एक दिव्य वनस्पति का जिक्र किया था ।

क्या था...

वो बता रहे थे कि हिमालय के पूर्वी क्षेत्र में एक पौधा होता है, तीन साढ़े तीन फिट ऊँचा, उनमें पत्ते नहीं होते। सिर्फ पतली-पतली डालियाँ होती है । वो औषधि के आस-पास बरफ नहीं होता, पिघल जाता है । वनस्पती इतनी गरम होती है। पहली बात तो मैंने भी सोचा पेड़-पौधा इतना गरम होता है क्या और बरफ को पिघाल दे वह भी हिमालय में, यकिन ही नहीं हुआ परंतु। हिमालय बाबा के इस भंडार में सब कुछ मुमकिन है ।

અમે કહ્યું -परंतु बाबाजी ! वनस्पति का स्पर्श कभी गरम नहीं होता, अभी तक तो हमने नहीं सुना कभी ।

**हिमालयी हरीयारे घने जंगल में यात्रा करनी जिंदगी का आह्लादक एहसास है ।**



એમણે કહ્યું - 'मैंने भी सही सुना था, परंतु जिस दिन वो औषधि मैंने देखी तब तो मानना पड़ा।

अच्छा तो आपने अपनी आंखों से देखी है क्या ?

हा... बाबा तो चले गये कहकर, परंतु मेरे मन में से वो नहीं गई। मैं अकेला चल पड़ा।

**उपर, हिम शिखर**
**नीचे देवदार वृक्ष की चोटी,**
**नीचे गंगा हिमालय का**
**हर एक दृश्य शानदार है।**



आखिर है क्या चीज। बहुत ढूंढने पर मिल ही गई। बाबा ने कहा था ना जहाँ ये औषधि होगी वहाँ बरफ पिघला हुआ होगा। खोजना तो आसान था। बाबाजी ! आपको यकिन कैसे दिलाउं उन वनस्पति को छूकर मेरी चीलम जलाई थी। चीलम तो जल गई। परंतु, मैं उसे ले नहीं पाया। मैं वापस अपने आश्रम में लौटा।

**आज तो हिमालयी अरण्य ने नया रुप लिया है। बादलों के बीच वन-उपवन**



गुरुजी को पता चलने पर उन्होंने डांटा... अरे ! तुम इधर उधर मत भागो... ये विश्व ही एक चमत्कार है। क्या करोगे उन औषधि का। फिर मैंने कभी उसको याद नहीं किया। आज बात में से बात निकल ही गई तो आपसे क्या छिपाना।

અમે કહ્યું - बाबाजी बात तो ठीक कह रहे हो। हिमालय की लीला अजीब है। अच्छा लगा

**सौंदर्य का सागर**
**जिसको देखते आँखे थकती नहीं,**
**मन तृप्त नहीं होता,**
**रोम-रोम पुलकित होता है।**



श्वेत शिखर हिमालय
का एक दृश्य

आपसे मिलकर, वापस आयेंगे तब और आपसे हिमालय की बात सुनेंगे ।

ગુરુચરણજી ! ઉઠ્યા ! છેલ્લે કામકાજ હોય તો કરવાનું કહીને ગયા. હું તો હિમાલયની પેલી ગરમ વનસ્પતીમાં ખોવાઈ ગયો. કેવી હશે તે ઔષધિ...

સાચ્ચે જ હિમાલયને આપણે જેટલા જાણતા જઈએને તેટલાજ વધારે અજાણ થતા જઈએ.



વળી જમવા ગયા ત્યાં રાજુ, લાભભાઈએ સાધુ જીવનનું વધારે જ્ઞાન આપ્યું. કોઈ પણ વિશેષ પ્રસંગ વિના રાત વીતિ ગઈ, સામે જ ગંગાનો અવિરત ઘોષ ચાલું હતો. સાંજે ૧૪ કિ.મી.નો વિહાર કર્યો હતો. શરીર ગરમ થઈ ગયું હતું. સાંજે પ્રતિક્રમણ પછી તો બધુ ઠંડુ થઈ ગયું. વાતાવરણ તો ઠંડુ હતું જ. પણ સહન થાય તેવુ જ. ઘણું નથી. કહેવાય છે ગંગા હિમાલયથી નિકળીને પૂર્વ દિશા તરફ વહે છે, પણ ઉત્તરકાશીમાં ગંગા ઉત્તર દિશામાં વહે છે.

**हमारा रात्रि विश्राम स्थल । आसपास ५० कि.मी. में कोई गाँव नहीं है ।**



## મનેરી

### જેઠ સુદ ૩, શુક્રવાર, તા. ૧૮.૦૫.૨૦૧૮

યમુના કાંઠે બેસવાની એટલી મજા ન આવે જેટલી ગંગાકિનારે બેસવાની મજા આવે. અમે તો નક્કી જ કર્યું દૈનિક જાપ, ધ્યાન, પરમાત્માના દર્શન આદિ સવારે વિહારમાં ચાલતા ચાલતા ગંગાનો સારો કિનારો આવે તે પર બેસીને જ કરી લેવું અને એમ જ કરતાં લગભગ દોઢ કલાક સાવ

**धरती के मानव आसमान को छुते हैं, तो, आसमान के बादल धरती पर क्यों न आयें। पर्वत की चोटी से इन बादलों का पुराना रिश्ता है। आज बादलों का पूरा परिवार पर्वत राज के घर आया है।**



ગંગાકિનારે બેસી આરાધના થતી. બંને કાંઠે ઉંચા પહાડો હોય નીચે ગંગાનો ધવલ કિનારો હોય, ખળખળ ખળખળ ગંગાજળ દોડી જતું હોય. આછો આછો તડકો હોય અને પરમાત્મા સાક્ષાત્ બિરાજમાન હોય, ત્યારે આસન જમાવીને આરાધના કરવાનો લ્હાવો જેવો તેવો નથી. દુન્વઈ દુનિયાના દૂષણોથી સાવ દૂર દિવ્ય પ્રદેશમાં મહાલવાનો આનંદ અનેરો હોય છે. અહીં કોઈ અમને શાતા પૂછવા વાળું નથી. કોઈ ડીસ્ટર્બ કરવા વાળું નથી. બસ અમે અને અમારા પ્રભુ અને આ ગંગા.

**जहाँ देवकन्या आकर क्रीडा करती है। वैसी, हिमालय की मनोरम भूमि**



ત્રણેયે એક-મેક થઈ જવાનું. વિહારમાં ભલે ૧૦-૧૧ કે ૧૨ વાગે પહોંચાય, કોઈ ઉતાવળ નહીં. આરામથી ધીરે ધીરે મહાલતા મહાલતા આગળ વધી જઈએ.

આજે તો ૧૩ કિ.મી.નો વિહાર હતો. સારું તો એ થયું કે રોડ શરૂવાતમાં થોડો ઉપર ચઢીને પછી સમતલ ચાલવા લાગ્યો. થોડો ચઢે તો પાછો થોડો ઉતરી જાય. ગંગાથી એક નિશ્ચિત ઉંચાઈ પર આગળ વધી રહ્યો. ગંગા પણ ધીરે ધીરે જ તો ઉપર જતી હતી, અમે પણ.

**चलो, थोड़ा गरम हो जाये...**
**बड़ी मुश्किल से आज,**
**सूर्यनारायण दिखे हैं।**



गंगा
और गंगातट के
भूग्याल पर
एक छोटा गाँव

ચારે બાજુ મનભાવન વૃક્ષોનું જંગલ એકલતાને વધુ ઘેરી કરતું હતું. સવારે કંઈ એટલી બધી ટ્રાફિક ન હોય. યાત્રિકો નીકળે ત્યાં તો અમારો અડધો વિહાર થઈ ગયો હોય.

મનેરી ૧ કિ.મી. બાકી હતું ત્યાં ગંગા પર નાનકડો ડેમ આવ્યો. એ પછી થોડું ચાલ્યા ત્યાં મનેરી આવ્યું. ગામ તો શું કહેવાય, ૩-૪ હોટલો, ૨-૩ દુકાન, ૭-૮ ઘરો, ગામ પુરૂં. અમે પણ એક હોટલની છત ઉપર પતરાના શેડમાં આજ રોકાયા. વાતાવરણ ઠંડુ હતું. ઉપર પતરા તપી ગયા



હતા. પાછળ ગંગાનો વિશાળ પટ પથરાયેલો હતો. શેડની બહાર ખુલ્લી અગાશી પર બેસીને એક તરફ ગંગા અને ચારે બાજુ ઉત્તુંગશિખરોમય ગિરિમાળાને માણતા માણતા આ લખાઈ રહ્યું છે. આ બિચારી કલમની શું શક્તિ કે સૃષ્ટિના સામ્રાજ્યને પોતાના પાંગળા શબ્દોમાં ઢાળી શકે. સૃષ્ટિનો એક ખુણો પણ વાસ્તવિક રીતે લખી શકાય તેમ નથી. કોઈ કુશળ ચિત્રકાર આવીને ચીતરી જાય તો પણ એ શક્ય નથી કે વાસ્તવિકતા ઉભી કરી શકે. દેવભૂમિ ખરેખર દેવભૂમિ છે. આખી દુનિયામાં ક્યાંય આવી ધરતી જોવા ન મળે.

सुंदर ही सत्य है, सुंदर ही शिव है,
सुंदर ही सुंदर है...
जहाँ सूरज भी बर्फ बनकर बिखरता है,
जहाँ आसमान के बादल धरती पर सैर करते हैं।
वो है हिमालय सुंदरता का साक्षात्कार।



આપણે ચોથા આરામાં ચાલ્યા જઈએ કે મહાવિદેહમાં પહોંચી જઈએ, પણ આ ધરતી પકડી રાખે છે. જેમ બંધ આંખે ધ્યાન કરવાની રીત છે, તેમ ખુલ્લી આંખે પણ ધ્યાન કરવાની રીત છે. અહીં ખુલ્લી આંખે ધ્યાન કરવા માટે અતિ ઉત્તમ ક્ષેત્ર છે. બંધ આંખે ધ્યાન કરવાવાળાને તો કોઈ ચાર દિવાલની વચ્ચે બેસાડી દો તો ય કંઈ વાંધો નહીં. પણ આ નિસર્ગમાં ખોવાઈ જવાનું ધ્યાન તો કોઈ વિરલા માણી શકે.

**इन निबिड वनों में चलना**
**खतरे से खाली नहीं ।**
**भगवान और गुरु के आशीर्वाद से**
**ही शक्ति है, सुरक्षा है ।**



હિમાલયમાં વિહાર કરવાની એક અલગારી મોજ છે. કુદરતના ખોળે આનંદનો વાસ્તવિક અહેસાસ થાય. જો કે એવું લાગે ધર્મ અને કુદરત બન્ને એક જ વસ્તુના બે નામ છે. કુદરત એટલે સ્વાભાવિક અર્થાત્ પોતાના સ્વભાવમાં રહેવું. સમસ્ત શ્રૃષ્ટી પોતાના સ્વભાવ મુજબ ઉદયપામે છે, રહે છે અને વિલય પામે છે.

આ ક્રમ અનાદિ અનંતકાળથી ચાલ્યો આવે છે અને ચાલતો રહેશે. કુદરતી દ્રવ્યો પોતાના જ સ્વભાવમાં રહી સકલ સૃષ્ટીનું વ્યવસ્થાપન કરે છે. ભલે તે પહાડ હોય કે પત્થર. નદી હોય કે જંગલ, રણ હોય કે ઝરણ, આકાશ-ધરતી-સૂરજ-

**अगोचर विश्व**
**अगोचर मानवी**



अखरोट के पेड़ पर
छोटे-छोटे फल लगे हैं।

ચાંદો-તારા-નક્ષત્રગણ-સમય-ઋતુ બધુ જ પોતાના સ્વભાવ મુજબ ચાલે છે. તેમાં થોડો પણ વિક્ષેપ પડે તો સૃષ્ટીનું સંતુલન ખોરવાઈ જાય અને મહાઅનર્થ થાય. પણ એવું બહું ઓછું બને. બસ, તેના જેવી જ વાત આત્માની છે. આત્મા પણ પોતાના સ્વભાવમાં રહેજો અનંત ગુણોને પ્રગટ કરવા સમર્થ બને, પણ આત્મા પોતાના સ્વભાવને છોડીને અન્ય અન્ય ઉપાધિઓમાં ભટકતો રહે... વિભાવમાં રચ્યો પચ્યો રહે તો અનર્થ થાય થાય ને થાય જ.



**अलौकिक वन,**
**अलौकिक यात्रा...**

જૈન ધર્મની સાધના એ આત્માને પોતાના સ્વભાવમાં લાવવાની જ તો પ્રક્રિયા છે. હિમાલયનો અણું અણું આપણને ઉપદેશ આપે છે કે તમે તમારા સ્વભાવમાં રહો. સ્વભાવમાં રહેવું એ જ સત્ય છે અને એ જ સુંદર છે. એટલે જ તો હિમાલય આટલો સુંદર છે. હિમાલયની એક એક ગીરી કંદરા સુંદરતાનો ભંડાર ભરીને બેઠી છે. એનું એક મજબૂત અને મુખ્ય કારણ એ છે કે તે પોતાના સ્વભાવમાં રહે છે.



હમણા હમણા 'પોઝેટીવ થીંક ડેવલપમેન્ટ' 'ડિપ મેડીટેશન' 'શૂન્ય ધ્યાન' અથવા મનને શાંત કરવા કેટલીય ધ્યાન શિબિરોનું આયોજન થાય છે. તેમાં જ્યારે ધ્યાનમાં આસન લગાવીને બેસાડ્યા પછી મનમાં આવું વિચારવાનું કહે, 'તમે દરિયા કિનારે છો કે નિર્જન વનમાં છો.' તમે નદીનો કલકલ મધુર નાદ સાંભળી રહ્યા છો. તમારૂં મન શાંત થઈ રહ્યું છે.'' આવા ઘણી બધી જાતના વાક્યો બોલી-બોલીને ચાર દિવાલની વચ્ચે પુરાયલા માણસના મનને આવું સુંદર સપનું

बहुत दूर गंगा का
मन लुभावन दृश्य
चीड़ के वन में वन विहार



વિચારવાનું કહેવામાં આવે. અને આશ્ચર્ય તો તે છે કે બધા આસન લગાવીને તેવું વિચારે પણ ખરા. અને તેનાથી માની લે કે - હારુ ! આપણું મન શાંત થઈ ગયું. મજા આવી ગઈ. ધ્યાન સફળ પણ પાછા ઘરના વાતાવરણમાં પરોવાય એટલે એ વિચારેલું હવા થઈ જાય. આવોને વાસ્તવિક દુનિયામાં ખોટા ખોટા ધ્યાનમાં બેસીને ખોટા ખોટા કુદરતી દૃશ્યો જોવા અને આનંદ માની લેવો. એ કરતા તો આવો હિમાલયમાં મનની શાંતિ નહી, આત્માની શાંતિનો અનુભવ થશે. અહીં કોઈ કલ્પના કરવાની

**जाये तो कहाँ जाये ?**
**रास्ता भटक गये हैं,**
**पूछे तो किसको पूछे ?**
**ये पेड़-पौधे-पत्थर**
**बोलने से अटक गये हैं ।**



જરૂર નથી. ખોટું ખોટું મોબાઈલમાં સંગીત વગાડવાની જરૂર નથી. અહીં બધું જ સહજ સંગીતમય છે. અરે હિમાલયનો અણું અણું અનુપમ સંગીતની રસધાર છે. અહીં બધુ અસલી છે. નકલી કંઈ નથી. આવો અહીં. જુઓ બેસશો ત્યાં તમને અનંત આનંદ સ્પંદનોનો સ્પર્શ થશે. આ અનુભવ માત્ર અમારો નથી, પણ અમારા પહેલા આવેલા હજારો લાખો કરોડો અસંખ્ય સાધકોનો છે. વાસ્તવિકતાથી આંખ આડા કાન કરવા જેવા નથી.

**पथ देखो पथिक देखो,**
**पत्ते देखो पत्थर देखो,**
**ऐसे भयानक जंगल में**
**हिमालय में आगे बढ़ रही यात्रा**
**धन्य जैन साधु तुम्हें...**



કેટલાક એવા પણ સાધકો આજ કાલ જોવા મળી રહ્યા છે. 'માત્ર પુસ્તકો વાંચ વાંચ કરતા રહે.' ચોવીસ કલાક માથું પુસ્તકોમાં હોય. એ પુસ્તકોથી પ્રાપ્ત થએલા જ્ઞાનથી પોતાને જ મુંઝવણમાં મુકાઈ જાય છે. એક સાથે સેંકડો ઉપાયો તેમના મનમાં ઘુમરાયા કરતા હોય. કોઈ પણ એક સાધન લઈ સાધનામાં આગળ વધે ત્યાં બીજા સાધનો વધુ સારા લાગે. પછી બીજા સાધનોમાં મનની શાંતિ શોધવાનો પ્રયત્ન કરે, ત્યાં ત્રીજામાં મન જાય.

चीड़ के वन में तनिक विश्राम



પુસ્તકો વાંચી વાંચીને જ જો સાધનામાં આગળ વધાતું હોય તો ગુરૂનું શું કામ છે ?

આત્મિક આનંદ તો આત્માની અનુભૂતિ છે. અને તે પુસ્તક વાંચવાથી મળે એવી માન્યતા કેટલી સાચી છે તે વિચારવું.

શત્રુંજય - ગિરનાર - પાવાપુરી જેવા હજારો પવિત્ર તમ તીર્થ સ્થળો આપણી પાસે છે. ત્યાં જઈને થોડો સમય રોકાઈને 'અંદર' ઉતરી શકાય. તેમાંય હિમાલયની વાત જ ન્યારી અહીં બધું સહજ છે. સહજ બનવું પણ સહજ છે.

एक वृक्ष
जैसे... लगता है
हजार हाथवाला पीशाच...



પૂર્વકાળમાં મહાપુરૂષો જંગલમાં જ રહેતા. જેને સંસ્કૃતિના આદિ તીર્થંકર શ્રી ઋષભદેવથી લઈ મહાવીરસ્વામી સુધી તમામ તીર્થંકરોએ વનવાસ સ્વીકાર્યો છે. તેમના સાધુઓએ પણ એજ માર્ગ અપનાવ્યો છે. ભગવાન મહાવીર પ્રભુના છદમસ્થકાળની વાતોથી આ વાત વધારે સ્પષ્ટ થશે. એ પછી પણ વર્ષો સુધી આ પરંપરા ચાલી. તેમાય પરિહાર વિશુદ્ધિતપના તપસ્વીઓ અને જિનકલ્પીઓને તો જંગલમાં જ રહેવાની વાત જૈન શાસ્ત્રોમાં બતાવેલી છે. શા માટે જંગલ... પહાડ... ગુફાઓ...માં

जहाँ सूरज की रोशनी का
आना बड़ा मुश्किल है।
ऐसे गहरे अंधेरे वन से
गुजरते हैं हिमालय के पथिक।
यहाँ निर्भयता की परीक्षा होती है।



રહેવું ?

વાત વળીને પાછી આવી જેટલા કુદરતની નજીક રહેવાય તેટલી વધુ નિર્મળતા આવે. સતત કુદરતના ખોળે મહાલવાનું સૌભાગ્ય મળવું મુશ્કેલ છે.

અમે હિમાલયમાં વિચરી રહ્યા છીએ. તમે આ ફોટો જોઈને વિચાર કરી શકો કેવા ભયાનક વનમાંથી વિહાર કરવાનો હોય. રસ્તો પણ જુઓ. પત્થરો પર ચાલવાનું હોય. ગમે ત્યારે ગમે ત્યાંથી કોઈ પણ જંગલી જાનવર આવી શકે. પણ આનંદના લોઢ ઉછળતા હોય એ આનંદને શબ્દોમાં ઢાળી શકાય તેમ નથી.

**चार दिवारों के बीच तो**
**रहना ही है।**
**थोड़ा बाहर जाकर तो झांको।**



हर्षील गाँव में
भारतीय सेना की छावणी

## ગંગનાની

### જેઠ સુદ ૫, શનિવાર, તા. ૧૯.૦૫.૨૦૧૮

સાંજે ગંગનાની આવ્યા છીએ. વિહાર તો ૫ કિ.મી.નો થયો. સાંજે વરસાદ ખૂબ આવ્યો હતો. ૪ વાગ્યે વિહાર માટે તૈયાર થયા અને ''મહારાજ'' પધાર્યા. ''એ'' આવે તો આપણે ક્યાંય જવાય નહીં ને ? છેલ્લે છ વાગે મેઘરાજ સ્વસ્થાને પધાર્યા, ત્યારે અમે છુટા થયા. કેટલાક વગર બોલાવેલા



મહેમાન ખોટા સમયે આવી જાય એવી લાગણી આજના વરસાદે અમારી અંદર જન્માવી ૬ વાગ્યે સાંજે નીકળ્યા સવા ૭ સુધી ગરમ પાણીના કુંડવાળા આશ્રમેં પહોંચી ગયા. જતા જ ગિરનારી બાબાએ બધી વ્યવસ્થા કરી આપી. અહીં જમીનમાંથી ગરમ પાણી સતત નીકળ્યા જ કરે છે. લગભગ ૬૫° ડીગ્રી જેટલું ગરમ કહેવાય છે. હિમાલયના ચારે તીર્થસ્થાનોમાં ગરમ પાણીનું ઝરણું છે. ગંગોત્રીનું ગરમ પાણી અહીં છે. બાબાના કહેવા પ્રમાણે અસલી ગંગોત્રી અહીં છે. જે હોય તે.

थोड़ा गौर से देखो
दुर्गम पहाड़ीयों के बीच
जैन साधु की पैदल यात्रा
दूर रास्ते पर दो मुनि आगे बढ़ रहे हैं।



हिमालयी गाँव
और
छोटे-छोटे खेत

ગિરનારી બાબા ગુજરાતમાં ઘણું ફરેલા એટલે જૈન સાધુનો આછો પાતળો પરિચય ખરો. ભોજન માટે ઘણો આગ્રહ કર્યો પણ રાત પડી ગઈ હતી. અન્ય કંઈ પણ વ્યવસ્થા માટે વિનંતી કરી. રાત્રે અમારે કંઈ આવશ્યકતા પડી નહીં. અહીં પારાશર ઋષિનું મંદિર છે, એટલે કે કુંવારી મત્સ્યકન્યા સત્યવતીના પતિ અને મહાભારતના રચનાકાર વ્યાસજીના પિતા પારાશર ઋષિએ અહીં સાધના કરી હતી એવું કહેવાય છે. લાભભાઈ ઉતારાની વ્યવસ્થામાં ગોઠવાએલાં છે. અમારે ઘડીક બેસવું પડે તેમ છે. એક



જુદા બાકડા ઉપર અમે અમારૂં આસન ગોઠવ્યું. અમેં ડુંગરની ધારે બાબાના આશ્રમમાં રોડથી લગભગ ૫૦ ફૂટ ઉપર ઉંચાઈએ બેઠા છીએ. સૂરજમા'રાજ તો ક્યારના આભની અટારીએથી આગળ વધી આકાશે અડતા ઉંચા હિમાલયના શિખરોની પાછળ અલોપ થઈ ગયો છે. અવનિ પર અંધકારના ઓળા ઉતરવાને વાર નથી. આથમણા ગિરિ શિખરોની આસપાસ સંધ્યાની આભાના રંગો ઓસરીને આછા થઈ ગયા છે. છેલ્લું અજવાળીયું પણ જવાની તૈયારીમાં છે. માથા ઉપર આકાશી તારાનો





મલકાટ જરા તરા જોઈ શકાય છે. જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી ઉંચી પર્વતમાળા પણ રાતના અંધકારમાં આંગળવા માંડી છે. ત્યાં અચાનક આકાશમાં આશ્ચર્ય ઉત્પન્ન થયું. પરાણે નજરો ખેંચાય તેવા તેજ પુંજને આકાશમાં દૂર જતો જોયો. શું હશે તે ? ક્યાંથી આવે છે તે તેજપૂંજ ? ક્યાં જાય છે ? આ સમયે કેમ ? આવા તો હજાર પ્રશ્નો અમારા મગજમાં દોડી ગયા, પણ અમે તેના જવાબ શોધીએ ત્યાં તો ત્વરિત ગતિએ એ તેજપુંજ આભે ટેકા દઈને ઉભેલા હિમશિખરોની પાછળ અદશ્ય



થઈ ગયો. અદ્‌ભુત આશ્ચર્ય માનસપટથી દૂર થાય એ પહેલા તો વધારે ઘેરૂં થતું ગયું. સાથે રહેલ મુનિમંડલ તો આનંદમાં ગરકાવ થઈ ગયો. શું હશે તે ? પણ કોને પૂછવું ? શું પૂછવું ?

હિમાલયમાં આવા આશ્ચર્યકારી પ્રસંગોનો પાર નથી. દિવસ ઉગે ને આશ્ચર્યોની શ્રૃંખલાનું નિર્માણ થાય. પણ આસપાસ ગામડાની લોકોની પાસે એના કોઈ જવાબ ન હોય. કોઈ બાબાને પૂછીએ તો એક જ જવાબ મલે. 'યે તો હિમાલય બાબા કી લીલા હૈ, કૌન જાનતા હૈ ઇસકે રહસ્યોં



કો' એમ કહીને વાત ઉપર પૂર્ણ વિરામ મૂકી દે. પ્રશ્ન પ્રશ્ન જ રહે આજ સુધીના અસંખ્ય પ્રશ્નો એમને એમ ચિત્તમાં અચેત થઈને પડ્યા છે. ચેતનવંત હિમાલયને આ પ્રશ્ન પૂછો તો એક જવાબ મળે ઓ માનવપ્રાણીઓ ! હિમાલયને ઓળખવા માટે હિમાલયમાં ઉતરવું પડે. હિમાલયમાં ઓગળવું પડે. હિમાલયની સાથે એકમેક થઈ એકાત્મગત થવું પડે, તો જ સમાધાન થઈ શકે. વિચારોના વહેણમાં આગળ વધી શકાયું નહીં. રાજુ આવી ગયો હતો આમંત્રણ લઈને. પધારો સાહેબ ! અમે ગરમ

**सूरज की किरणें बड़ी मुश्किल से धरती पर पहुंचती है,**
**ऐसे घने जंगल की बाट...**



सहज समाधि
गंगा तट पर

પાણીના કુંડપાસેથી નાનકડા પગથિયા પર ચઢતા ઉપર પહોંચ્યા. ત્યાં સંતકુટીરના હુલામણા નામથી ઓળખાતા એક ઓરડામાં પ્રવેશ કર્યો. ગિરનારી બાબાએ અમારે માટે ચટાઈ જાજમ ઢાબળા જેવા સાધનોની વ્યવસ્થા પહેલે જ કરી રાખી હતી. પણ અમારે તો એના ઉપયોગ વિના જ રાત્રિ વિશ્રામ કરવો હતો. એમજ કર્યું પાથરેલી ચટાઈ અને જાજમને એક તરફ કરી અમે પ્રમાર્જના કરી અમારૂં સ્થાન ગ્રહણ કર્યું.



સંતકુટીર સરસ છે. સાંજે ચાલીને આવ્યા છીએ શરીર ગરમ થઈ ગયું છે, પણ કુટીરમાં આવતા જ ઠંડકનો અનુભવ થયો. પણ આ અનુભવ વધારે સમય સુખદાઈ થઈ શક્યો નહીં. જેમ જેમ શરીરની ગરમી ઓછી થતી ગઈ, તેમ તેમ હિમાલયી ઠંડીનું સામ્રાજ્ય કુટીરમાં ફેલાવા લાગ્યું. કુટીરની બહાર તો ઠંડુ વાતાવરણ જામતું જતું હતું. થોડી વાર થઈ ત્યાં તો ગિરનારી બાબાએ સંતકુટીરમાં પ્રવેશ કરતા જ અભિવાદન કર્યું. 'જય ગિરનારી' અમે વિચાર્યું આ હિમાલયમાં 'જય ગિરનારી' ક્યાંથી. અહીં તો 'જય ગંગે' 'નમો નારાયણ' જેવા શબ્દોથી અભિવાદન થાય છે. કોઈ પણ સંત મહાત્માઓને 'કેમ છો ?' એમ ન પૂછાય. તે તે સંપ્રદાયના સાધુ સંતો માટે અભિવાદનના જુદા જુદા શબ્દો હોય છે. નર્મદા ક્ષેત્રમાં 'હરનર્મદે' કરીને અભિવાદન કરવામાં આવે તો, ગંગાક્ષેત્રમાં 'જય ગંગા મૈયા કી'. ગિરનારમાં 'જય ગિરનારી' તો આબુગિરિમાં 'નમો નારાયણ'. આપણે જૈન સાધુઓ માટે 'શાતામાં છો' કે 'મત્થએણ વંદામિ' તો દિગંબર જૈનોમાં

**कभी धूप, कभी छाँव**
**गंगा जमनी छाया में**
**हिमालय विहरण**



'નમોસ્તુભ્યમ્' આદિ જુદા જુદા સંપ્રદાયના જુદા જુદા અભિવાદન વચનો હોય. પણ હિન્દુ સાધુને 'કેમ છો' એમ તો પૂછાય નહીં.

ગિરનારી બાબાનું પ્રતિ અભિવાદન કર્યું. ત્યાં તો બાબાજી કહે 'अरे बाबाजी ! ये चटाई निकाल क्यों दी ? रात को सब कुछ ठंडा हो जाएगा, नीचे कुछ बिछाइये, चटाई न चले तो पट्टे भी है।' અમે કહ્યું 'અમારી પાસે અમારા ઉપકરણોં છે, તેનો જ ઉપયોગ કરીશું. કદાચ જરૂર પડશે તો

**जब तक लक्ष्य की सिद्धि न हो, रुकेंगे नहीं। मुख पर खुशीयों का सागर लहरा रहा है।**



ઢાળવાનો ઉપયોગ કરશું. તે પછી ભોજનનું આમંત્રણ આપ્યું, પણ જૈન સાધુ રાત્રિ ભોજન કરે નહિં એ વાત એમને યાદ અપાવી. અમે તો પુછ્યું 'बाबाजी ! आप तो रहते हो हिमालय में तो 'गिरनार बाबा' के नाम से कैसे ?' તેમણે કહ્યું 'मैं गुजरात के गिरनार में कई वर्ष रहा हूँ। कुछ वर्ष से यहाँ आया हूँ। गंगा मैया का भजन करता हूँ। आये गये की भक्ति करता हूँ। जब तक हिमालय रहेगा तब तक रहूँगा । बाकी तो मैया की मरजी. आप गुजरात से पैदल चलकर आये हैं। आपकी सेवा

**महाकाल की बेटीयाँ**
**ये कालशिलायें उपर से लुढ़क**
**के आई हैं। यात्रिकों ! सावधान् !**
**इनसे दूर रहो, ये कालीकायें आपके**
**लिये काल न बन जाये।**



करना यानि प्रभु की सेवा करना । आप जैसे साधु इस दुनिया में अब नहीं रहे ।' અમે કહ્યું, 'हमारे भगवान महावीर स्वामी का यही उपदेश है । उन्होंने यही कहा है - साधुओं ! आपको जहाँ भी जाना है पैदल चल कर ही जाना है । वाहन का उपयोग बिलकुल करना नहीं है । साधु छोटे से छोटे व्यक्ति को मार्गदर्शन करेगा ।' ગિરનારી બાબા કહે 'यही तो सबसे अच्छा है, आप पधारे तो आनंद हुआ । आये हो तो दो-चार दिन रुक जाते ।' અમે કહ્યું, 'बाबाजी ! रुकेंगे तो पहुंचेंगे कैसे, चारो धाम होकर दिल्ली पहुंचना है ।' બાબાજી કહ્યું 'तो ठीक है जैसी गंगा मैया की इच्छा ! फिर कभी आओ तो दो-चार दिन यहाँ रहना ।' અમે હકારમાં હલાવીને સમ્મતિ આપી, પણ સાધુ જીવન છે કોણ ક્યારે કયા સ્થાને વિહાર કરવાનો હોય એ તો કોને ખબર ? ભવિષ્ય માટે જેટલું વિચારીએ એવું ન પણ થાય ? જેવી દાદાની ઈચ્છા - બાબાજી વિદાય થયા. રૂમની બહાર આવીને જોયું તો આખું વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું. ઘડીયાલમાં ૧૦

**ये सब ऊपर से आये हुए पत्थर है,**
**यदि किस पर गिरि जाये तो,**
**नीचे वाले को ऊपर भेज देते है...**
**ऊपर यानी ?**
**ऊपर और ऊपर, सबसे उपर**

વાગવામાં થોડીક મિનીટો બાકી હતી. અહીં તો અંધારું થવાની શરૂઆત જ પોણા આઠ-આઠ વાગે થાય. અમે પ્રતિક્રમણ કરીને આવતી કાલે વિહારની પૂર્વ તૈયારીરૂપ સંથારામાં લંબાવ્યું. હિમાલયની શીળી છાયામાં ક્યારે આ દુનિયાથી પરોક્ષ થઈ જવાયું કંઈ ખબર પડી નહીં.

સાંજે ૭. કિ.મી. વિહાર કરી અને ભંડારી ગેસ્ટહાઉસ આવ્યા. ગેસ્ટહાઉસનો માલિક ભાવિક હતો. તરત રૂમ ખોલી આપી. સાધુના આચારની વાતો સાંભળીને ગળગળો થઈ ગયો. એક પણ પૈસો લીધો નહીં. અને ઉપરથી આમંત્રણ આપ્યું કે પાછા અહી જ પધારજો. આ હિમાલયને ટકાવી રાખનાર એવા જ તો ઉદારદિલ વ્યક્તિઓ છે. નહીં તો અહીં તો રોજ નાના ભૂકંપ ચાલુ જ છે. રસ્તે ચાલતા ઉપરથી કાંકરા-માટી કે પથ્થરા પડતા હોય ત્યારે ખબર પડી જાય અંદર કંઈક હલચલ થઈ છે.

રસ્તા પર ચાલતા સૌથી વધારે ધ્યાન રાખવું પડે ઉપરથી પડતા પત્થરોનું. બે-ત્રણ કિ.મી. ચાલીએ ત્યાં પત્થરો પડતા જોવા મળે. ક્યારેક



टनलनुमा
गुफा के रास्ते आगे बढ़ते
मुनिगण



તો આપણાં ઉપર પડી જાય સાવધાનીથી આગળ વધવાનું. ઉપરથી પત્થર પડતા હોય ત્યારે બધા યાત્રિકોએ સાથે ચાલવું નહીં. સૌ ૨૦-૨૦ મીટરના અંતરે ચાલે, જેથી કોઈ ઉપર પત્થર પડતો દેખાય તો તરત જોરથી અવાજ કરે. જેવો અવાજ આવે એટલે દોડવાનું. અમે પણ આ રીતે ધ્યાન રાખતા, ક્યારેક તો એટલો ઝડપથી પત્થર આવે કે દોડવાનો સમય પણ ન રહે. ૮-૧૦ વાર તો હું પત્થરથી બચી ગયો. હું ચાલતો હોઉં અને માત્ર અડધો ફૂટ પાછળ 'ધડામ' કરતો પત્થર પડે. એક ડગલું પણ મોડું થયું હોય તો ? વિચાર કરતા જ મનમાં એક લખલખું આવી જાય. નાના નાના પત્થર માથા ઉપર પડે તો પણ માણસને તમ્મર આવી જાય. આવા મોટા પત્થર પડે તો તો 'પત્થર નીચે અને માણસ ઉપર'. મોટા પત્થરો એકલા તો આવે જ નહીં એ સાથે નાના નાના પત્થરને પણ ભેગા લેતા આવે. જાણે પત્થરોનો નાનકડો વરસાદ. જોકે આંખ કરતા કાનને વધારે સાવધ રાખવા પડે. આંખો તો રોડ, વાહનો, ઉંડી ખીણનું ધ્યાન રાખે, પણ કાન તો ઉપરથી કોઈ

**पर्वतों से आर-पार होने के लिये ऐसी टनल में भी चलना होता है।**



પત્થર ગગડતો આવતો નથી ને ? એનું સતત ધ્યાન રાખે. હિમાલય યાત્રામાં સુરક્ષા માટે આંખ અને કાન આ બન્ને ઈન્દ્રિયોં વધુ સતેજ અને સતર્ક જોઈએ. જોકે એ વાત ભૂલવા જેવી નથી હિમાલયમાં આવનારા યાત્રિક ગમે તેટલી તૈયારી કરીને યાત્રા કરતો હોય, પણ કોઈક અદૃશ્ય શક્તિની સહાયતા ન હોય તો આ યાત્રા શક્ય નથી. પહેલા જ દિવસથી અમારી સાથે એવા અણગમતા વિઘ્ન કરતા પ્રસંગો બનતા રહે છે. અમારી યાત્રાને અટકાવવા પ્રયત્ન કરતા કુદરતી વિઘ્નોની વચ્ચે અમે સાવ

अपने आसन पर
बैठे-बैठे ही दूर हिमालय
को निहारना यादगार पल है ।



સાજા નરવા નિશ્ચિંત પણે આગળ વધી રહ્યા છીએ. કારણ કે અમને ખબર છે અમારા હૃદયમાં 'જેણે' આ હિમાલય યાત્રા કરવાનો વિચાર મૂક્યો છે તે જ અમને 'અહીં' સુધી સુરક્ષિત લાવ્યા છે. અને 'તેને' જ અમારી સુરક્ષાની ચિંતા કરવાની છે અને 'તે' જ અમારી યાત્રા કરાવશે. અમારે ચિંતા શાની ? બીજા દિવસે સમયસર અમે નીકળ્યા, બાબાજીએ પાછા પધારવાનું આમંત્રણ આપ્યું. અમે આગળ વધ્યા.

હવે જ અમારી ખરેખરી પરીક્ષા હતી. આટલા દિવસ તો રસ્તો સામાન્ય ચઢાણવાળો કે સમતલ આવતો. આજ તો મજા કરાવી દીધી. સતત ઉભું ચઢાણ ૪ કિ.મી. ચાલતા તો હાંફી ગયા. પણ એક વાત હજુ સારી હતી. ગંગા સાંકડી અને ઉંડી થતી ગઈ. મોટા મોટા તોતિંગ પહાડો એકદમ નજીક આવી ગયા. વનસ્પતિ જગત સાવ બદલાઈ ગયું. ગંગનાની પહેલા જે વનસ્પતિઓ જોવા મળી. એનાથી સાવ જુદી જ અહીં જોવા મળી અને જાતજાતના ભાતભાતના છોડવા જોવા મળ્યા. ચીડ ઓછા થઈ ગયા છે. ગંગનાનીથી

**मेरुपर्वत के ऊपर भगवान महावीरजी का जब जन्माभिषेक हुआ था, तब ऐसे ही दूग्धधारायें निकली होगी न ?**

***- श्वेत जल की सहस्त्रधारा***



આગળ ચાલતા અંધારું વધી ગયું. એટલે કે પહાડો એટલા પાસે હોય કે માત્ર મધ્યાન્હ સમયે જ સૂર્ય ધરતી પર પધારે બાકી નગશ્રેણીની પાછળ પાછળ ચાલ્યા કરે. ઈશત્શ્યામદ્યુતી સૂર્યની આભામાં સવાર સાંજ ચાલવાનું થતું. એક તરફ અડીખમ ઉભા ઉત્તુંગ પહાડ વચ્ચે નાની-ઉંડી ગંગા, વધારે ઘેરા અવાજે ડુંગરા ગજવતી નીકળતી હતી અને બાજુમાં આ રોડ અમને આગળ વધારી રહ્યો હતો. ૪ કિ.મી. ચાલ્યા પછી ૨ કિ.મી. સતત ઉતરાણ આવ્યું. છેક ગંગાની સાથે માર્ગ એક થઈ ગયો. અમારે ગંગા પાર કરવાની હતી. ગંગા પર પુલ બાંધેલ. એ પાર કરીને પાછું નીચે ઉતરવાનો જાણે બદલો લેતા હોય તે રીતે સતત ૬ કિ.મી. સુધી ઊંચું ચઢાણ ચઢીને એવા તો થાકી ગયા કે જાણે પગ 'એકી-બેકી' રમવા લાગ્યા. આગળ તો હવે ચલાય તેમ જ નથી. ત્યાં એક 'ગંગા દર્શન' કરીને સ્થાન આવ્યું. ત્યાં જ આજના ડેરા તંબુ નાખ્યા. જોકે આ રેસ્ટ હાઊસ પણ નથી અને રિસોર્ટ પણ નથી. પહેલા કોઈ રોડનું કામ કરનારાઓ માટે પાર્ટીશનના રૂમો બનાવેલા છે તે આજે જેમ

हिमशिखर

ના તેમ છે. તેમાં જ રહ્યા. આગળ જવાના રોડ પર નજર કરી તો આંખો બહાર આવી ગઈ. હજુ ૮ કિ.મી. સુધી તો સામેના ડુંગર ઉપર રોડ દેખાતો હતો. ખરેખર ગંગા બહુ જબરી નીકળી. પહેલા તો ધીરે ધીરે પંપાળી પંપાળીને ચલાવ્યા અને જ્યારે લાગ્યું હવે 'બાપુ' ક્યાંય જઈ શકે એમ નથી, ત્યારે ચારે બાજુ મોટા મોટા ડુંગરોમાં અમને ભીંસીને બેસી ગઈ. અમે ક્યાં જઈએ? ફરજીયાત આગળ વધવું જ રહ્યું. પણ ગંગનાની પછી હિમાલયની વનસ્પતિનો ભંડાર ખુલી જાય છે. અરે એક તો પૂંછડીવાળું ફુલ જોયું. આશ્ચર્ય થાય. આ તો એક, બાકી બધી વનસ્પતિઓની સમજ આપવા બેસીએ તો વર્ષોના વર્ષો લાગે. એ માટે તો અહીં આવવું જ રહ્યું. વિવિધ વનસ્પતિના ઝાડ, પાન, વેલા, ફળ-ફૂલ બધુ જુદી જાતનું જુદી ભાતનું જુદા કલરનું. મેદાની ક્ષેત્રમાં ક્યાંય આવા વૃક્ષ-વેલા જોવા ન મળે. કદાચ આમાંજ ક્યાંક સંજીવની હશે. દૈનિક કાર્યક્રમને ન્યાય આપી અમે સાંજે આગળ વધ્યા. ૮ કિ.મી. ડુંગર ઉપર 'સુખીટોપ' પહોંચવાનું છે. જે હોય તે ચાલવું તો પડશે. આદીશ્વર દાદાની 'જય' બોલાવી અમે નિકળ્યા. હજુ તો મુખ્ય દ્વારમાંથી બહાર નિકળીએ ત્યાજ કેટલાક બાવાઓ ઉપરથી કાચા રસ્તે આવતા દેખાયા. આનો સીધો મતલબ એ હતો કે ઉપર ચઢવા માટે કાચો રસ્તો છે. કાચો રસ્તો હશે તો તે ટૂંકો જ હશે. પૂછપરછ કરતા અમારું અનુમાન સાચું નિકળ્યું. માત્ર ૩ કિ.મી.માં તો છેક સુખીગામ પહોંચી ગયા. એ જ અમારી સદાની સાથી 'છફૂટી' અમને સુખીગામમાં સુખપૂર્વક પહોંચાડી દીધા. ઘડિયાળમાં હજી તો ૫ વાગ્યા હતા. ડુંગરની પહેલી પા જોયું તો રોડ તો પાછો છેક ગંગાકઠિ નીચે ઉતરીને ગંગાને પાર કરીને સામેના પહાડમાં આગળ વધી રહ્યો છે. આ રોડ અને ગંગાની સાથે સંતાકુકડી રમતા અમને મજા પડી. 'રોડ ! તારે જ્યાં જવું હોય ત્યાં જા. જેટલું લાંબુ થવું હોય એટલું થા. અમે ભલા ને અમારી 'છફૂટી' ભલી.' હમણા અમે સુખી ગામના ઉંચા શિખરની ટોચ ઉપર ઉભા છીએ, જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી દૂર-દૂર મહાકાય પર્વત શ્રેણી પથરાએલી છે. શિખરની ઉંડી તળેટીના સમતળ મેદાનમાં ગંગાની ધવલ ધારા વિસ્તારને ફેલાવી વચ્ચે જાય છે. ચારે બાજુ દેવદારના જંગલથી આચ્છાદિત શિખરોનો શણગાર આંખોને આરામ આપે છે. પગના થાકને નિચોવી નાખે છે. ક્ષિતિજ તરફ નજર ગઈ તો અધધધધ. નભોમંડળની પરિધી ને જાણે ચાંદીના તોરણ બાંધ્યા હોય, તેમ ઝબકારા મારે છે. ૩૬૦° ડીગ્રીમાં આકાશી ગુંબજ દેખાય છે. આ દશ્ય માણવા અમે તો ત્યાં બેસી જ ગયા. પગ ઠેરી ગયા. કદાચ અમે ૧૧૦૦૦ ફૂટની ઉંચાઈએ હઈશું જ. કોઈને અહીંથી આગળ વધવાનું મન જ ન હતું, પણ પેલુ ઝાલા. એ ઝાલા ગામ અમને લલચાવી રહ્યું હતું. છ ફૂટી તો ક્યારનીયે ઉતાવળ કરતી હતી. કહેતી'તી કે 'ચાલોને ! ઝટ પહોંચાડી દઉં. આકાશી અંધારા ઉતરે તે પહેલા તો તમને ઝાલા પહોંચાડી દઉં, તમે અહીંથી ઉતરી જશો પછી અમારા રોજના ચાર પગવાળા મુસાફરો આવશે. ચાલો ચાલો જલ્દી ઉઠો...

અમે કહ્યું છકૂટી બાઈ ! ચાર પગવાળાની ચિંતા નથી. પણ અંધારાની ચિંતા ખરી. પણ ઘડીક બેસવા દે ને ! જવાય છે હવે ! હમણા પહોંચી જઈશું, પણ પેલી છકૂટી તો છકૂટી ભારે જીદ્દી એણે તો અમને લાલચ આપી. 'ચાલો ને જલ્દી... જુઓ તમને સફરજનના મોટા મોટા બગીચા બતાવું. જો અંધારૂં થશેને તમને કંઈ નહીં દેખાય. ચાલો ઉતાવળ કરો. અમે વિચાર્યું શું ખરેખર સફરજનનાં બગીચા છે... તો તો ચાલો પહેલી વાર જોવા મળશે. ચાલવા માટે તૈયાર થઈ ગયા. છકૂટીએ છેવટે અમને ઉઠાડ્યા જ. કાચા રસ્તે માત્ર ૨ કિ.મી.માં તો અમને છેક ગંગા કિનારે ઝાલાગામ લઈને આવી. સાચે જ અમે નીચે ઉતર્યા ત્યાં તો ચારે તરફ સફરજનના બગીચા હતા. નાના નાના લીલુડા સફરજન લાગેલા હતા. પહેલી વખત સફરજનનાં ઝાડ જોવા મળ્યા. જો કે અમારા મનમાં એમજ હતું કે સફરજન તો શિમલામાં જ થાય. પણ અહીં તો નજર સામે હતા. અમે આગળ વધ્યા. રોડ બિચારો ક્યાં જાય તેને પણ ત્યાં જ આવવું પડ્યું. ઘણીવાર મોટા ના કરી શકે એવું કામ નાના કરી શકે. ટોટલ ૫-૬ કિ.મી.નો વિહાર થયો. રોડ ઉપર કિ.મી.ના પથ્થર જોયા તો ૧૩ કિ.મી. રોડ ફરીને આવ્યો હતો. ૭ કિ.મી.નો નેટ નફો અમારા નામે હતો. નાની થઈ જતી ગંગા અહીં તો વિશાળ મેદાનમાં ઉતરી આવી હતી. એક જ મોટા પટમાં મોટી મોટી ૪-૫ ધારાઓમાં બિંદાસ વહયે જાય છે. એને શું પડી છે કોઈની. 'એ ભલી અને એની મસ્તી ભલી' ઝાલામાં રાત્રી વિશ્રામ કર્યો.

હિમાલયમાં ઘણા ઉપર આવી ગયા છીએ. આખું વાતાવરણ ઠંડું ઠંડું છે. શીતાગારમાં ધાબળાના કવચે કંઈક શાતાકારી વાતાવરણ બનાવ્યું પણ હિમાલયની ઠંડી એટલે બહુ 'તીખી'.



सुहानी सुबह

लंका

જેઠ સુદ ૭, સોમવાર, તા. ૨૧.૦૫.૨૦૧૮

હા.... આજે અમે લંકા આવ્યા છીએ. પેલી રાવણ વાળી લંકા નહીં હો. આ લંકાને રાવણ સાથે નાવા નિચોવાનોય સંબંધ નથી. છતા કે લંકા. અમે તો કેટલાય



હરખથી આજે સવારે આગળ વધી રહ્યા હતા. અમારે લંકા પહોંચવાનું હતું ને, કેવી હશે લંકા ? રાવણ હશે તો મળશું. વિભીષણના કોઈ ભાઈ-ભત્રીજાની મુલાકાત થશે. હિમાલયની સુંદરતાનું અમીપાન કરતાં અમે આગળ વધ્યા. લીલી ઝાંય વાળું કાળું જંગલ ચાલુ થઈ ગયું છે. ૫ કિ.મી. ચાલ્યા ત્યાં હર્ષિલ આવ્યું. આર્મી સેન્ટર હોવાથી સૈનિકો

**ऐसे मनभावन वन में**
**चलते-चलते थकान नहीं लगती ।**
**मन करता है,**
**चलते ही रहे अविरत...**



ખૂબ જોવા મળ્યા. ત્યાં વળી હેલીપેડ આવ્યું. કેટલાય હેલિકોપ્ટર ઉતર્યા અને ચઢ્યા. ધરાલી ગામને પાર કરીને તો ખરેખરું જંગલ ચાલુ થયું. માત્ર દેવદાર વૃક્ષનું સામ્રાજ્ય. એક તણખલા જેવું બીજું જોવા મળે નહીં. ઉર્ધ્વદિશા વિના ચારે બાજુ ડબલ ગિરનાર જેવા મોટા પહાડ વચ્ચે મીઠું મીઠું મસ્તીભર્યું હાસ્ય વેરતી શ્વેતવર્ણા મંદાકિની અને

**देवदार वृक्षों की**
**घन घटाओं के बीच**
**हिमालयी यात्रा ।**
**चले पाँव तो मिले गाँव...**



આકાશને થીજવી નાખવા મેદાને પડેલા હિમશિખરો. યાત્રા મંગલમય થઈ ગઈ હતી. રસ્તામાં વચ્ચે ૧-૨ જગ્યાએ શોર્ટકટ આવ્યા. એકાદ કિ.મી. ઓછું થયું. લગભગ ૨૦ કિ.મી. ચાલ્યા પછી માંડ માંડ લંકા આવ્યું. આવીને જોયું તો અહીં લંકાના નામે એક મંદિર અને એક પતરાની બનેલી ઝુંપડી સિવાય કઈ નથી. આજુ બાજુ થોડે દૂર સૈનિકના તંબુ લાગેલા છે. બસ આ જ લંકા. લંકેશ્વર મહાદેવ એકલા અટુલા મંદિર વિનાના ખુલ્લા ઝાડ નીચે બેઠેલા છે. નથી કોઈ ઘર નથી

**ऊँचे स्थान पर**
**ऊँचे वृक्षों के साथ**
**जैन साधु...**




દુકાન નથી કે કોઈ માણસ. સર્વત્ર જંગલી વૃક્ષોનું એકચક્રી સામ્રાજ્ય છવાયેલું છે. અમારા માટે મંદિરની ઝુંપડી જ હતી. સરસ હતી. ચારે બાજુથી બંધ. હવાની એક આછી લહેર પણ અંદર પ્રવેશી શકે નહીં. આવશ્યક કાર્ય આટોપી ને હું થોડો આજુ બાજુ લટાર મારવા નિકળ્યો. થોડે દૂર ખીણમાંથી ગંગાનો અવાજ આવતો હતો. દૂર ક્યાંક મોટું ઝાડ

पहाड़ों पर
K.M. क्यों
लंबे होते हैं ?



કાપતા હોય એવો કુહાડીનાં ઘાનો અવાજ આવતો હતો. પછી ખબર પડી કે આ જ મંદિરના બે સેવકો પડી ગયેલા ઝાડમાંથી થોડાક લાકડા કાપી રહ્યા હતા. થોડી વાર પછી પોલીસની ગાડી આવી એ બન્નેને પકડીને લઈ ગઈ. ગુનો એ કે 'જંગલમાં ઝાડ કાપી નાંખ્યું.' જો કે બન્ને સાવ નિર્દોષ હતા. હવાના તોફાનમાં જ ઝાડ તો કેટલાય દિવસ પૂર્વે

**गंगा ! तेरा पानी अमृत बहता-बहता जाए...**
**अविरत धारा... अनाहत नाद...**
**गंभीर घोष... एकत्व... एकान्त...**
**मेरे प्रभु की पदचाप**
**कर्णविवरो में प्रवेश करने जा रही है।**



પડી ગયું હતું. આ તો અન્નક્ષેત્ર માટે લાકડા ભેગા કરતા હતા. પણ કોઈ ભારેકર્મીએ આ બન્નેના નામે ફરિયાદ કરી. છેક સાંજ સુધી બન્ને છુટ્યા ન હતા. કહેવાય ને કે કલયુગમાં 'ધર્મીના ઘરે ધાડ'. આમ તો જંગલમાંથી કેટલાય ઝાડ નજર સામે કપાઈ જતા

**हिमालय में नये महेमानों को देखकर ये फूल भी मुस्काते है।**

*- अलौकिक सुगंधी फुल*



હોય, છતાં કોઈ કંઈ ન બોલે. આ સંસાર જ આવો છે. દેવીઓ બકરાની બલિ માંગે 'હજુ સુધી કોઈએ વાઘ – ચિતાની બલિ માંગી નથી. કેમ ? કમજોરને બધા બલિ ચઢાવે. અહીં પણ સાવ નિર્દોષ પરોપકારી બન્ને છોકરાઓ સાથે આવું જ થયું. આ જ તો છે સંસારની વિડંબના.'

વનસ્પતિ તરફ ધ્યાન ગયું તો જોયું ચારે બાજુ બ્રાહ્મી પથરાયેલી છે. જ્યાં નજર કરો ત્યાં માત્ર બ્રાહ્મી જ બ્રાહ્મી દેખાય. બ્રાહ્મીના નાના નાના હૃષ્ટ-પુષ્ટ તરોતાઝા છોડવા અહીં જોવા

**हिमालय की आन-बान और शान**
**बुरांश के फूल**
**यह फूल उत्तराखंड की पहचान है।**
**सुंदरता का जवाब नहीं...**



મળ્યા. પૂર્વે પશ્ચિમ ઘાટ કર્ણાટકમાં બ્રાહ્મી જોઈ હતી, પણ આટલી સુંદર નહીં. હિમાલય તો હિમાલય છે. સર્વ ઔષધિઓ રસ ભરપૂર હોય.

આખો દિવસ સરસ વીત્યો. સાંજે વિહાર આગળ વધ્યો. હવે તો ગંગોત્રી માત્ર

**हिमालय की पहाड़ियों में छोटी-छोटी बदरीयों का स्वैरविहार...**



૧૦ કિ.મી. હતું. આજે સાંજે જ પહોંચી જઈએ. સવારે ૨૦ કિ.મી. ચાલ્યા હતા, થાક તો હજુ ઉતર્યો ન હતો. છતા આગળ વધવાનું જ વિચાર્યું. આવતી કાલે આખો દિવસ વિશ્રામ જ છે ને. અમે આગળ ચાલ્યા. વાતાવરણ સાફ છે. તડકો નથી તેમ વરસાદી વાદળા પણ નથી. ઠંડો ઠંડો મંદ-મંદ પવન વાય છે. હજુ તો ૧ કિ.મી. ચાલ્યા હતા, ત્યાં એક લોખંડી પુલ આવ્યો. પુલની પહેલા બોર્ડમાં લખેલું હતું. 'પુલ ઉપર કોઈએ ઉભા રહેવું નહીં. કોઈએ ફોટા પાડવા નહીં. એક વાહન પુલ

**साँप की फन जैसा फूल है,**
**मुँह में से जीभ भी बाहर निकली है।**
**ये पौधा १०,००० फीट के उपर**
**पाया जाता है।**



પર ચાલતું હોય તો બીજું જવા દેવું નહીં.' અમે ચાલ્યા. પુલની નીચે જોયું તો ૫૦૦-૬૦૦ ફૂટ નીચે ઉંડી ખીણમાં એક સુભગ સલીલા પહાડી નદી દોડી જઈને ગંગામાં મળતી હતી. આટલી ભયંકર ઉંચાઈ પરથી નજર નાખતા જ ચક્કર આવી જાય. આ પુલ બનાવ્યો કેવી રીતે હશે. જ્યાંથી નદી આવતી હતી એ તરફ જોયું તો ઉંચા ઉંચા પહાડોની

**पर्वत को दो विभाग में बाँटकर बना रास्ता नई दुनिया में ले जाता है।**




પતલી લાંબી કોતરમાંથી પાણી દોડી આવતું હતું. કોઈ અંધારિયા ખંડમાંથી આવે એવું લાગે. અમને તો વૈતાઢ્યની નીચેથી નિકળતી ગંગા નદી જેવો આભાસ થયો. આવી જ રીતે નિકળતી હશે ને. અમે તો ચાહીને દ્રશ્યપાન કર્યું. પુલ પાર કરી આગળ વધ્યા, ત્યાં ઉપર વાહનોનો અવાજ આવવા લાગ્યો. એટલે કે રોડ અહીંથી ઉપર જ છે. અમે

समुद्री सतह से
१७२० मीटर
उपर खड़े हैं,
गाँव का नाम है लंका...




શોર્ટકટમાં ઉપર ચઢી ગયા એક કિ.મી. ઓછું થઈ ગયું. આગળ ચાલ્યા કોઈ ઉતાર ચઢાવ નથી. સમતલ આગળ વધતા જતા હતા. દુર્ગમ પહાડોની વચ્ચેથી અમે ચાલતા હતા અને એવી જ વિકટ ઉંડી ખીણમાં ગંગા દોડી જતી હતી. આરામથી અમે ગંગોત્રી પહોંચી ગયા. લગભગ સાંજે સાડા સાતે તો ગંગોત્રી ગંગામંદિરના સામા કાંઠે ઈશાવાસ્યમ આશ્રમમાં અમારો આશ્રય થઈ ચુક્યો છે.

આજે એક નવી વાત જાણવા મળી.

**गंगोत्री क्षेत्र अब मात्र १९ कि.मी. शेष है।**
**आखिर पहुँच ही गये।**
**खुल्ले पाँव से हिमालय की पदयात्रा करनेवाले जैन साधु नये जमाने का महा आश्चर्य है।**



आज का विश्राम स्थल
घने जंगल के बीच

'તેલવાળા લાકડા' હિમાલય છે એટલે બરફ અને પાણીનું સામ્રાજ્ય. તેમા લાકડા ભીના હોય તે સહજ છે. પણ અહીં એવા કેટલાક વૃક્ષો થાય છે, જેનું લાકડું પાણીમાં ભીંજાય નહીં. અને લાકડામાં કેરોસીન જેવું જ તેલ હોય જેથી તેને બાળતાં તરત જ આગ પકડી લે. તે આગથી ધાર્યું કામ થઈ શકે. લગભગ હિમાલયમાં બધા ઘરોમાં આવા લાકડા ભેગા



કરીને રાખ્યા હોય. તેનો ઉપયોગ રસોઈ માટે, ઠંડી ઉડાવવા માટે થાય.

ગામમાં ગમે તેને પૂછો તો આ 'તેલવાળા' લાકડાનું સરનામું બતાવે. અહીં લંકામાં પણ આવા લાકડા મળે છે. પણ જુદી જુદી જાતની ઔષધિઓની ભરમાર છે. ગંગોત્રી ક્ષેત્રમાં લંકા અને લંકા પછીનું જંગલ અલૌકિક વનસ્પતિઓનો ભંડાર છે. લંકાથી પહેલા

**हिमालयी तुफान की आहट**
**अगले ही क्षण**
**यहाँ तांडव मचेगा**
**सावधान... !**



વનસ્પતિઓ છે, દિવ્ય અને ચમત્કારિક નથી કદાચ હશે તો પણ આપણને ખબર નથી પણ લંકા પછી તો જાણે દિવ્ય વનસ્પતિઓ દેવલોકમાંથી ઉતરીને ડેરા નાંખ્યા હોય તેવું લાગે છે. એ વનસ્પતિ પાસે ઉભા રહી તો પણ વનસ્પતિ બોલવા લાગે. જો કે હજુ કેટલાક એવા સિદ્ધપુરૂષો આપણા ભારતમાં વિદ્યમાન છે કે જે કોઈ પણ વનસ્પતિ પાસે ઉભા રહે તો વનસ્પતિના બધા જ ગુણધર્મો એમને ખબર પડી જાય.

कुदरत भी कमाल है !...
मन चाहे जहाँ
अपने सुनहरे रंग बिखेर देती है ।



એવી વિદ્યા પણ શાસ્ત્રમાં વાંચવા મળી છે. માત્ર ૪૦ દિવસ એકાસણા કરીને વનસ્પતિઓના ગુણધર્મ જાણવાની શક્તિ પ્રાપ્ત થાય. વિદ્યા કરતા પણ અનુભવ અને મનની નિર્મળતા વધુ સુંદર પરિણામ આપે. આપણને લાગે હિમાલયની ઔષધીઓ તો વાચાળ છે. આપણી સાથે ઘણી બધી વાતો કરવા માગે છે. પણ આપણી તૈયારી કેટલી ? સૌને ઉતાવળ છે ક્યાંક પહોંચવાની. શાંતિથી આસન જમાવીને જો આ જીવ સૃષ્ટી સાથે તાલ મીલાવવામાં આવે તો કાર્ય સિદ્ધ થાય.

स्वर्ण शिखर हिमालय...




**ગંગોત્રી**
**જેઠ સુદ ૮, મંગળવાર,**
**તા. ૨૨.૦૫.૨૦૧૮**

ઇશાવાસ્યમ આશ્રમનું સંચાલન ગુજરાત વડોદરાથી થાય છે. મુખ્ય સંત છે રાઘવાનંદ સ્વામી. એઓ હમણાં અહીં હતા નહિ. મેનેજર વિનોદભાઈ ભટ્ટે બધી જ સગવડ કરી આપી. ત્રણેય ટાઇમ અન્નક્ષેત્ર ચાલુ છે.

**श्री गंगोत्री धाम के समीप दर्शनीय स्थल**



ગંગા મૈયા મંદિર
ગંગોત્રી ધામ

રૂમની બહાર નિકળીએ તો આખું ગંગોત્રી ક્ષેત્ર એકીસાથે દેખાય. સામે કાંઠે ચાલતી આરતી-વિધિવિધાન-સ્નાનાદિ દરેક પ્રવૃત્તિઓ આરામ થી જોઈ શકાય. આજે આખો દિવસ વિશ્રામ છે.

હિંદુ ધર્મ માં ગંગા નું મહત્વ વધારે છે. એમ પણ આર્ય સંસ્કૃતિ કોઈપણ નદીને



गंगोत्री धाम
आरती दर्शन

“માતા” નું બિરુદ આપે છે. વળી આ તો ગંગા !!! કહેવું જ શું ? એક જમાના માં ગંગોત્રી સુધી પહોચવું અતિ દુષ્કર ગણાતું પણ આજે સાવ સરળ. ખાસ કરીને એકાંત પ્રિય સાધક જીવ માટે અનેરું આકર્ષણ ઉભું કરે એવું ક્ષેત્ર છે. એક-બે દિવસ શું ૧૦-૧૨ દિવસ રોકાવું હોય તો પણ અહીં ઉચિત વ્યવસ્થા છે. એકાંત માં દૂર ગંગાકિનારે




મોટી શિલા પર આસન જમાવીને બેસી જાવ ક્યાં પહોંચી જવાય તે કંઈ ખબર જ ન પડે. માણસોની ભીડ માત્ર ગંગા મંદિરની આજુ-બાજુ રહે બાકી બધુ ખાલી. કોઈ બાવા-જોગી આમ તેમ લટાર લગાવતા જોવા મળે બાકી આખી દુનિયા થી દૂર આ સ્થાન સાધના માટે ખુબ સરસ છે. જે બાજુથી ગંગા આવે છે તે તરફ ઉંચા ૩-૪ હિમ શિખરો દેખાય છે. બિલકુલ વિરુદ્ધ દિશામાં પણ તેવા જ હિમશિખરો ચમકી રહ્યા છે. બંને કાંઠા તરફ મહાકાય પર્વતરાજ માં કાળમીંઢ પથ્થર નો પાર

**ईशावास्यम् आश्रम**
**गंगोत्री धाम**
**जहाँ हम चार दिन रहे थे।**




નથી. સૂર્યોદય થયા પછી દોઢ-બે કલાક પછી સૂર્ય દેખાય છે. તેમ સૂર્યાસ્ત ના એક કલાક પહેલા જ સૂર્ય પર્વતની પાછળ ચાલ્યો જાય છે. રાત્રે મીઠી મધુરી ચાંદની વેરતો અષ્ટમી નો ચંદ્ર ગંગા સાથે સ્પર્ધા કરી રહ્યો છે. પણ ગંગાનું પાણી અહીં ખુબ ડહોળું છે. ઉપરવાસથી ખૂબ માટી ભેગી થયેલી છે. રજતકણ મિશ્રિત માટી રાતની ચાંદનીમાં ખૂબ ચમકે છે. ગંગાના તેજ પ્રવાહમાં જવાની કોઈની હિમ્મત નથી યાત્રિકો કિનારે બેસીનેજ 'નાહી નાખે' છે. પંડાઓ જેવા યજમાન

गंगोत्री धाम
ऊँचाई : ३०५९ मीटर



હોય તેવા પૂજા-પાઠ કરાવી ને પોતાનું અર્થકાર્ય સિદ્ધ કરી રહ્યા છે. બજાર તો દૂર છે પણ બજારમાં પૂજાપાનો સામાન સાથે પાણીના નાના મોટા પ્લાસ્ટિકના કેન મોટી માત્રામાં વેચાય છે.

गौमुख रास्ते से
गंगोत्री धाम का
एक विहंगम दृश्य



गंगोत्री મુખ્ય મંદિરમાં ગંગાજી ની મૂર્તિ છે. બાજુમાં એક નાના મંદિરમાં શિવલીંગ છે. આમ જુઓ તો વિશેષ આકર્ષણ કંઈ નથી પણ એમ જુઓ તો આ આખા વાતાવરણ માં આકર્ષણ સિવાય બીજું કંઈ નથી. દર્શનાર્થીઓ સવારથી લાઈનમાં લાગી જાય રાત્રે સાડા નવ વાગ્યા સુધી સતત લાઈન ચાલુ રહે. દૂર-દૂર દેશ-દેશાંતર થી યાત્રિકો આવે.

**इन्द्र का इन्द्रासन भी जिसके सामने पानी भरता है, वैसा हिमालय का ये गंगातट पर शैलासन असंख्य साधकों के पवित्र परमाणु से आप्लावित है।**



યાત્રિકોના વેશ-ભાષા-રીત રીવાજ આદિ નો શંભુમેળો જોવા જેવો થાય છે. ગંગા માટે અપાર શ્રદ્ધા આર્યભૂમિમાં ભરી છે. એનું સાક્ષાત દ્રશ્ય અહીં જોવા મળે. ભૌતિકવાદ ગમે તેટલો આગળ વધે પણ ધર્મશ્રદ્ધા માં અંશ માત્ર પણ ઉણપ નથી આવી, એનું સાક્ષાત ચિત્ર અમારી સામે છે. હિમાલય ક્ષેત્ર માં મુસલમાન કે ખ્રીસ્તી ધર્મસ્થાનો નો પ્રવેશ હજુ સુધી થયો નથી. જ્યારે એ લોકો પ્રવેશ કરશે ત્યારે આ દેવભૂમિ ની પવિત્રતા જોખમમાં મુકાતા વાર નહીં લાગે. ઠેકઠેકાણે નોનવેજ ખવાશે. જો કે ખૂણે ખાંચરે આજ પણ

**कौआ काला, चोंच पीली**



मासुम चट्टानों से
निकलती रसमधुर गंगा।

ચાલુ જ છે. યાત્રિકો માટેની વધુ સગવડ, વાહનવ્યવહાર, નવા રોડ, અહીં ના સાધુ સંતોને ખટકે છે. ઘણા સંતો મળ્યા લગભગ બધાના મુખેથી એક વાત તો જરૂર નીકળે ''સરકાર શું કરે છે ? આ દેવભૂમિ ને પિકનિક ભૂમિ બનાવી રહી છે. આવું ન કરે તો સારું. નહીં તો આનું પરિણામ સારું નહીં આવે.'' પણ કોણ કોનું સાંભળે ? ચાલે છે.



આવતી કાલે અમે ગૌમુખ તરફ જવાનું વિચાર્યું છે. સાધુ માટે અહીં આશ્રમ ની ઓફિસ માંથી જ પરમીશન પત્ર મળી ગયો છે. અને સાથે ના ત્રણ માણસો માટે જંગલ ખાતાની ઓફિસથી પરમીશન પત્ર મળી ગયા છે. ગૌમુખ માત્ર ૧૮ કિ.મી. છે. ચાલીને જ જવાનું છે. વચ્ચે ચીડવાસા અને ભોજવાસા કરી ને બે ગામ આવે છે. જતા આવતા બે દિવસ લાગશે. આવશ્યક સામગ્રી અહીં થી ઉપાડીને જ લઈ જવાની છે. બધું ગોઠવાઈ ગયું છે તૈયારી નો છેલ્લો ઓપ આવી હવે ક્યારે સવાર પડે અને હજુ ઉંડા હિમાલય માં જઈએ. તેની રાહ જોવાય છે.

सूर्यकुंड
गंगोत्री क्षेत्र




लिखा तो है ८ घंटे लगेंगे,
सोचा था ५ घंटे में पहुँच जायेंगे,
परंतु, पहुंचे तब पता चला
९ घंटे हो गये... ।
गंगोत्री से गौमुख के प्रवेश मार्ग में
लगा एक अंतदर्शक एक बोर्ड...

### ગૌમુખ

**જેઠ સુદ ૯, બુધવાર, તા. ૨૩.૦૫.૨૦૧૮**

વહેલી સવારે પ્રયાણ આદર્યું ગૌમુખ તરફ. વિશેષ આકર્ષણ તો ભોજપત્રના વન નું હતું. બાકી બધું બીજા નંબરે. સવારે ૬ વાગ્યે નાની કેડી પર ચાલવાનું ચાલુ કર્યું. કેડી સરસ છે. કોઈ કાંટા નહીં



લિલોતરી નહીં. પાણી નો છાંટો નથી. થોડી થોડી ઉપર ચઢે. આગળ પાછળ ૨ - ૪ યાત્રિકો આવતા રહે. એકલા જંગલ માં ગંગા કિનારે કિનારે આગળ વધી રહ્યા હતા. ત્યાં એક બોર્ડ આવ્યું. ગૌમુખ ૧૮ કિ.મી. કુલ ૮ કલાક માં યાત્રા થશે. અમે વિચાર્યું ૧૮ કિ.મી. માં ૮ કલાક ? ઠીક છે જનરલ પબ્લિક માટે આટલો સમય બરાબર છે. પણ આપણને તો આટલો સમય નહિ લાગે ૪-૫ કલાક માં પહોંચી જઇશું. પણ આ અમારી ધારણા ઠગારી નીવડી. સાચ્ચે જ ૮ કલાક થયા.

**वाह ! रास्ता तो अच्छा है, पहुँचने में देर नहीं लगेगी । परंतु, जब आगे चले तब हमारा भ्रम चकनाचूर हो गया । अरे भाई ! यह तो हिमालय है, ये पेड़ तो क्या उपर से बहुत कुछ गिरता है, जरा संभल के चलो ।**




एक કલાક માં ૨ કિ.મી. થી વધારે ચલાય જ નહીં. ક્યાંક થાક ખાવા બેસવું પડે તો ક્યાંક ઉતુંગ હિમશિખરો આપણને જબરજસ્તી જકડી રાખે. વળી ક્યાંક વાંકળિયા વહેણ આપણો માર્ગ રોકી ને બેસી જાય. તો વળી ચિત્ર વિચિત્ર ચમત્કારી ઔષધિઓ આડો આંક વાળે. ગમે તેટલાં ઝડપી ચાલો

**गंगोत्री राष्ट्रीयपार्क प्रवेशद्वार में आपका हार्दिक स्वागत है ।**

*- गौमुख यात्रा प्रवेशद्वार पर*



कस्तुरी मृग गंगा किनारे

પણ કોઈ ને કોઈ અવરોધ આવ્યો જ સમજો. કંઈ ના આવે તો જગંલી બકરા જોવા માં સમય જાય. ત્યાં વળી હરણીયાની ઊછળ કૂદ આપણા પગ ને બાંધી દે. હજુ થોડું વધુ ચાલવાનો પ્રયત્ન કરીએ તો ભૂસ્ખલન ના ગબળતા પથ્થરો મહાવિઘ્ન ઉભું કરે. ૧૮ કિ.મી. માં એવા ઘણાં સ્થાનો છે



જ્યાંથી સતત પત્થરો પડ્યા જ કરે છે. એક તરફ ઉંડી નદી, ચાલવાનો રસ્તો માંડ ૪ ફુટ નો અને ઉપરથી ગબળતા પત્થરો. ખૂબ સાવચેતીથી આગળ વધવાનું. ઉપર ધ્યાન રાખીએ તો નીચે ધ્યાન ચુકી જવાય. નીચે ધ્યાન રાખીએ તો ઉપર થી માથું ફૂટ્યું જ સમજો. ડુંગર ઉપર બકરા અને હરણીયા

माथे पर सूरज, रास्ता छोटा,
नीचे गंगा, उपर पहाड़
दूर चीड और भोज का जंगल
ऊंचा हिमशिखर, दिल में खुशी,
मुख पर मुस्कान,
देवदुर्लभ दृश्य का साक्षात्कार



हिमालय की नीली भेड़
इन्हें ठंड नहीं लगती ।

ઉતર ચઢ કરતા હોય, તેમના પગથી સરકેલા પત્થરો નીચે ગબડે. ઉપર થી આવતી નાની કાંકરી પણ બંદુક ની ગોળી ની જેમ લાગે તો મોટા પત્થર પડે તો શું થાય કલ્પના કરવી સહેલી નથી.

અડધો કલાક ચાલ્યા ત્યાં જંગલ ખાતા ની ઓફિસ આવી. અમારા પરમીશન પત્ર અહીં જમા



થયા. આજ અને આવતી કાલ એમ બે દિવસ આ જંગલ માં રહેવાની પરમીશન મળી. કારણકે એક દિવસ જતા અને બીજો દિવસ પાછા આવતા થશે. સાથે લાભુભાઈ-રાજુ અને સંજય એમ ત્રણેય વ્યક્તિઓ ની પરમીશન ચેક કરી. ૨૦૦ રૂ. ડીપોઝીટ લીધી કોઈ પણ પ્લાસ્ટિક સામાન લઈ જવા માટે સખત પ્રતિબંધ છે. તે અંગે પણ ઘટતી તપાસ થઈ. અમે આગળ ચાલ્યા ત્યાં તો જાણે હનુમાનજી નો સંજીવની પર્વત પ્રગટ થયો. જ્યાં જુઓ ત્યાં ચિત્ર વિચિત્ર દિવ્ય વનસ્પતિઓ જાણે

**पांच महाव्रत का पालन करना,**
**रोज एक बार भोजन,**
**सूर्यास्त के बाद पानी भी नहीं पीना,**
**चॉकलेट, बिस्कीट, बेकरी आईटम जैसी बाजारुं खाद्यवस्तु अपने भोजन में नहीं लेना, खुले पांव पैदल चलना, हिमालय जैसी अतिकठीन यात्रा करना,**
**सिर्फ,**
**भगवान महावीर के साधु के लिये ही मुमकिन है।**
**ये पीला पत्थर क्या है ? बता सकते हो ?**



हिमालय के दुर्गम
मार्ग पर चलते
जैन साधु

આપણું સ્વાગત કરતી હોય તેવું લાગે. આ વનસ્પતિઓ દિવ્ય એટલા માટે છે કે આ બધા માં કોઈ ને કોઈ દિવ્ય તત્ત્વ નો વાસ છે. એની સામે જોતા જ જાણે મરકી ઉઠે. આપણી સાથે જાણે વાત કરવા માંગે છે. ખૂબ આકર્ષણ ઉભું કરે. એક-એક ડગલે આવી માયાજાળ પથરાયેલી છે. અહીં કોણ



આગળ વધી શકે આગળ. ઔષધના ખરા જાણકાર ને અહિં લાવવા જોઈએ. આ દુનિયા માં કોઈ જ સંજીવની નો ક્ષય થયો નથી. બધી અમારી નજર ની સામે જ છે. તેઓ તો ઓળખવાળા ની પ્રતીક્ષા કરે છે. ઠંડા વાતાવરણ માં ખૂબ રસ-કસ અને સત્ત્વ યુક્ત તંદુરસ્ત ફૂલ, ફળ અને પત્રો ને જોઈને

गंगा का संदेश सदा चलते रहो,
हिमालय का संदेश सदा अटल रहो,
जैन साधु का संदेश
अपने लक्ष्य की ओर चलते रहो,
सत्य मार्ग पर अटल रहो...

*- गौमुख की ओर आगे बढ़ते जैन साधु*




દિવ્યતા નો અનુભવ થાય છે. અમે તો એક-એક વનસ્પતિ ના રંગ રૂપ આકાર-પ્રકાર જાણતા માણતા આગળ વધતા હતા. ચેકિંગઓફીસ થી લગભગ ૨ - ૩ કિ.મી. ચાલ્યા ત્યાં ભોજપત્ર ના વૃક્ષો સૌ પ્રથમ જોવા મળ્યા. આમ તો જાણ્યું હતું કે ભોજવાસા માં ભોજપત્રના વૃક્ષો નું વન છે પણ આ તો અહીં જ આવી ગયા. અમને ખબર એમ પડી કે ચાલતા-ચાલતા જ રસ્તા માં ભોજપત્રો વિખરાયેલા પડ્યા હતા. એનો અર્થ એ કે આજુ-બાજુ આના વૃક્ષો હશે. જોયું તો ચારે બાજુ ભોજપત્ર

**बड़ा कठिन मार्ग है गौमुख का...**



ના જ વૃક્ષો. પીપળા ના પાન જેવા આકાર નાં નાનાં પાન સાવ લીસું થડ-લાકડું. લાંબા સેતુર જેવા ફળ, લાકડા ઉપર એક સાથે ૪૦-૫૦ ભોજપત્ર ના પાતળા થર. જેમ-જેમ લાકડું જાડુ થતું જાય તેમ એક પછી એક થર પોતાની મેળેજ ખરી જાય. એક ભોજપત્રના વૃક્ષની નીચે ઉભા રહી લગભગ

**जैसे लगता हैं**
**ये भोजवृक्ष का झुरमुट**
**नूतन अभ्यागतों का स्वागत करता हैं।**
**जैन साधु पहली बार**
**इस धरती पर पधारे हैं।**



અડધો કલાક સુધી ભોજપત્રની પીછાણ કરી. જિંદગી માં પહેલી વાર ભોજપત્ર નું વૃક્ષ જોયું હતું. અને ચારે બાજુ ભોજપત્ર ભોજપત્ર બસ બીજું કાંઈજ નથી. અહીં તો નદી ઉપર પુલ બનાવવો હોય તો પણ ભોજપત્ર નું જ લાકડું વપરાય. ઠંડી માં તાપણું કરવું હોય તો પણ ભોજપત્ર જ વપરાય. અન્ય

लगता है बरफ के टुकड़े हैं। परंतु, नहीं,
ये सफेद मिट्टी के पत्थर है।
दूर हिम शिखर दिख रहे है।
शाम तक पहुँचना है, वहाँ।
पत्थरो से दोस्ती ही हमारा
मार्ग सरल कर सकती है।



भोजनपत्र के यह वृक्ष
लक्ष्मी के प्रतिक माने जाते है।

કોઈપણ ઉપયોગ માટે લાકડું ભોજપત્રનું જ લાકડું વપરાય. આટલું મોટું મહાવન જોઇને હૈયું હરખથી હેલે ચઢ્યું. આ એ જ પરમ પવિત્ર વૃક્ષો છે, જેના પર મારા પ્રભુની વાણી હજારો વર્ષો સુધી સચવાઈ રહી છે. ધન્યભાગ આ વૃક્ષના જીવોના. દરેક પવિત્ર કાર્યમાં ભોજપત્રની આવશ્યકતા પડે. કદાચ



દુનિયામાં ભોજપત્રથી પવિત્ર કોઈ વૃક્ષ કે વૃક્ષની છાલ નહીં હોય. રસ્તા માં ચાલતા મંદ-મંદ મીઠો વાયુ ભોજ વૃક્ષમાં ચળાઈને આવતો હતો. ભોજ ની જુદી જાતની સુગંધ ને માણતા બરાબર સાડા ૩ કલાકે અમે ચીડવાસા પહોંચ્યા. ઘડિયાળ માં ૯.૩૦ વાગુ વાગુ થઈ રહ્યા હતા. ચીડવાસા માં તો હજારો ચીડ ના વૃક્ષો છે. એટલે જ કદાચ ચીડવાસા નામ પડ્યું હશે. અહીં કદાચ પૂર્વ કાળમાં ગામ હશે. હમણાં તો એક હોટલ અને એક છાપરું વિશ્રામ કરવા માટે છે. ખચ્ચર વાળા અહીં થોડો

शिवलिंग पर्वत की
तराईयों में
भोजवृक्ष का वन



આરામ કરે. ચા-પાણી કરી આગળ વધે. ચા નો ભાવ ૨૫ રૂ. અહીં ગંગોત્રી ગ્લેશીયસ સામે જ દેખાય છે. બરફ નો આખો મહાપીંડ. એની તળેટી માં જ અમારે પહોચવાનું છે. ત્યાં જ ગૌમુખ છે. ગંગા અમારી સાથે જ હતી. ખૂબ ઉતાવળમાં પ્રભૂત જલ પ્રવાહ ઘસમસતો આગળ વધતો હતો. અમે સમુદ્ર લેવલ થી લગભગ ૧૨૦૦૦ ફૂટ થી પણ ઉપર ચાલી રહ્યા હતા. આસ-પાસ ના બધાજ હિમાચ્છાદિત ગિરિ શિખરો આભને ટેકો દેવા ઉભા હતા. ઘણી ઠંડી ન હતી. સૂરજ હજી

**भोजवृक्ष**



તો શિખરોની પાછળ છે. ચીડવાસા ૧૫-૨૦ મીનિટ આરામ કરીને આગળ ની યાત્રા ચાલુ થઈ. થોડું ચાલ્યા ત્યાં બીજી ચેક પોસ્ટ આવી ત્યાં પણ અમારી નોંધ લેવાઈ. આગળ ચાલ્યા. બસ હવે તો ભોજવાસા ૫ કિ.મી. છે. એક કલાક માં પહોંચવાની ગણતરી છે. પણ નહિ પહોંચાય. હવે તો ભોજ નું વન વધુ ઘાટું થતું જાય છે. હિમશિખરો વધુ ચમકદાર થતા જાય છે. અમારી ઉપર સૂરજ નો પ્રકાશ પડતો નથી પણ બરફ થી પ્રતિબિંબિત થયેલી આભા જ એક અલૌકિક

## ऐसे बनता है भोजपत्र



પ્રકાશનું નિર્માણ કરી રહી છે. એમાં અમે પ્રવાહિત છીએ. જાણે કોઈ રૂપેરી આભા માં પ્રવાસ કરી રહ્યા હોઇએ તેવું લાગે છે. રસ્તો વધુ કઠીન અને નાનો થતો જાય છે. હવે તો માત્ર ૨ ફૂટ ની કેડી માં ચાલવાનું છે. એમાંય અણીદાર પથ્થર, ઉપર થી પડેલા પત્થરો. ક્યાંક વળી કેડી તુટી ગઇ હોય તો બાજુ માંથી ચાલવાનું. નીચે ઉંડી ખીણ. ગબળ્યા તો સીધા ગંગા શરણ. ખૂબ સાચવીને ડગલું ભરવાનું. સામે પીરામીડ આકારનું શિવલિંગ શિખર પ્રકાશ થી ઝળહળા થઈ રહ્યું હતું. તો

**भोज पत्र के वृक्ष की टहनी**



બીજી તરફ ગૌમુખ પર્વત સાવ પારદર્શી થઈ ગયો હતો. કદાચ આવું જ સ્વર્ગ હશે શું ? કે આજ સ્વર્ગ છે શું ? સાડા બાર વાગ્યે અમે ભોજવાસા પહોંચ્યા. હવે તો પગ ખરેખરા થાકી ગયા હતા. ભોજવાસા થોડું નીચે ઉતરીને મોટા મેદાનમાં હતું. અહીં પણ ગામ નથી. એક બંગાલી લાલબાબા નો આશ્રમ છે. અને ટ્રેકિંગ કરનારાઓના કેમ્પ લાગેલા હતા. આગળ હજુ ૪ કિ.મી. ચાલવાનું બાકી છે. વિચાર્યું હવે ગોચરી વાપરીને થોડો થાક ઉતારીને જ આગળ વધીશું. રાત્રિ વિશ્રામ અહીં

**शिवलिंग शिखर के नीचे एक ऐतिहासिक क्षण इतिहास में पहली बार जैन साधु इस धरती पर पधारे हैं।**



चीडवासा का एक दृश्य,
गौमुख मार्ग पर ।
दूर गंगोत्री ग्लेशीयस है ।
नीचे गंगा के दोनों किनारों पर
चीड़ के पारावार वृक्ष ।
- तापमान २० डीग्री है ।

આશ્રમ માં જ કરીશું. તેમ જ કર્યું. આશ્રમ માં અન્નક્ષેત્ર ચાલુ જ છે. સારું થયું અહીં કંદમૂળ-લીલોતરી કે કંઈ મળતું જ નથી. માત્ર મગની દાળ અને ભાત હતા. કામ થઈ ગયું. ગોચરી વાપરી. થોડો વિશ્રામ કરી બપોરે ૨ વાગ્યે અમારી યાત્રા આગળ વધી. વાતાવરણ સાવ ઠંડુ હતું. તે હોય જ ને ચારે તરફ



શિખરો ઉપર બરફ ચમકતો હતો. હવે તો માત્ર ૪ કિ.મી. ચાલવાનું હતું. એક કલાક માં ૨ કિ.મી. ના હિસાબે પાછા આવતા સુધી ૪-૫ કલાક લાગે. સાંજે ૭ વાગ્યા સુધી પાછા આવી જવાની ગણતરી હતી. અમે ગૌમુખ ના રસ્તે ચડ્યા. પણ આ કઈ રસ્તો છે. હનુમાનજીએ પથ્થર નાખીને રામ સેતુ બનાવેલો હોય એમ છુટા પથ્થર ગોઠવીને રસ્તો બનાવ્યો હતો. શરૂઆત માં જ એક-દોઢ કિ.મી. આવા રસ્તાએ પગ ના બધા હાડકા ઢીલા કરી નાખ્યા. ત્યાં વળી નદીનો

**भोजवृक्ष की लकड़ी से बने
पुल पर से आगे बढ़ते जैन साधु
हिमालय हैं तो
झरनें भी होंगे ही ।**



ખાલી પટ આવ્યો. રેતી માં વિશ્રામ કરવા બેઠા હજુ તો ૨ અઢી કિ.મી. ચાલવાનું છે. ઘડિયાળ માં ૩ વાગ્યા છે. પાણી વાપર્યું. આજુ-બાજુ ના દ્રશ્યનું અમૃતપાન કર્યું. યાત્રા આગળ વધી. ૧ કિ.મી. ચાલ્યા ત્યાં જ સામે કેટલાક યાત્રિકો મળ્યા. એમણે સમાચાર આપ્યા કે છેક ગૌમુખ સુધી જવાય તેવો રસ્તો જ નથી. વચ્ચે ભૂસ્ખલન ચાલુ છે. મોટા-મોટા પથ્થરો પડી રહ્યા છે. જો કે હવે અમારું

मिट्टी और ढेले के ये टीले
हल्की-सी आहट लगते
ही ढह जाते हैं।
पथिक संभलकर चलें।



ધ્યાન ગયું સામે આટલી ધૂળ કેમ ઉડી રહી છે. યાત્રિકોએ કહ્યું અહીં થી ઓછામાં ઓછો એક કલાક થશે પણ પાછા આવવાની કોઈ ગેરેંટી નહીં. વળી ઉપર જુઓ વાદળા ક્યારે તુટી પડે કંઈ કહેવાય નહીં. ખરેખર વાતાવરણ ગોરંભાયું હતું. નિશ્ચિત દશેક મીનિટ માં ભારે વરસાદ પડશે કે બરફ પડશે. શું કરવું અમે વિમાસણ માં પડ્યા. આગળ જવું કે પાછા વળવું. યાત્રિક ની વાત ને અવગણીને અમે આગળ વધ્યા હજુ તો ૫૦ ડગલા ચાલ્યા હશું ત્યાં તો રસ્તાની ભયંકરતા અમને દૂર થી

**शिवलिंग शिखर की शोभा**
**देखते ही रह जाओगे ।**



દેખાઈ ગઈ. જ્યાં અમે ઉભા હતા ત્યાં થી ગૌમુખ નું સ્થાન જોઈ શકાતું હતું. એમાંથી ગંગા વહી આવતી હતી. શિખર ઉપરથી પડતા પત્થરો ને જોઈને થોડી ઘણી રહી-સહી ઈચ્છા પણ પૂરી થઈ ગઈ. ત્યાંથી અમે જલદી જલદી પાછા બાબાજી ના આશ્રમે પહોંચી ગયા. વચ્ચે એક ગણેશ શિખર ખુબ આકર્ષક છે. જાણે મહાકાય ગણેશજી બિરાજમાન કર્યા હોય તેવો જ એનો આકાર હતો. અહીં

हिमालय का हर एक
लम्हा यादगार है ।
गंगोत्री अरण्य में
आगे बढ़ते साधु ।
दूर बर्फ के पहाड़ दिख रहे हैं ।



આવ્યા પછી ખબર પડી કે અસલી ગૌમુખ તો હજુ ૧ કિ.મી. આગળ છે. આ તો નવું બનાવેલું ગૌમુખ છે. વળી કોઈક બાબા મળ્યા હતા તેમણે તો એવું કહ્યું કે અસલી ગૌમુખ તો ક્યારનુંય પહાડો ના પત્થરો થી ઢંકાઈ ગયું છે. ત્યાં કોઈ જઈ શકે જ નહીં. એ સ્થાન જ લુપ્ત થઈ ગયું છે. હવે આને લોકો ગૌમુખ માને છે. જો કે અમારે તો હિમાલય ની યાત્રા કરવી હતી. ભોજપત્ર વન જોવા હતા.

हिमगिरि के श्वेत शिलापुत्रों से सटकर
बहनेवाले ये झरने जीवन का गीत सुनाते हैं।
पहाड़ हो या पत्थर हजारो प्रतिकूलतायें होने
पर भी निरंतर बहते रहना...
एक ही लक्ष्य... सागर में विलीन होकर
अमरत्व प्राप्त करना।



ગંગોત્રી ગ્લેશિયર નજીક થી જોવી હતી એ બધુ થયું.

અહીં થી કેદારનાથ માટે એક કાચો રસ્તો શિખરો અને બરફ ની વચ્ચેથી જાય છે. ખૂબ દુષ્કર છે. કોઈ સાથે ભોમીયો હોય અને બરફ માં ચાલવા માટેની બધી સામગ્રી હોય તો જ જઈ શકાય. વળી બદ્રીનાથ જવા માટે પણ રસ્તો છે.

**यह दिव्य स्वर्ण औषधि**
**दिन को भी चमकती है**
**और रात को भी चमकती है।**



## ભોજવાસા થી કેદારનાથ :-

ભોજવાસા થી મયાલીપાસ
૨૦ કિ.મી. ૫૫૦૦
મીટર ઉંચાઈ

મયાલીપાસ થી વસુકીતાલ
૧૪ કિ.મી. ૪૧૩૫
મીટર ઉંચાઈ

વાસુકીતાલ થી કેદારનાથ
૮ કિ.મી. ૩૫૮૧
મીટર ઉંચાઈ

**(બરફના ૪ કિ.મી. ચાલતા આખો દિવસ થાય)**

**हिमालयी झरनों पर ऐसे लकड़ी के कई पुल पार करने होते हैं। पुल के ऊपर मुनि रत्नयशविजयजी पुल पार करके आगे का रास्ता कितना कठोर है, जरा देखो तो...**



## ગૌમુખ થી બદ્રીનાથ :-

ગૌમુખ ઉંચાઈ ૩૮૯૨ મીટર

ગૌમુખ થી નંદનવન
૬ કિ.મી. ૪૫૦૦ મીટર ઉંચાઈ

નંદનવન થી વાસુકીતાલ
૭ કિ.મી.

વાસુકીતાલ થી ખડાપઠાર
૫ કિ.મી. ૫૧૬૦ મીટર ઉંચાઈ

ખડાપઠાર થી શ્વેત ગ્લેશિયર
૫ કિ.મી.

શ્વેત ગ્લેશિયર થી કાલીન્દી બેસ
૫ કિ.મી.

अरे भाई ! अब तो थक गये,
थोड़ा विश्राम हो जाये,
परमात्मा के चरणों में...
धूप में बैठो तो गर्मी लगे,
छाँव में बैठो तो दाँत बजे ।



| | | |
|---|---|---|
| કાલીન્દીબેસ થી કાલીન્દીપાસ | ૪ કિ.મી. | ૫૯૦૦ મીટર ઉંચાઈ |
| કાલીન્દીપાસ થી રાજપડાવ | ૬ કિ.મી. | ૪૮૮૦ મીટર ઉંચાઈ |
| રાજપડાવ થી આરવાતાલ | ૧૪ કિ.મી. | ૩૯૧૦ મીટર ઉંચાઈ |

हौसला बुलंद है तो
रास्ते में आते पर्वत भी
दो भागों में बट जाता है,
चलते रहो रास्ता बन जायेगा ।



| | | |
|---|---|---|
| આરવાતાલ થી ઘસ્તોલી | ૧૫ કિ.મી. | |
| ઘસ્તોલી થી માણા | ૧૪ કિ.મી. | |
| માણા થી બદ્રી | ૩ કિ.મી. | ૧૦૩૫૦ ફૂટ ઉંચાઈ |

अलविदा... गोमुख !
याद आयेगी तेरी...
आज तो हम जाते हैं,
पुनः जल्दी आने का वादा रहा ।



## ગંગોત્રી થી કેદારનાથ :-

| | |
|---|---|
| ગંગોત્રી થી ખાટલિંગ ગ્લેશિયર (વાયા રૂદુન્ગેરા બારક) | ૨૬ કિ.મી. |
| ગ્લેશિયર થી કેદારનાથ | ૨૦ કિ.મી. |

गंगा की खीण और
छोटी-सी छफुटी
एक-एक कदम
संभलकर रखो प्यारे...



આ બધા માર્ગે બરફ ઉપર જ ટ્રેકિંગ કરવું પડે અને આ માર્ગે ચાલવા માટે ઉત્તરકાશી થી પરમીશન લેવી પડે.

જૈન સાધુ આ માર્ગે જઈ શકે નહિં કારણ કે જૈન સાધુ ના વ્રત નો ભંગ થાય પણ સંસારી વ્યક્તિ હિંમ્મત કરે તો આગળ વધી શકે. આ રસ્તે અદ્ભુત તપોભૂમિઓ અને અચિંત્ય શક્તિના

हिमालय में 'चढ़ना' और
'उतरना' ही है।
'चलना' तो है ही कहाँ ?
गंगोत्री मार्ग में।
पाँव में कपड़े लपेट दिये,
ठंडी से सुरक्षा और पत्थरों से भी...



સ્વામી સિદ્ધયોગી મળે. તપોવન-નંદનવન-સુમેરુપર્વત-વાસુકીતાલ આદિ માનવસંચાર રહિત દિવ્ય ભૂમિઓની અલૌકિક ધરતી નો આનંદ મેળવી શકે.

વળી આ રસ્તે જવાનો સમય જુન થી સપ્ટેમ્બર સુધી છે. છતા હજુ કોઈ હિમ્મત કરે તો તપોવન અને નંદનવન સુધી જૈન સાધુ જઈ શકે બરફ અંગે તે સમયે પૂછી લેવું.

રાત્રિ વિશ્રામ આ બંગાળી બાબા ના આશ્રમમાં જ થયો કલ્પના કરો ચારે બાજુ શિખરો પર બરફ જામેલો છે વચ્ચે ખાડામાં અમે બેઠા છીએ. સમુદ્ર લેવલ થી ૩૭૯૨ મીટર ઉપર

**खतरे की घंटी कभी भी बज सकती है...**
**रास्ता छोटा, बीच में गड्ढा, उपर महाकाय शिला, नीचे खाई, करीब ३०० फिट नीचे गंगा, परंतु ऊपरवाला हाथ थाम लेता है,**
**उसे किस बात की चिंता ।**



आधा कि.मी. जमीन के अंदर बहकर यहाँ बाहर प्रगट होती 'गंगा'

છીએ. વિચારી શકાય કેવી ઠંડી હશે ? ડિગ્રી માપવાના યંત્રમાં -૧૦° (માઈનસ ૧૦) ડિગ્રી તાપમાન બતાવી રહ્યું છે. આખી રાત હિમયુગ માં કાઢી જો કે રૂમ સાવ બંધ હતી ક્યાંય થી પણ હવાનો સંચાર હતો નહિ. તોય થોડી થોડી ઠંડી લાગી. બહાર જઇએ તો જામી જઇએ. હિમાલય છે ને ભાઈ ! ઠંડી તો રહેવાની જ. આ તો સારું છે છેલ્લા ૧૦-૧૨ દિવસ થી વરસાદ કે બરફ પડ્યો





નથી. ઘણો બધો બરફ પીગળી ગયો છે. નહિ તો આથી પણ વધુ વાતાવરણ ઠંડું હોત તે નિશ્ચિત છે.

ગૌમુખ ક્ષેત્ર દિવ્ય ઔષધિઓનો ભંડાર છે. ધરતી ઉપર ક્યાંય જોવા ન મળતી એવી ઔષધિઓ અહીં જોવા મળે છે. કેટલીક વનસ્પતિઓ આપણું આકર્ષણ કરે છે, તો કેટલિક જાણે આપણને દૂર હટી જવાનું કહેતી હોય તેવું લાગે. હિમાલયમાં વિહાર ચાલુ કર્યો ત્યારે જ અમને કહેવામાં આવ્યું હતું



ऋद्रवंती

કે ભુલથી પણ કોઈ વનસ્પતિને અડતા નહીં સુંઘતા નથી. ઉપર ફોટામાં બતાવેલ એક લીલકમલ જુઓ આ કમળ પત્થર ફોડીને બહાર આવ્યું છે. એક એક પાનમાં રસભર્યો છે. આ દિવ્યકમળ શું કામમાં આવે તે આપણને ખબર નથી. આવી જ કોઈક સંજીવની બુટી લેવા માટે હનુમાનજી અહીં સુધી આવ્યા હશે. દરેક ઔષધીઓના સુરક્ષા કરનાર કોઈક દેવ અવશ્ય હોય છે. જો એ સુરક્ષા કરતા



દેવોની ઈચ્છા હોય તો જ એ ઔષધિના દર્શન થાય છે. જો દેવોની ઈચ્છા ન હોય તો તેને અદૃશ્ય કરી નાખે. ઉપર ચિત્રમાં દેખાતી 'રૂદ્રવંતી' ઘણું બધુ કહી દે છે. ઘણા તાંત્રિકો અને ઘણા દિવ્ય ઔષધિઓને આખી જીંદગી સુધી ભટકાવનારી રૂદ્રવંતી અહીં છે. પાન છે બોરડી જેવા. પાણીના ટીપા ટપક્યા કરે. આ વનસ્પતિ નીચે માટી ભીની હોય, એટલી ઓળખાણ આના માટે પર્યાપ્ત છે. પણ જો

अरे ठहरो ! भूस्खलन हो रहा है,
उपर से पत्थर आ रहे हैं,
सावधान !
सावधानी हटी... दुर्घटना घटी
यहाँ हर पांच मिनट में अपने आप पत्थर
धंसते हैं,
ओ मुसाफिर ! इनमें से गुजरना है तुम्हें...



જોનારનું સૌભાગ્ય હોય તો જ આ જોઈ શકાય નહીં તો એ અદૃશ્ય થઈ જાય. ગોમુખમાં અમે બે દિવસમાં આ ઔષધિઓની માયા જોઈ ગઈ કાલે જ્યારે અમે અહીંથી ગૌમુખ તરફ જતા હતાં, ત્યારે કેટલી વનસ્પતિઓ જોઈ પણ આજે પાછા વળ્યા ત્યારે તે ન હતી. ઉપર ફોટામાં બતાવ્યા પ્રમાણે વૃક્ષવેલાનું નામ - નિશાન રહ્યું નહીં. ગઈ કાલે વિચારેલું કે આ ઔષધિ આપણે વળતા લઈ લેશું.

हमारी डगर आसान नहीं थी...
थोड़ा गौर से देखो,
पथ और पथिक को...
जैन साधु तो अपने आप में
अलौकिक होते हैं।



પણ આજે ઘણી શોધી પણ ક્યાંય દેખાઈ નહીં.

દિવ્ય ઔષધિ જગતની માયાજાળ અપરંપાર છે. જે વખતે તમે ઓળખી લો તેજ વખતે તેને આમંત્રણ આપી તેના પૂજા સત્કાર કરી ઘણા સન્માન સાથે તેને ગ્રહણ કરો તો તમારી સાથે આવે. થોડીક ઢીલ થાય તો એ વસ્તુ તમારી નજરની સામે હોય તો પણ તમે જોઈ શકો નહીં. ગૌમુખ ક્ષેત્રમાં

दिख रहा है कहीं रास्ता ?
ऊपर से चट्टाने फिसलती आ रही है।
इस मिट्टी पर चढ़कर, चलकर आगे
बढ़ना यानि मृत्यु के मुख में
जाकर वापस लौटना। याद रहे,
बचानेवाले के हाथ लंबे होते हैं।



कदम-कदम बढ़ाये जा...
खुशी के गीत गाये जा...
- *गौमुख मार्ग...*

આવા અનુભવ અમને વારંવાર થતા રહ્યા. જો કે હનુમાનજી પણ સંજીવની લેવા અહીં ક્યાંક આવ્યા હતા. તેઓને આવેલા જોઈ ઘણી દિવ્ય ઔષધીઓ અદૃશ્ય થઈ ગઈ. જ્યારે હનુમાનજીએ વિધિવત્ પ્રાર્થના કરી ત્યારે ફરી પાછી જાગૃત થઈને હનુમાનજી સાથે ચાલવા તૈયાર થઈ. ધાર્મિક ગ્રંથોમાં વર્તમાન વિશ્વને માનવામાં ન આવે એવી ઘણી બધી વાતો લખેલી છે. પણ તેને ખોટી માની લેવાની



ભુલ કરવી નહીં. અમે ગૌમુખ ક્ષેત્રમાં બે દિવસથી છીએ -૫° થી -૧૦° ડીગ્રી વચ્ચે તાપમાન છે. તમે ઉપરનો ફોટો જુઓ આટલું ઠંડુ વાતાવરણ છે, છતાં ખુલ્લા પગે ખુલ્લા માથે આગળ વધી રહ્યા છીએ. એક પાતળી કામળી (શાલ) સિવાય કંઈ ઓઢ્યું નથી. લાભુ ભાઈએ માત્ર સ્વેટર પહેર્યો છે. તો આવી કડકડતી ઠંડી કેવી રીતે સહન થઈ હશે. કારણ અમને ખબર નથી પણ સાક્ષાત્ અનુભવને

ये छोटा रास्ता
लोहे की ऐंगल पर टीका है।
इसी रास्ते ही
आगे बढ़ते जाना है।



અમે ભુલી શકીએ તેમ નથી. ઔષધીઓને કેવી રીતે લેવી તેમાં પણ એક કળા છે. ઔષધી જોઈ એટલે તરત જ તોડીને લઈ લેવી ન જોઈએ. પ્રથમ તેને નિઃસ્વાર્થ ભાવે વિનંતી કરવી કે ''અમે તમને લોકોપકાર માટે લઈએ છીએ. હે વનદેવી ! અમારા રોગીનું કલ્યાણ થાય તે રીતે કૃપા વરસાવજો.'' એમ જે શબ્દોમાં આપણે આપણાં ભાવ વ્યક્ત કરી શકીએ તે રીતે લેવાય અન્યથા ગમે તેમ લીધેલી

स्वर्ण कलशजी !
पट्टा-पट्टी
बांधलो अभी तो
और चलना है ।



વનસ્પતિ ઘર સુધી નહીં પહોંચે.

દિવ્ય ઔષધીના હિમાલયના અનુભવો તો અનેક થયા. ઘણાં લખી શકાય, ઘણાં ન લખી શકાય. સામાન્ય જનમાનસમાં વાત બેસે કે નહીં. પણ, શત્રુંજય ગિરિરાજનો એક પ્રસંગ યાદ આવે છે. અમે પાલીતાણા ચાતુર્માસ હતા. શાસ્ત્રોમાં વાચેલું કે શ્રી શત્રુંજય મણિ-માણેકની ખાણ છે.

पत्थरों से दोस्ती
कर ही ली है,
अब क्या घबराना ?
रास्ते कैसे भी हो
कदम आगे बढ़ते ही जायेंगे ।



દિવ્ય વનસ્પતિઓનો ભંડાર છે. તો સહજ રસ જાગે એવું તો શું છે. વળી જેવા માણસને તેવું મળી જાય તે ન્યાયે ક્યાંયથી ઘણા વર્ષો પહેલાની વાત છે. જાણવા મળ્યું કે ગિરિરાજ ઉપર સંજીવની વનસ્પતિ થાય છે. અમુક સમય સુધી જ રહે છે. પછી અદૃશ્ય થઈ જાય છે. તો એ માટે તપાસ કરાવી. ગિરિરાજમાં ઘેટા-બકરા-ગાયો ભેંસો ચરાવનારા ગોવાળીઆને આ સંબંધી વાત કરી પણ

हर मंझिल के रास्ते होते है,
हर रास्ते पर मुश्किले
मन में अगर उमंग है तो हर मुश्किल
आनंद का तोहफा होती है।
यहाँ तो रास्ता हमें बनाना है,
इन पत्थरों के बीच।



એથી કંઈ સાર નિકળ્યો નહીં. પછી જંગલમાં લાકડા કાપવા જતા કેટલાક માણસોનો સંપર્ક કર્યો, પણ છેવટે નિષ્ફળ ગયો. છેલ્લે એક માણસ એવો મળ્યો જે હિમ્મતવાળો હોય અને આ બાબતમાં રસ ધરાવતો હોય. ઉત્સાહી માણસ કાર્ય કરવા તો તત્પર બને પણ ભટક-ભૈરવોની આગળ તેનું કંઈ ન ચાલે. છેવટે એક દિવસ બધી જ ગોઠવણ કરીને ગિરિરાજ પર ગયો. આદીશ્વર દાદાનું નામ લેતા લેતા

गंगोत्री ग्लेशीयस् से
१ कि.मी. दूर गौमुख तक
पहुँचने के लिये
पत्थरों के बीच रास्ता ।
पत्थर में रास्ता है या रास्ते में पत्थर ?



આગળ વધ્યો. જે ઔષધિનું સ્થાન બતાવેલું હતું. તે સ્થાનથી લગભગ ૫૦ મીટર દૂર સુધી પહોંચ્યો. હવે એ દિવ્ય ઔષધિ શોધવાની હતી. દિવ્ય ઔષધિને ઓળખાણ માટે એક સાદો પ્રયોગ કરવાનો હતો. જંગલમાંથી કોઈક મરેલું જીવડું મળી જાય તો સાથે રાખવું અને કંઈક નવી વનસ્પતિ દેખાય તો તેની પાસે રાખવું તેથી શું થાય છે. ખબર પડે. પણ યોગાનુયોગ કેવા એક ખીસકોલી મળી ગઈ તેણે

दूर है मंझिल दूर सही,
प्यार हमारा क्या कम है ।
जो हिमालय से प्यार करता है,
उसे हिमालय खुशी के
खजाने लुटा देता है ।



થેલીમાં લઈ લીધી. આગળ ચાલ્યાં. થોડું ચાલ્યો ત્યાં એક નોળીયો પેલા લાઈને જોઈને ઉછળવા લાગ્યો. જાણે એમ કહેતો હોય. 'આવી જાય મારી પાછળ પાછળ' પેલો સમજદાર માણસ એની પાછળ ચાલ્યો. એક સ્થાને નોળીઓ સાપના સફળા ઉપર ચઢીને બેઠો. જાણે કહેતો હોય કે આટલામાં જ કોઈ સ્થાને તે દિવ્ય વનસ્પતિ છે. તપાસ આદરી અડધા પોણા કલાકે તે વનસ્પતિ મળી. મરેલી ખીસકોલીના નાક પાસે એ વનસ્પતિને બે ક્ષણ સ્પર્શ કર્યો. ખીસકોલીમાં કંઈ સંચાર થયો નહીં. ન જ થાયને મરેલા કંઈ જીવતા થતા હશે ? ખીસકોલીને પાછી કપડાની થેલીમાં મૂકી દીધી. પેલો ભાઈ થાકીને એક તરફ બેઠો. એનું ધ્યાન ખબર નહીં કઈ બાજુ હતું. ૮-૧૦ મિનીટ પછી વળી પાછા પ્રયોગ કરવા ઉભો થયો. થેલીમાં હાથ નાખી ખીસકોલી કાઢવા જાય છે. ત્યાં

पत्थरों से पंगा लिया है तो...
हिमालय की बर्फानी ठंडी में
खुले पाँव पथरीले पथ पर
आगे बढ़ते जैन साधु...



ખીસકોલી હતી જ નહીં. કપડાની મોટી થેલીમાંથી ખીસકોલી જાય ક્યાં ? આજુ બાજુ એવું કોઈ જાનવર આવ્યું નથી તો શું થયું. એ ખીસકોલીનું કંઈ ખબર નથી. પરંતુ, એક વાત તો પાક્કી થઈ ગઈ 'આ ઔષધિએ કંઈક ચમત્કાર કર્યો છે.'

ઔષધીને નોતરૂં આપ્યું પૂર્વ તૈયારી મુજબ ગુલાબના ફૂલોની માળા ચઢાવી. શ્રીફળ મૂક્યું. દીવો ધૂપ કર્યા. તે માણસ પાછો આવી ગયો. બીજા દિવસે વહેલી સવારે એ ઔષધીના સ્થાને પહોંચે તો ઔષધી ત્યાં હતી જ નહીં. ફૂલ ન હતા, માળા ન હતી. માત્ર શ્રીફળ પડ્યું હતું. ઔષધિના સ્થાને નાનો ખાડો થઈ ગયો હતો.

પેલો માણસ હાથ ઘસતો રહી ગયો. તેના હાથમાં કંઈ ન આવ્યું.

**ऊपर से पत्थर आ रहे हैं,**
**हमें आगे बढ़ना है**
**उनसे बचकर...**



આ કોઈ ઐતિહાસિક વાર્તા નથી વર્ષો પૂર્વ બનેલી સત્ય હકીકત છે. આ વાતને કેવી રીતે લેવી એ તો પોતાની મતિ પ્રમાણે સૌ વિચારે ક્યારેય માની ન શકાય તેવી વાત ને કેવી રીતે માનવી ? આ વાતને માનવા આપણું મન ન જ માને. પણ, આજે તમે મને પૂછો કે 'શું આવું હોય ?' ત્યારે હું કહી શકું 'આ દુનિયામાં આવું હોય.' 'આવું શું ? આના કરતા પણ વધુ અચરજથી ભરેલી આ દુનિયા છે.

**न राह है, न राहबर है,**
**सिर्फ**
**चाह है चाहत है,**
**मंझिल अपने आप चली आएगी ।**



ઘરના ચાર ખુણામાં બેસીને દુનિયાની વાત કરવી જુદી વાત છે અને ઘરથી બહાર નીકળીને વિશ્વફલક પર ફરી ફરીને આ દુનિયાને માણવીએ અલગ વાત છે. ગુજરાતીમાં કહેવાય ને ? 'ફરે તે ચરે બાંધ્યું ભુખે મરે'.

હિમાલયની અચરજ ભરી દુનિયાની વાતો જેટલી કરીએ તેટલી ઓછી છે. જીવ ને મુઠીમાં રાખીને ચાલવાવાળા સાહસિક માણસોને આ બધા અનુભવ થાય. તમે બાજુના ફોટામાં જોઈ શકો છો. એક તરફ ઉંડી ખાઈ છે. બીજી તરફ પર્વત પરથી પડતા પત્થરો. આ ફોટો જુઓ ઉપરથી નાના-મોટા પત્થરો લપસતા આવી રહ્યા છે અને તેનાંથી બચતાં બચતાં જૈન સાધુ ચાલી રહ્યા છે. રસ્તો જુઓ કેવો છે. અરે રસ્તો છે કે નહીં ? એ જ ખબર પડતી નથી. માટીના આવા ડુંગરના

**कहाँ गया रास्ता देखो...**
**ऊपर से पत्थर लुढ़क रहे हैं,**
**हमारी थोड़ी-सी असावधानी**
**मौत का पैगाम ले आती, परंतु**
**चिंता 'उसे' है, जिसने हमें यहाँ तक पहुँचाया।**



ઢોળાવો પર ચાલતા ગમે ત્યારે ગમે તે થઈ શકે છે. પણ કંઈ નહીં 'રામ રાખે તેને કોણ ચાખે' અમને એટલી ખબર હતી કે જેણે અમને અહીં મોકલ્યા છે. 'તે' જ ધ્યાન રાખશે.

હજારો પ્રતિકૂળતાની વચ્ચે રહીને પણ પ્રસન્નતા જાળવવી એક મોટી ચેલેંજ છે. તેમાંય સાવ અજાણ્યા ક્ષેત્રમાં એકલા અટુલા કોઈનો સાથ અને સહાય લીધા વિના માત્ર ઉપરવાળા ઉપર ભરોસો

लगालो अंदाज कठिनाईयों का..
लगालो अंदाज आनंद की बौछार का...
झरना बहता रहता है,
जैन साधु चलता रहता है।



श्वेतशिला पुत्रों के सान्निध्य में
आचार्यश्री.... ।
जहाँ श्वेत सलील निर्झर की
अठखेलीया वातावरण को
आंदोलित करती है ।

કરતા આગળ વધવું એ જીવનનો એક લ્હાવો છે. કહેવાય છે કે આપણા જીવનમાં જ્યારે સૌથી વધુ વિષમ દિવસો હોય ત્યારે ભગવાન આપણાથી વધુ નજીક રહે છે. કદાચ એવું જ કંઈક અમારી સાથે થયું હતું. ગૌમુખ આવનારા ઘણા યાત્રિકોના મનમાં સંજીવની બુટી જોવાની ઈચ્છા હોય છે. તે માટે પૂછ-પરછ પણ કરતા હોય. સ્થાનિક લોકો સાથેની વાતમાં સંજીવનીની વાત લગભગ નિકળેજ.



પણ, અહીં જે વનસ્પતિનો ભંડાર છે, ત્યાં સંજીવની કઈ એ જ ખબર ન પડે. એક જુઓ અને બીજી ભુલો. ક્ષણભર પહેલા દેખાતી વનસ્પતિ ક્ષણ એક બાદ નવા રૂપરંગ અને આકાર સજી લે. આવા નાટકીય પરિવર્તન વનસ્પતિઓમાં થાય તે ભારે અચરજ ઉભું કરે. થોડી વાર પહેલા એજ વનસ્પતિના રૂપ-રંગ-આકાર જુદા હોય અને થોડી વાર પછી બદલાઈ જાય. આ જોઈને કોને આશ્ચર્ય ન થાય. વળી એક વનસ્પતિ તો એવી જોઈ કે દિવસે તો સૂર્યપ્રકાશમાં ઝળાહળા ચમક્યા કરે અને રાત્રે પણ તે જ રીતે ચમક્યા કરે. હિમાલયની ઔષધિઓ સંબંધી ક્યાંય વાંચ્યું હતું કે હિમાલયમાં એવી વનસ્પતિ થાય છે.

રાત્રે અને દિવસે પ્રકાશ કરી દીપ શિળાંગ કલ્પવૃક્ષો માટે અને જ્યોતિરસાંગ કલ્પવૃક્ષો માટે

**-८° डीग्री तापमान में हिमालय पर**
**जैन साधु की पैदलयात्रा**
**सृष्टी का संतुलन बनाये रखते ये छोटे-छोटे**
**पत्थरों का सूक्ष्म स्पंदन अनुभव करते**
**आचार्यश्री...**



आपणा जैन शास्त्रोमां वात आवे के एवा वृक्षो थाय जेमांथी सतत प्रकाश निकळ्या करतो होय, जेथी आसपासना लोकोने अंधकारनो आभास न थाय. अहीं पण एवी वनस्पति अमे जोई जे रात्रे पण प्रकाश पाथरे अने दिवसे पण. अहिंना केटलाक साधुओना कहेवा प्रमाणे आवी वनस्पतिओ तो हिमालयमां घणी छे. गौमुखथी तपोवन क्षेत्र तरफ आगळ वधो तो जोवा मळे अने तेनाथी आगळ

दुर्गम मार्ग,
गौमुख जाते हुए
एक-एक कदम
संभलकर रखना है।



વધો તો ગાંધર્વલોકમાં તમે પ્રવેશ પામો હિમાલયના માનવ સંચાર રહિત વિસ્તારમાં ગાંધર્વ કન્યાઓ અને ગાંધર્વકુમારની રમત ગમત ચાલ્યા જ કરતી હોય. એક વૃદ્ધ સાધુને આ બાબતે પૂછતા તેમણે આ બાબતમાં એટલો રસ ન લીધો. એટલું જ કહ્યું 'बाबाजी ! यह तो हिमालय है, इसकी लीला कौन जान सकता है ?' અમારૂં કુતૂહલ કંઈ કરી શક્યું નહીં. પણ ગર્ભિત રીતે એ વાતમાં એ સંમત હતા એવું લાગ્યું. તપોવનથી આગળ જવું જૈન સાધુ માટે તો ઘણું મુશ્કેલ છે.

બરફાચ્છાદિત પર્વતો ખુંદીને જવું પડે, સુરક્ષાની કોઈ ગેરંટી નહીં. હિમાલયમાં વિહાર કરતા અમને આવી વાત સાધુ-બાબાના મુખે સાંભળવા મળતી. સંજીવની માટે કંઈક વાત

**हिमालय के दुर्गम स्थानों में**
**विहरण**
**सफेद पत्थरों के बीच आनंद यात्रा...**



भोजवृक्ष का जंगल

નિકળતી તો કહેવામાં આવતું - 'बाबाजी ! धरती पर जितनी भी औषधीयाँ है, वह सब संजीवनी ही तो है, कोई न कोई प्रकार से इंसान को जीवितदान करती है न' વાત તો સાચી છે એવી કઈ ઔષધી નથી કે જે સંજીવની ન હોય ? બધી જ વનસ્પતિ સંજીવની છે, બસ તેના ઉપયોગના ઉપાય જાણી લઈએ. યોગ્ય રીતે તેનો ઉપયોગ કરીએ તો બધી જ વનસ્પતિ સંજીવની છે.



गणेश शिखर

ગૌમુખ ક્ષેત્રથી થોડુંક આગળ જતા એક નાનકડી ગુફામાં વૃદ્ધ માતાજી રહે છે. ક્યાંય કેટલાય વર્ષ થઈ ગયા. અહીં ફરવા આવેલા અને અહીં જ રહી ગયા છે. ભૂલા ભટક્યા ને ભોજન પાણી કરાવે છે. રાત કોઈને રહેવા દેતા નથી. પણ આશ્ચર્ય એ થાય કે એમની ગુફામાં આટલું વધુ અનાજ આવે છે ક્યાંથી ? એ ક્યારેય અનાજ લેવા જતા નથી, નથી કોઈ બીજા માણસો તેમને કંઈ પહોંચાડતા.



हिमालय की चोटी

પણ ત્યાં સુધી કોઈ જઈ શકે તેવું પણ નથી. ગુફા દ્વાર એટલું નાનું છે કે લગભગ બરફની શિલાઓથી ઢંકાએલું રહે એ તો કોઈક રસ્તો ભટકી ગયા હોય અને જંગલમાં એકલા અટુલાં ભૂખ્યા તરસ્યા કોઈ અહીં આવી પહોંચે તો પેટ ભરીને ભોજન મળે અને આગળનો માર્ગ મળે. ગુફામાં ઓઢવા પાથરવાની એક પણ વસ્તુ નથી. નથી કોઈ વાસણ-કૂસણ. સાદી ગુફા જેવી ગુફા એક પણ વસ્તુ ગુફામાં નથી.





તો વિચારો આ માતાજી - સાધ્વી એવું તો શું કરતા હશે કે બધુ જ હાજર થઈ જાય. રહસ્યને રહસ્ય જ રાખવું પડે તેમ છે. અમે પણ આ બાબતે વધુ કંઈ જાણી શક્યા નથી. ભોજવાસામાં ઘણી પૂછપરછ કરી આ બાબતે વિશેષ જાણવા માટે પણ અમે અસફળ રહ્યા. જેમ જેમ હિમાલયને ઓળખવાનો અમે પ્રયત્ન કરી રહ્યા છીએ તેમ તેમ આ હિમાલય અગમ અગોચર બનતો જાય છે.



भोजवासा
बंगाली बाबा आश्रम

અમે ગૌમુખ ક્ષેત્રમાં માત્ર બે દિવસ રોકાયા તોય આટલું અચરજ થયું. ખરેખર કોઈક સાધકે અહીં રોકાવું જોઈએ. અહીં મહિનાઓ સુધી રોકાવાની વ્યવસ્થા છે. જૈન સાધુને સંયમ જીવનની તમામ અનુકૂળતા અહીં છે. જો કોઈક અહીં રોકાઈને હિમાલયની ખોજ કરે તો ઘણા આશ્ચર્યો બહાર આવવાની સંભાવના છે. પણ હિમાલયમાં આવવું આપણા હાથમાં છે. હિમાલયથી નિકળવું આપણા



गंगोत्री ग्लेशीयस् के पास

હાથમાં નથી. ભારતના લોકો હિમાલય આવવા માટે નિકળતા તેઓ ઘરની સંપૂર્ણ વ્યવસ્થા બીજાને સોંપીને જ નિકળતા. હવે પાછું ઘરે અવાય કે નહીં. એટલે જ હિમાલય ગયેલાની પાછળ કોઈ રાહ જોતું નહીં. લોકમાં વાત ફેલાઈ જતી. ફલાણા ભાઈ 'હેમાળો ગળવા' જાય છે. એટલે કે હિમાલયમાં સામેથી મૃત્યુને ભેટવા જાય છે. જો કે હમણા તો વ્યવસ્થાઓ ઘણી થઈ ગછી એ એટલે ઘરે પાછા





તો આવે છે, પણ હિમાલયના વાતાવરણમાં હજુ ઘણો ફેરફાર થયો નથી. હિમાલયના તોફાની પવનો, બરફનો વરસાદ સતત શૂન્ય ડીગ્રી નીચે રહેતો પારો. પાતળી હવા, હવામાં ઑક્સીજનની ઉણપ. ગમે ત્યારે ગમે તે થઈ શકે એવી પરિસ્થિતિ. સૂરજનો તડકો પણ ઠંડી વધારે તેવો. માણસ ક્યાં સુધી ટકે. અરે પેટ પુરતો આહાર પણ મળે કે નહીં જેટલું વિચારીને આવ્યા હોય તેનાથી જુદુ જ



गंगोत्री ग्लेशीयस्

અહીં જોવા મળે. આટલી બધી વિષમતામાં માણસ નામનું પ્રાણી ક્યાં સુધી ટકી રહે ? જોકે આટલી પ્રતિકૂળતાની વચ્ચે અમે તો ટકી ગયાા. બસ કોઈક શક્તિ અમારી સાથે હતી. અમે નથી જાણતા એ દિવ્યશક્તિ કોણ હતી ? અમારે સાથે શા માટે હતી ? પણ કંઈક હતુ એ ચોક્કસ છે. જો એ શક્તિ અમારી સાથે ન હો'ત તો નિશ્ચિત અમે પાછા આ ધરતી ઉપર આવી શક્યા ન હોત. ગુરૂદેવના



सौंदर्य का साम्राज्य...
गंगोत्री ग्लेसीयस्
जिसकी गोद में है...
गौमुख
बस, अब पहुँच ही रहे हैं हम...

આશીર્વાદ જ એ શક્તિ રૂપે હતા. અમારૂં મન્તવ્ય એવું છે. અમે વારં વાર એ વાત કહીશું. જેણે હિમાલયની યાત્રા માટે વિચાર મૂક્યો તે જ હિમાલયની યાત્રા કરાવી રહ્યા છે. અન્યથા હિમાલયની સામે ટકી રહેવું. માણસનું કામ નથી. તેમાંય આવી તિક્ષ્ણ ઠંડીમાં સાવ સામાન્ય આછા વસ્ત્રો પરિધાન કરેલા જૈન સાધુ માટે તો હિમાલય એ સ્વપ્ન છે. અહીં રહેનારા બાબા... જોગી તો હિમાલયમાં રહેવા



માટે ટેવાઈ ગયા હોય. અહીંની અમુક ઔષધિની જાણકારી પણ હોય. ઔષધિનો પ્રયોગ કરીને પણ શરીરની ગરમી જાળવી રાખે, ઠંડી લાગવા ન દે. અમારી પાસે તો એવું કંઈ નથી. અમારી પાસે તો માત્ર આ જ છે...

આશીર્વાદ ! માત્ર
ગુરૂના આશીર્વાદ અને આ હિમગિરિમાં
વિચરણ કરતા આદિનાથ દાદાના
શુભ અને શુદ્ધ પવિત્ર પુદ્‌ગલો
પગલેને પગલે પથરાએલા છે.
એ જ
તો સંભાળતા હતા અમને.

**गंगोत्री ग्लेशीयस् में**
**हिमालय बाबा का मुँह दिखता है।**
**गौर से देखो...**



## ગંગોત્રી
## જેઠ સુદ ૧૦, ગુરુવાર,
## તા. ૨૪.૦૫.૨૦૧૮

આજે સવારે ૬.૦૦ વાગ્યે ભોજવાસા થી વિદાય લીધી. હજુ તો ૫૦ ડગલા ચાલ્યા ત્યાં એક નાનો છોડવો નજરે ચડ્યો જાણે આખો છોડ કાચનો બનેલો હોય તેમ ચમકતો હતો. આશ્ચર્ય થયું. એકદમ પાસે જઈને જોયું તો બધી ડાળીઓ પર બરફ જામેલો હતો. રાત્રે બરફ નો વરસાદ પડ્યો હશે. ઝાડ બરફ નું થઈ ગયું. અમે એનું નામ આપ્યું 'કાચ નું ઝાડ' નજરો ને બલાત્ ત્યાંથી હટાવવી પડી. સંજીવની બુટ્ટીની કાકાની દિકરી બેન એવી આ અલૌકિક વનસ્પતિનું આકર્ષણ ઘણા સમય સુધી રહ્યું. જાણે અમને કહેતી હોય. 'મને સાથે લઈ જાવ' પણ એ શક્ય બન્યું નહીં. ગંગોત્રી અરણ્યમાંથી એક પાંદડું પણ

दूर दिख रही है
गणेश शिखर की चोटी ।
-१२° डीग्री तापमान है ।



લેવાની મનાઈ છે. હજુ ૧૪ કિ.મી. ચાલવાનું બાકી છે. એક વાત ની નિરાંત હતી હવે નીચે ઉતરવાનું જ હતું. અમે ચાલ્યા, રસ્તા માંથી લગભગ સુકાઈ ગયેલી ૧૦-૧૨ વનસ્પતિઓ ના નમુના સાથે લીધા. ભોજપત્ર ની બે સુકી લાકડી લીધી. તોય ૧૨ વાગ્યા સુધી પાછા આવી પહોંચ્યા.

આજે 'ગંગા દશમી' છે અહીં આવ્યા પછી જ ખબર પડી. અહીં ગંગા દશેરા નો મોટો મહિમા છે. આખું ગામ શણગારવામાં આવ્યું હતું. ગંગા મંદિર માં યાત્રિકો ની ભીડ સમાતી નહોતી. વર્ષ માં એકવાર ગંગા દશમી ના દિવસે મંદિર માંથી ગંગા ની મૂર્તિ ગંગા કિનારે લવાય. તદ્યોગ્ય અનુષ્ઠાનાદિ થાય. એ બધું બપોરે ૧૨ સુધી તે પછી ગંગાદેવી નિજમંદિર માં ચાલી જાય. ગંગોત્રી ધામ ના તમામ સાધુ-બાવા- સંન્યાસી ભેગા થાય.

## गौमुख क्षेत्र से वापसी



ભંડારા થાય. યોગાનુયોગ આજે બધુ અમને જોવા મળ્યું.

આજે સાંજે વિહાર નથી થોડોક થાક ઉતરી જાય પછી યાત્રા આગળ વધે.

આનંદની હેલી વરસાવતા હિમાલયમાં અમે વિચરી રહ્યા છીએ.

એક પ્રસંગ યાદ આવે છે આજથી લગભગ ૨૫૦ વર્ષ પૂર્વે એટલે કે વિ.સં. ૧૮૦૬માં ભૂતાન દેશના એક શ્રાવક. નામ તેમનું લામચીદાસ ગોલાલારે. તેઓ એ ભૂતાનથી ચીન-બર્મા-કામરૂપ થઈને અષ્ટાપદની યાત્રા કરી હતી. તે યાત્રામાં તેઓને ૧૮ વર્ષ લાગ્યા હતા. તેમણે આ યાત્રાનું સુંદર વર્ણન **'मेरी कैलास यात्रा'** નામની પુસ્તકમાં કર્યું છે. યાત્રાવર્ણનના રસીક હૃદયી મિત્રોએ પુસ્તક વાંચવું રહ્યું.

गंगोत्री अरण्य



યાત્રાનું વર્ણન એમના જ શબ્દોમાં જોઈએ -

अथ श्री कैलाश पर्वतजी का पत्र लिख्यते। यात्रा निमित्त क्षत्री लामचीदास सूर्यवंशी गोलालारे जैनी दीक्षा समय के पूजक अथवा पंडित सो आगम पढ़ (बीच) ताने अनुसार विक्रम संवत् १८०६ हिन्द महान मुल्क ताकि ईशान दिशा हिमालय पर्वत के समीप भूटान देश में गिरमध्यनगरवासी सो ब्रह्मा, चीन की सैर के निमित्त अथवा दर्शन निमित्त यात्रा को चले। सो कठिन व्रत घर के कैलाश के दर्शनों की अभिलाषा करी क्योंकि पक्षी अपने पंखों के बल से निरंजनपुरी देखना चाहे सो वहां देखिये। आखिर अपनी यथाशक्ति से ऊंचा उड़ेगा तो मरण ही होगा। सो मैं तुच्छ बुद्धि धर्मयोग शुद्ध मन कर



अपने गृह का मोह छोड़ अपने राजा बलवीर्य सिंह बोद्धमती सूर्यवंशी को छोड़ अथवा अपने भूटान देश गिरमध्यनगर महा सकलकुटुम्ब धर्म समीपी मित्रों को छोड़ प्रथम चल कोस १५० में कामरु देश और वामरु नगर तामें गये जहाँ जादू-मंत्र विद्या का प्रचलित जोर है, तहां से चल पूर्व ओर ब्रह्मा मुल्क में किरीठमदेश कोसीनगर कोस ४०० चलके गये, तहां की स्त्रियाँ मुलम्मे का काम बहुत अच्छा करे है शरम हिजाब नाहीं। तहां से पूर्व ओर चले, ब्रह्मा मुल्क में मध्यप्रदेश कोस २०० आवा शहर में गये। इस मुल्क के बादशाह का तख्त इसी नगर में विराजे हैं। सकल देश और राजा बौद्धमती है, तहां से चल पूर्व ओर ब्रह्मा मुल्क में कपूरीदेश केशवनगर कोस ३५० गये, तहां सुगंधित असली अगर तगर कपूर

भोज पत्र



कोइमा (भीमसेनीकपूर) बहुत है। (यो सुगंध और जगह १००) तोले में नहीं है और वहाँ के पहाड़ों में सोने रुपे की खानि है। तहां से चल पूर्व और इसी मुल्क में कोचीन मुल्क की सीमापर व्हावल पहाड़ ताके घाटेपर हेवानगर कोस २५० गये और इस पहाड़ी पर बाहुबलीजी की प्रतिमा कायोत्सर्ग खड़े योग बड़ी-बड़ी ऊंची जगह-जगह हैं सो यहाँ के बौद्धमती उनको बाहुबयी गुरु अवतार अपना जान कार्तिक बदी का बड़ा मेला जोड़कर पूजे हैं। उन प्रतिमाओं का एक हाथ उपदेशरुप उठा जानना, तहां से चल कोचीनमुल्क वींदमदेश, होवीनगर कोस ६०० गये। इस मुल्क का राजा इसी नगर में राज करे है और सकल मुल्क बौद्धमती है।... सो इन छहों चीन में आठ तरह के जैनी देखने में आये हैं खास चीन में तो

## एक अलौकिक वनस्पति



तुनावारे जैनी हैं। कोरिया चीन में पातके हैं और घघेलवाल, वाघानारे जैनी हैं। तिब्बत चीन में सोहनावारे... फिर वहाँ से चल तिब्बत ही में दक्षिण दिशा की ओर कोस ८० गये वहाँ सुन्दर नानाबन तामें मानसरोवर तहा सुन्दरताल तिसमें तरह-तरह के पक्षी कलोलरुप चकवा चकवी महा मोह के भरे केल करे हैं, ताही वन में दाड़म अखरोट, अमरुद आलुबुखारा अथवा सकल सुगंधभरे फूल होय हैं, मानसरोवर में महा सुन्दर कमल खिल रहे हैं सो उस बन के किनारे पर सिलवन नगर

**पहचानो यह क्या है ?**
**एक अद्भुत औषधी**



है, ताफा कोट कोस १६ का हैना बाजार कोस दो दो के जानने, उस नगर जैनी जैन पन्थी बसे हैं, तहाँ हम एक वर्ष रहे और हम दीक्षा समय के पूजक उनके आगम सुन ग्यारह प्रतिमा के धारी भये... सो एक सुहावना थल मानसरोवर की उत्तर की ओर पड़ा है। तहाँ कभी पवनंजयकुमार, हनुमान के पिता अपने नगर से चल रावण की मदद को लंका जाती बार उस स्थल पर डेरा कर रहे थे। सो यह बात वहाँ के मनुष्य हमसों कहते थे। अब उस वन में जीवों का बहुत भय है, सो पंचमकाल है,

**कहाँ है रास्ता ?**
**कहाँ है मंझिल ?**
**गौमुख... गणेश शिखर के सामने जहाँ पल-पल हमारी हिम्मत की इम्तिहान होती थी...**



हमने जान बेच दर्शन किये थे और वह तीनों अटाई को ५५ चैत्यालय का बहुत मेला भरे हैं, परंतु जीव का भय रहे है। तहां से चल चीन की सीमा मांहि दक्षिण दिशा की ओर हनुवर देश में दस पन्द्रह कोस पर हमको कई पंथियों के तथा बीसपंथियों के बहुत नगर मंदिर आये। सो हमको सब रोकते भये - तुम आगे कहाँ जाओ हो, आगे जाने का ठिकाना नहीं है, बनबेलें बहुत खड़ी हैं वन उद्यान पड़े हैं, पहाड़ों में रास्ता नहीं पावे है, कैलास के दर्शन कठिन हैं, मनुष्य का जाना इस समय दुर्लभ है,

**सुहाने सफेद फूल**
**क्या कुछ**
**नहीं कर सकते**
**हिमालय की अतिदुर्लभ औषधि**



सो तुम मत जाओ, पर हमने किसी की एक न मानी... वह वन कैलास की दक्षिण की ओर तले तले पूर्व पश्चिम लम्बा कोस ६००, उत्तर दक्षिण चौड़ा कहीं २० कोस, कहीं ४० कोस, कहीं ८० कोस जानने और वह हनुवरदेश नगर राजा प्रजा सब जैन जानने, वहां के श्रावक राजा सूर्यवंशी चन्द्रवंशी क्षत्री हैं, जैन के मंदिर उस देश में लाखों है। घर इस नगर में १५०० हैं सो कोई दो गज कोई ३ गज का ऊंचा खाली शिखर है, चौक द्वारा नहीं है और कोई मंदिर उनमें महादीरघ

**हम नहीं जानते इसमें क्या रहस्य छुपा है।**



शिखरबन्द बिराजे वेदी, रत्नजड़ित हैं मंदिर महामनोज्ञ हैं, बिम्ब शुद्ध विराजे हैं - वेदी सुवर्ण रत्नमई है चौदह मणि रत्न लाल रत्न ये चार पाईये हैं। उस देश के मनुष्य उस वन के जीवों से भयवान रहें हैं। सकल नगरों के कोट हैं सो एक पहरदिन से नगरों के द्वार भिढ़ जाय हैं, और उस देश के अथवा नगर के श्रावक हमको देख सब रोकते भये यो बन में मत जाव, कदाचित् मर जाव और कहने लगे तुम क्यों बावरे भये हो इस वन में कोई जीव सिंह, सार्दूल तुमको भख जायगा तातें

**हिमालयी हरे गुलाब है ना मजेदार।**



हमको कैलाशजो दर्शन १२ मास यहाँ ही ते होय हैं, सो तुम प्रभात के समय करना, क्योंकि यहां तें ४० कोस तक तो वन है, आगे योग १ सागरगंग दरिया है और ३२ कोस ऊंचा कैलाश है, सो इस ऊँचाई पर कुछ दूर नहीं है, कैलाश के दर्शन तो सौ सौ कोसतें होय हैं यहां तो कभी कभी मंदिरों के चिन्ह भी हिम में दबे हैं और जब हिम ग्रीष्मऋतु में खिरे है, तब दिखाई दे हैं, सो तुम दर्शन यहां ही से करो आगे मत जावो सो हमने एक न मानी, तब श्रावक चुप हो रहे। हम दर्शनों की अभिलाषा

**सुंदरता का कोई जवाब नहीं !**
**इस दिव्य वनस्पति में ऐसा क्या है जो हमारी नजरों को पकड़ के रखता है।**



गौमुख क्षेत्र की अतिदुर्लभ वनस्पति

के वश होय नाहर के मुख हाथ घाल विगत प्राण देने से बेडर हो मूढ़मति विचारी, यो न जानां कि आगे सागरगंग नाला है। चार कोस गहरा चौड़ा जहाँ घाटका निशान नहीं किस विध उतरेंगे। आगे कोस ३२ ऊंचा गिर फिर पर्वत की आठ पैडी एक-एक योजन की ऊंची सौ किस विधि चढ़ेंगे, परंतु अपना मरण मान दर्शनयोग वहाँ से चल सहज-सहज मारग प्रभु की अतिशय से उस बन के पार भये। आगे सगरगंग नालापर जाय वीतराग भाव धर खड़े जोगध्यानधर इस विधि आंखड़ी लई कि



जब लों कैलाश के दर्शन नहीं होंगे तबलग आहार, पानी त्याग और सन्यासमरण यहां ही करुंगा और कदाचित् दर्शन हो भी जाय तो और २३ महाराज की निर्वाणभूमि के दर्शनकर वस्त्र दूर करुंगा, मुनिव्रत धारुंगा, परिषह सहूँगा कदाचित् न टरुंगा, वस्त्रत्याग शीतघाम सहूँगा। इस तपस्या में आहार पानी के त्यागने से दिन ४ भये तब एक व्यंतर कहा दयावान मनुष्य का रुपधर हमसे कहता भया, तुम कौन हो ? तब हम कहीं प्रभु के पायक हैं। कैलाश के दर्शन करेंगे तब वह व्यंतर बोला,

गौमुख क्षेत्र की वनस्पति
जिसके फल खाने से
ठंडी नहीं लगती।
परंतु, सावधान !
आपकी तासिर कैसी है ?



**लालपत्तो वाली**
**अजब गजब वनस्पति**

हे मूर्ख तू बावला है कैलाश के दर्शन कैसे करेगा ? जा, यहां से कैलाश के दर्शन नहीं होंगे। तब हम फेर कही हे महाराज तुम कौन हो ? जो हमको क्रूर भये हमको बावला कह धक्का देओ हो, और डराओ हो सो मैं बावला नहीं हूं। तुम जो हमको भगवान के दर्शन को मना करो तुम हीनधर्मी हो। तब व्यंतर फिर बोला, हे भाई तू अजान है यह सगरगंग है ४ कोस गहरा है। चौड़ा नाला है, आगे ३२ कोस ऊंचा गिरि है। तुमको दर्शन कैसे होंगे ? तब हम कहीं हो सो तुम जाओ बोलो नहीं फिर



उन हमको तपस्वी जान दयाभावकर कहा तू आंखमींच तब हमने आंख ढापी (मींची) तब हमको कैलाश पर्वत पर ले जाय सकल दर्शन कराये, पहर दोय में हमको उसी जगह छोड़ गया और दर्शन के वक्त वह व्यंतर सकल भेदवस्तु बतावता भया। मंदिरों की उत्पत्ति टोंक अथवा मेवा, वनस्पति, धातों की खान, मुनों की निर्वाण भूमि, प्रतिमाओं आकार सकल भेद कहां, सो हमको जब वह उसी जगह पर छोड़ गया तब हम पूंछी महाराज कौन हो उन कही मैं व्यँतर हूँ, खबरदार! किसी से कहना

भोजवृक्ष का वन
गौमुख क्षेत्र



रातो रात बर्फ में
जम गई।
संजीवनी बुटी की
चचेरी बहन।

नहीं - इतना कह रम गया। सो कैलाश के दर्शन हमने किये, अच्छी तरह किये, मन आनन्द भयो भव्य दर्शन करो, अष्टकर्म - बंध छूट जायेंगे निश्चित जानने। सो दर्शन हमने ऐसे किये, प्रथम तो ऋषभदेव का टोंक बन्दा सो सुवर्ण मई जड़ाऊ जोग बन रहा है, महामनोज्ञ है, गुम्मजदार है, टोंक में चरण बन रहे हैं, महा सुन्दर हैं, दिव्य उद्योत को करें है श्वेतवर्ण रत्नमई गुम्बज की चोटी है। सो टोंक दक्षिण दिशा की ओर सोने की खानिपर है ८०० धनुष ऊंचा टोंक विराजे है, महिमा वरणी



લાભભાઈ !
માથે હાથ દેવાથી નહીં ચાલે.
હજુ તો આખો હિમાલય હાલવાનો છે.
ગૌમુખથી પાછા વળતા હળવી
પળોમાં...

जाती नाहीं। सो टोंक भरतजी का बनाया देवाराधित मरम्मत रहे हैं। फिर वहाँ से चल ७२ मंदिर बंदे सुवर्ण मई, रुपामई और तांबामई धतुमई बंदे उनमें एक मंदिर भरतजी का बनाया रत्नमऊ जड़ाई है, ऊंचा १००० धनुष मंदिर ६०० धनुष का, गुम्बज २०० धनुष की, चूलका १०० धनुष की, कलश रत्न जड़े महासुन्दर हैं, तहां तीन तीन चौवीसी की ७२ प्रतिमा अतीत अनागत वर्तमान, काय यथायोग्य संयुक्त जैसा उनका शरीर तैसे ही धनुष की प्रतिमा रत्नमई देवाराधित दिव्य



उद्योत को धरे बिराजमान हैं सो जैसे काय का रंग तैसे ही रत्नों की प्रतिमा विराजे हैं। महासुन्दर हैं, तिनको बारम्बार मेरा नमस्कार हैं। इस मंदिर में ८४ जाति के रत्न जड़े हैं प्रतिमा पद्मासन हैं और वे ७२ मंदिर और बनाये अथवा भरत ने बनाये अथवा भरत के पुत्रों ने बनाये प्रतिमा रत्नमई, सुवर्णमई धातुमई पाषाणमई बहत्तर जाननी सो उन ७१ मंदिरों में से ३ मंदिर सुवर्णमई, १० रुपमई और ३६ मंदिर तांवामई २२ मंदिर धातुमई सब मंदिरों पर देवाराधित मरम्मत रहे हैं, सो हमने

**ये हिमालय है, डरनेवालों का काम नहीं।**
**ऊपर बर्फ की चद्दर है,**
**खूब नीचे गंगा, तापमान -१०° डीग्री**
**मिट्टी का टीला है,**
**पाँव संभलकर रखना है। लेकिन,**
**हिमालय की असली मजा तो यही है।**

दर्शन या विधि मनवचनकाय से किये फिर मुनों की निर्वाण भूमि बंदों सो कैलाशगिरि के ऐसे चित्र देख आया हूँ। उत्तर दिशा को रुपे की खानि है, पश्चिम दिशा में पाषाण की खानि हैं, दक्षिण दिशा की ओर सोने की खानि है, पूर्व दिशा की ओर तांबे की खानि है, अथवा और जंगलों में कई धातु की खानि है चारों दिशाओं में एक-एक योजना के आठ सिवान है। सो गिरि का नाम अष्टापद भी है, गिरि का चक्र योजना चालन की परिक्रमा है महासुन्दर है। तहां बनबेल प्रज्वलित ऊपर बहुत खड़ा है, सो हिम का कारण गिरि की कटनियों में है। सकल मंडलों में महादीरध है, नन्दबन समान महासुन्दर है, उद्योतरुप है, बीच में तालाब है, जल अगम्य है, क्षीर समान है। कमल फूल रहे हैं परन्तु हिम



पांडव गुफा, गंगोत्री धाम

आच्छादित है, कटनी भीतर चकवा चकवी हंस सारस अनेक पक्षी कलोल करें हैं, सकल मेवा वानरचली सुगंध भरी फल फूल रही है, सकल जाति के पुष्प छहों ऋतु के खिले हुए अति सुगंध भरे सोहे हैं और आठ प्रकार के व्यंतर दर्शन के निमित्त आवे हैं, मंदिरों में रहें हैं। सो कैलाशगिरि पर्वत मेरुगिरि के समान हैं, देव रमणीक क्षेत्र है, नीके जानने, पूर्ण ज्योति है, महा उद्योत है और जो मंदिरजी प्रतिमा टोंक पर्वत की महामहिम देख आया हूँ, सो वर्णन नहीं कर सकता हूं, क्योंकि जो दर्शन मैं वहां कर आया था वह ज्ञान यहाँ नहीं रहा। सो कैलाश की महिमा कौन कर सके, कैलास की चोटी बीच में ८ योजन ऊँची है सम भूमिते हैं। सो किनारों पर है, जड़ में जीवों की बधवारी बहुत है। सार्दूल अष्टापदसिंह और मृगादिक केहरी रीछ और चीता, सूमना डांकल, विकराल, अजदहा, दीरघ बिच्छू और बहुत जीव भयंकर रुप के जहर के भरे हुए वहां तले बहुत तिप्टें हैं विचरे हैं। कई जाति की वहां मणि भी पाइये हैं। चिन्तामणि, पद्मरागमणि, लालमणि, सर्पमणि, सर्पसंयुक्त रहे हैं, उस पर्वत पर चौथे काल समान समय रहे हैं। आदीश्वर के समय से आजलों महा रमणीक क्षेत्र है, परंतु हिम से आच्छादित है। दर्शन कठिन है संहन नहीं, एक-सा समय बीते है, बीतेगी, प्रलय के समय गिर जायेगी। से मैं उस नाले ऊपर से चल उसी मारग आया था, उसी मारग होय एक पद भैरव रागनी में बनाया। दर्शनों का फल सकल जैनियों को लिखवाता हुआ अथवा याद करावाता हुए वर्ष १८ माहिं अपने देश आये। वर्ष १ में धर्मशालाओं में ठहरे सो अपनी पहली आखिरी याद कर जो तुमने सगरगंग नाले पर आखिरी लई थी, कि जो दर्शन हो जायेंगे तो हम २३ भगवान की निर्वाणभूमि के दर्शन कर वस्त्र दूर करेंगे सो अब कीजिये। सो हम अपने देश से चल प्रथम तो शिखरजी के दर्शन करते हुए चम्पापुर, पावापुर, राजगृही, कजलीवन, रेवातट और सब जगह दर्शन करते हुए पश्चिमी दिशा की चले प्रथम सोनागिर, मक्शीपार्श्वनाथ, आबुगिरि विन्ध्याचलवन, बड़वानीजी, सतपुरी गिरि मांगीतुंगी जी साद्रिगिरि, गजपंथाजी, गिरनारजी वंदे, फिर वहां से दक्षिण और भावन गर फिर गोमट्टस्वामी तिलंगदेश द्राविड़देशे कर्नाटक देश के चैत्यालय बंदे। तहांसे चल दक्षिणदेश होते हुए नैऋत्य कोन की ओर फिर जैनबद्री नगर में जाय अपनी यात्रा का समुच्चय कथन १०४ पत्र लिखाय बड़े-बड़े देश में भिजवा दिये। जैसे कौशल देश, कुरजांगल देश। सो सकल यात्रा वर्ष २२ लों करी। से इस यात्रा को श्रावक भविजन हो सो निश्चय जानो, इस भांति यात्रा करी है।

गिरि कैलाश के दर्शन कीजे जासो होय निस्ताराज ॥टेक

भोटानदेश से चल रस्ते में जिनमत अधिक आपाराजी।
तरह की आम्नाय देखी बिम्ब रत्नमई सिंहाराजी ॥१॥

नौ हजार सत आठ चौरान कोस चले पग धाराजी।
गही भूमि पैरनसे यात्रा पहुँचे गंग ऊपराजी ॥२॥

धरो ध्यान नहीं आहार आ खड़ी बीत गए दिन चाराजी।
एक व्यंतर ले गया हमको किया दरश पाय निर्वाराजी ॥३॥

प्रथम टोंक ऋषभ को बन्दों सम्यक्ज्ञान चिताराजी।
फेर सुवर्णमई मंदिर बंदे बिम्ब रत्नमई राजेजी ॥४॥

ताकी महिमा वरणी न जाई नहीं बुद्धि भेद कहुं साराजी।
दोय पहर में वह व्यंतर न छाँड़ो गंग किनाराजी ॥५॥

जिस रास्ते से गमन किया था उन रतों उलटानाजी।
वर्ष १८ में उल्टे फिर आयो देश मंझाराजी ॥६॥

वर्ष चार फिर हिन्दू महन में दर्शन निर्वाण पधाराजी।
जैन मूलबद्री तक पहुंच छांड़ा मोह सुसाराजी ॥७॥

संवत् १८२८ साय भए नझ ब्रह्मधाराजी।
लामचीदास प्रभु दंडकवन में तुमरे नाम अधाराजी ॥८॥

**नोट :** ब्र० लामचीदासजी ने संवत् विक्रम १८२८ में दंडकदेश और इकवन में उत्तर ओर जाय वस्त्र त्यागे एक मुनिराज त्रिषणानाम तिन गुरु से रक्षा ली, लोंचकर नग्नमुद्रा धरि मुनिवत लेख खड़ा योग ध्यानकर मौन सहित प्राण त्यागे।

**पत्र का नोट** - श्रावक सर्वजनो संशय न करनी, श्रावक जो जाय सो अपनी सम्यक्त सो दर्शन करो, जाने में भ्रम न करना, जरुर दर्शन होएगें। शास्त्रजी में ऐसा कहा है कि अयोध्या जी से उत्तर की ओर कैलाशगिरि १६०० कोस है, सो सत्य है हम मारग का फेर खाते हुए प्रथम पूर्व ओर, उत्तर ओर, फिर पश्चिम ओर, फिर दक्षिण ओर ९८९४ कोसलों गये आये कैलास तिब्बत चीन के दक्षिण दिक्षा में हनवर देश में पर ले किनारे पर है। ताकी तलहटी में उत्तर की ओर धीधर बन जानना... सो चिट्ठी लिखित लामचीदास संवत् १८२८ मिती फागुण सुदी ५ रविवार को पूर्ण करो इति।



स्वागत करते
श्वेत पुष्प

**ધરાલી**

જેઠ સુદ ૧૧, શુક્રવાર, તા. ૨૫.૦૫.૨૦૧૮

આજે સવારે જ ૨૦ કિ.મી. વિહાર કરી ધરાલી પહોચ્યાં છીએ, વિહાર લાંબો તો થયો પણ નીચે ઉતરાણ જ હતું તેથી ઘણું લાગ્યું નહિ. આજે એક બાબાજી નો આશ્રમ



છે. ચારે બાજુ સફરજનની વાડીઓ છે. નાના-નાના સફરજન લાગેલા છે. શ્રાવણ મહિના સુધી પાકી જશે. અહીં પ્રાચીન મહાદેવ નું મંદિર છે માત્ર મંદિરનું શિખર જ ઉપર દેખાય છે નીચે આખો ગભારો પાણીમાં છે. ગભારામાં અંદાજે ૧૨ ફૂટ ઊંડું પાણી છે. બાજુમાં ગંગા વહી રહી છે. દ્રશ્ય મન લુભાવન છે.

**तब ये पत्थर भी फूल बन गये,**
**हिमगिरि की धवलीमा को**
**धारण करती धन्य धारा को**
**देखकर...**



ऊँचे लोग
ऊँची मंझिल को तय करने
ऊँची नजर रखते हैं ।

અહીં એક વૃદ્ધ બાબાજી છે. આખો હિમાલય એમણે જોયેલો છે. અમને પણ આમંત્રણ આપ્યું. તમે પાછા આરામ થી હિમાલય માં આવો. 'હમણાં તો તમે બદ્રીનાથ જાવ છો હું રોકી શકીશ નહી, પણ અસલી હિમાલય અને હિમાલય ના યોગીઓનો



पंच तत्त्व एकत्रित हुए हैं
इस दृश्य में...

સાક્ષાત્કાર તો ઉંડા હિમાલય માં જાવ તો જ થાય.' અહીં ઉપર જ મોટા મોટા ૭ સરોવર છે. ૨ સુકાઈ ગયા છે. બાકી પાંચ માં પાણી છે. તેમાં બ્રહ્મકમળ થાય છે. જુઓ સામે આળીયામાં ભગવાનનું મંદિર બનાવ્યું છે તેના તોરણ માં બ્રહ્મકમળ લાગેલા છે. અમે





પણ ઘણા દિવસ થી બ્રહ્મકમળ ની ચર્ચા સાંભળેલી હતી. પણ શ્રાવણ મહિનામાં જ ફૂલ આવે એવું જાણીને થોડા નિરાશ થયેલા પણ અહીં તો નજર ની સામે જ આટલા બધા બ્રહ્મકમળ હતા. પણ બધા સુકાઈ ગયેલા. બાબાજીએ સાચવીને રાખેલા. ખબર નહીં



बाबाजी ने शुं थयुं मन मां ? के एमांथी एक ब्रह्मकमळ काढीने अमने आप्युं. अमे स्वीकार्युं. बाबाजी खुश थया.

गंगा पार कराता
लोहे का पुल

અહીં આશ્રમમાં અન્નક્ષેત્ર ચાલુ જ છે. ચાલીને યાત્રા કરનારા ગમે તેટલા યાત્રિકો



स्वर्ग...
धरती पर

આવે તેઓ માટે રહેવાનું અને જમવાનું ફ્રી છે. બાબા અમને આગ્રહ કરી ને રોકી લે છે.

અમે સાંજે આગળ નિકળ્યા. ઝાલા આવ્યા. ૧૦ કિ.મી. થયું. અનુક્રમે સુખીગામ થઈ ભટવાડી પહોચ્યાં. અહીં પણ એક સારા માણસ ના ઘરમાં સ્થિરતા થઈ. અમને



આગળ નો રસ્તો લખી આપ્યો.

ભટવાડી થી કેદારનાથ જવા માટે અહીં થી કાચો રસ્તો છે. ૧૦ દિવસમાં કેદારનાથ પહોંચાય. પણ એકલું જંગલ જ છે. વચ્ચે બરફ નથી આવતો પણ લીલોતરી



अने नीलफूग खुब होय छे. लोकोनी अवर जवर नहीवत् होय.

भटवाडी थी केदारनाथ नो शोर्टकट रस्तो -

भटवाडी - लाटा - सोरा - थातीकडुड - रीह -गंगी - सोनप्रयाग - केदारनाथ

यात्रा
नीचे से
ऊपर की ओर...



કાચા રસ્તે ભોમીઓ રાખવો. આહારપાનીની વ્યવસ્થા સાથે રાખવી. સામાન માટે ખચ્ચર રાખવો. ખચ્ચર વાળો એક દિવસમાં ઓછામાં ઓછા ૫૦૦૦/- લે.

ભટવાડી થી ૩-૪ કિ.મી. આગળ મલ્લા કરીને ગામ આવે છે. અહીં થી પણ એક કાચો રસ્તો છે. તે આ રીતે...

बताओ,
ये पेड़ कितना ऊँचा है ?



## મલ્લા થી કેદારનાથ

| | |
|---|---|
| મલ્લાથી | |
| સીલ્લા | ૭ કિ.મી. |
| કુશકલ્યાણ | ૧૧ કિ.મી. |
| ક્યારકી | ૧૨ કિ.મી. |
| સહસ્ત્રતાલ | ૧૪ કિ.મી. |
| કલ્યાણી | ૨૬ કિ.મી. |
| ખરસોલી | ૧૪ કિ.મી. |
| કેદારનાથ | ૨૬ કિ.મી. |

देवदार के बीच विश्राम



## મલ્લા થી કેદારનાથ

| | | | |
|---|---|---|---|
| મલ્લાથી | | સોનપ્રયાગ | ૫ કિ.મી. |
| બુઢાકેદાર | ૪૩ કિ.મી. | ગૌરીકુંડ | ૬ કિ.મી. |
| ત્રિયોગીનારાયણ | ૫૦ કિ.મી. | કેદારનાથ | ૧૪ કિ.મી. |

**ओह ! कितनी सुहानी गंगा...**
**दूध जैसा पानी,**
**मानव संचार रहित स्थान**
**साधक योगी को परमस्पर्श**
**कराने के लिये सक्षम है ।**



## મલ્લા થી કેદારનાથ વાયા બુઢાકેદાર

| | | | |
|---|---|---|---|
| મલ્લાથી | | બેલાક | ૪ કિ.મી. |
| સીલ્લા | ૭ કિ.મી. | ઝાલા | ૯ કિ.મી. |
| ચુન્ન | ૫ કિ.મી. | બુઢાકેદાર | ૮ કિ.મી. |

रुक जाओ !
अभी-अभी भूस्खलन हुआ है।
रास्ता बंद है।



| | | | |
|---|---|---|---|
| રીહ | ૧૫ કિ.મી. | ત્રિયોગીનારાયણ | ૨૦ કિ.મી. |
| ગંગલ | ૧૦ કિ.મી. | સોનપ્રયાગ (પાકો રસ્તો) | ૧૨ કિ.મી. |
| મગ્ગુ | ૧૦ કિ.મી. | ગૌરીકુંડ (પાકો રસ્તો) | ૬ કિ.મી. |
| | | કેદારનાથ | ૧૪ કિ.મી. |



- મલ્લા - સૌરા -બેલક - બુઢાકેદાર - હટ્કુંડી - ગુટ્ટુ - પવાલી - ત્રિજુગીનારાયણ - સોનપ્રયાગ - કેદારનાથ
- મલ્લા - સૌરા - સુંદરનાથ નું સ્થાન - કુશ કલ્યાણ - પીંડ સ્વાર - બુઢાકેદાર

भागीरथी की भव्यता...
दूर से दिखनेवाले ये छोटे किनारे
सौ-दो सौ फिट से कम ऊँचाईवाले नहीं
है। पर्वत तलहटी नीचे से जितनी सफेद
दिखती है, गंगा का पानी उतनी उंचाई
तक बहता है।



- મલ્લા થી સૌરીગાડ -
  ૬ (વાયા ચુનાચટ્ટી - પંગરાના -
  ઝાલા થઈ)

| | | |
|---|---|---|
| બુઢાકેદાર | - | ૨૫ |
| ઘટ્ટુ | - | ૧૭ |
| કૌનખોલા | - | ૧૯ |

- ત્રિજુગીનારાયણ - ૨૨ - સોનપ્રયાગ
  - ગૌરીકુંડ - કેદારનાથ

મલ્લા, સૌરીગાડ, ચુનાચટ્ટી,
કુશકલ્યાણી, ત્રિજુગીનારાયણ, ગૌરીકુંડ,
સોનપ્રયાગ, કેદારનાથ

बुरांस का वृक्ष



કોઈ પણ રસ્તે ચાલો ૧૦-૧૨ દિવસ તો થાય જ છે. પણ જેણે ઉંડા જંગલનો આનંદ લેવો હોય તે જઈ શકે.

જૈન સાધુઓએ દોષપ્રચુર આ રસ્તા થી જવું નહિ.

વાતાવરણ સારું હોય તો ઠીક છે નહિ તો ખૂબ ખરાબ રીતે અટવાઈ જવાય

**पंच तत्त्व एकत्रित हुए है,**
**इस अलौकिक दृश्य में**





રસ્તા માં જતા આવતા માણસો મળે. મુસલમાન ગુર્જરો ભેંસો લઈ ને રસ્તા માં ફર્યા કરતા હોય છે. અને એમને ત્યાંથી જ આહારાદિ લાવવાનો રહે. અમે એ રસ્તે ગયા નહિ. પ્રમુખ કારણ એક જ અનંતકાય આદિ ની વિરાધના અમને મંજુર નથી. દિવસ ઓછા છે. ચાલવાનું ઘણું છે. કેદારનાથ દૂર છે કદાચ નહિં જવાય તો ચાલશે. બદ્રીનાથ માં આદેશ્વર દાદાના દર્શન



श्वेत शिखरों से सज्ज
हिमालयी क्षितिज

કરીને પાવન થઇશું અને આગળ વધશું. પરમાત્માના તીર્થ સિવાય અન્ય-અન્ય સ્થાને જવાનું કારણ તો હિમાલયની સ્પર્શના જ છે. આદીશ્વર પ્રભુ અહીં જ ક્યાંક પધાર્યા હશે. પરમાત્મા ના ચરણ સ્પર્શ થી અતિ પાવન બનેલી આ ધરતી ની સ્પર્શના જીવન માં ઓછા માં ઓછા એકવાર કરવાનું મન તો થાય.



અસ્તુ.

આગળ ચાલતા પાયલોટ બાબાનો આશ્રમ આવ્યો. સાવ ગંગાકાંઠે સરસ વિશાળ આશ્રમ બનાવેલ છે. વળી તેમાં તો ૫૦ ફૂટથી પણ વધુ ઉંચી શંકરજીની મૂર્તિ છે. આશ્રમમાં વિશાળકાય ઘણા દેવી દેવતાઓની રચના કરી છે. જેમ કે સપ્તર્ષિ - ૧૦ અવતાર - ૯ દુર્ગા

**पापा की गोदी में**
**बेटी का दुलार**
**पर्वतों के बीच**
**पार्वती गंगा...**





- રામ દરબાર - વિષ્ણુ લક્ષ્મી નારદજી આદિ. અમારે રાત્રિ વિશ્રામ અહીં જ થયો. પાયલોટ બાબા પૂર્વકાળમાં વાયુસેના ના પાયલોટ હતા પછી સંન્યાસી થયા. એટલે જ તો એમનું નામ પાયલોટ બાબા પડ્યું. હમણાં એ દેશ-વિદેશમાં જ યોગ-સમાધિનો અભ્યાસ કરાવે છે.

ભારત માં તો હરિદ્વાર-નૈનિતાલ અને અહિં એમનાં આશ્રમ છે ક્યારેક આવે. તેઓએ ૩૦ દિવસ



सुधी पाणीनी अंदर डूब्या रही समाधी लगावी हती पछी बहार निकळ्या हता. ए ज रीते बंधकांच नी पेटी मां पण ३० दिवस हवा वगर रह्या. आवा अजबगजब नां योगकार्यमां सफळ थया छे. आश्रममां आ बधा प्रसंगो ना फोटा लागेला छे. एमनी लखेली अनुभवोनी केटलीक पुस्तको अहिं आश्रममांथी ज प्राप्त थई.



एक छोटा-सा गाँव

આશ્રમ માં ૩-૪ તો ગુજરાતી જ શિષ્યો છે. એમણે અમને સારી વ્યવસ્થા આપી. ૫-૬ વિદેશીઓ અહિં યોગ સાધનાનો અભ્યાસ કરી રહ્યા છે. અન્ય કોઈને પણ સાધના માટે આગળ વધવું હોય તો આ સમુચિત જગ્યા છે. જૈન સાધુ ને યોગ્ય તમામ અનુકૂળતાઓ અહિં ઉપલબ્ધ છે. જેટલા દિવસ રહેવું હોય તેટલા દિવસ રહેવાની છૂટ છે. વિશેષ જાણકારી માટે તો એમના અનુભવોની



લખાયેલી પુસ્તકો વાંચવી. પાયલોટ બાબાની કેટલીક અનુભવ પુસ્તકો

| | | |
|---|---|---|
| 'હિમાલય બોલે છે' | - | |
| ભાગ ૧-૨ | | હિન્દી - ગુજરાતી |
| 'અન્તર્યાત્રા' | - | |
| ભાગ ૧-૨ | | હિન્દી - ગુજરાતી |

'કૈલાશ માનસરોવર'

આદિ લગભગ ૨૩ પુસ્તકો છે.

અમદાવાદ અજય પબ્લિકેશન-રિલીફ રોડ થી આ પુસ્તકો મેળવી શકાય જેઓને આધ્યાત્મિક સાધનામાં થોડો ઘણો રસ હોય તેઓએ એકવાર ઉક્ત પુસ્તકો વાચી લેવી.

અમે આગળ વિહાર કરી પાછા ઉત્તરકાશી પહોંચ્યા, આજ સુધી નો વિહાર આનંદદાયી રહ્યો.

*धराली*

**एक शिवमंदिर जिसका गर्भगृह पानी में है, मात्र शिखर ऊपर दिख रहा है ।**



હવે ચાતુર્માસ ના દિવસો ઓછા છે. ચાલવાનું ઘણું છે. ઉપર મેઘમહારાણી ની મહેર ક્યારે થાય કઈ ખબર નથી બસ હવે જલ્દી બદ્રીનાથ પહોંચીએ આદીશ્વર પ્રભુને ભેટીએ એજ એક મન માં ઈચ્છા છે. પાછા મેદાની પ્રદેશ તરફ આગળ વધવું જ પડશે.

હિમાલય ૫૦૦૦ માઈલ લાંબો અને ૧૨૦૦ માઈલ પહોળો છે.

**हिमालयी तूफान का मंगलाचरण**
**बस... कुछ ही क्षण में प्रलय काल का आभास होगा।**



## મુચાલગાંવ

### જેઠ વદ ૪, શનિવાર, તા. ૨.૬.૨૦૧૮

સાંજે વિહાર કર્યો. વિચાર્યું ૫-૬ કિ.મી. જેટલું ચાલશું. કોઈ સારૂં સ્થાન આવે તો રાત્રિ સારી પસાર થશે, અમે નિકળ્યા. રસ્તો તો ચઢાણ વાળો હતો. થોડું ચાલ્યાં ત્યાં તો ડુંગરની છેક ટોચ ઉપર દૂર રોડ જતો હતો - અમે લોકોને પૂછ્યું આ ઉપરનો રોડ ક્યાં જાય છે. એમણે કહ્યું - તમે જે રોડ



પર ચાલી રહ્યા છો તે જ આ રોડ છે. અહિં થી દેખાય છે તે અહિં થી ૧૨ કિ.મી. છે. ત્યાં 'કેમુંડાખાલ' છે. અમારે પણ કેમુંડાખાલ કાલે પહોંચવાનું હતું - સાંજે નિકળ્યા ત્યાં થી ૧૫ કિ.મી. હતું. રોડ આ રીતે ફરીને આવે તે તો ચાલે પણ સામે રોડ દેખાતો હોય અને અમે એટલું ફરીને આવીએ તે તો ન ચાલે. અમે પૂછ્યું ''અહિંથી ચાલીને જવાય એવો કોઈ રસ્તો છે ?'' લોકોએ 'હા' પાડી પણ સાથે 'ના' પણ પાડી, કહ્યું કે સાંજનો સમય છે. જંગલમાં ભટકી જશો. વાત સાચી હતી અમે આગળ

क्या आप मान सकते हैं ?
यह पानी है... नहीं ये दूध है...
नहीं ये पानी है,
नही, दूध..
नहीं, पानी...
दूध पानी... ?



ચાલ્યા. પણ મનમાં 'ખટક' તો ઉભી જ હતી. આ ઉપરનાં રોડ પર તો ગમે તેમ પહોંચવું. એકાદ કિ.મી. આગળ ચાલ્યા ત્યાં બીજુ ગામ આવ્યું. રોડ ઉપર જ હતો. અહિં થી ઉપરનો રસ્તો મળી ગયો. ગામવાળાએ કહ્યું. ''ચાલ્યા જાવ હમણા કોઈ ને કોઈ રસ્તામાં મળી જશે'' અમે બરાબર ૧ દોઢ કિ.મી. ઉપર ચઢીને રોડ પર પહોંચી ગયા. જઈને જોયું તો 'કેમુંડાખાલ' ૩ કિ.મી. નો પત્થરો અમારી રાહ જોઈને ઉભો હતો. ક્યાં બાર અને ક્યાં '૩' છેલ્લે સીધું 'કેમુંડાખાલ' પહોંચવાનું જ વિચાર્યું. ઘડીયાલમાં સાડા છ થયા હતા. થોડુંક ચઢાણ તો હતું. સવા સાત સુધી પહોંચી જઈશું. રાજુ અને લાભુભાઈ રાત્રિ વિશ્રામની વ્યવસ્થા કરી રાખી હતી પણ તે તો પાછળ રહી ગયા. કોઈક ગાડી વાળા સાથે સમાચાર આપીને એમને બોલાવી લીધા - 'કેમુંડાખાલ' નામ તો ઘણા દૂર થી સાંભળ્યા આવતા હતા. જઈને ઉભા રહ્યા તો



એક નાનકડું મંદિર હતું, એના દરવાજે ખંભાતી તાળુ લગાવેલું. એક તરફ એક ઝુંપડું હતું એમા હોટલ ચાલતી હતી. એક તરફ જંગલખાતાની બંધ ઓરડી હતી બસ, બીજું કંઈ નહિં. અમે પહાડની ટોચ ઉપર ઉભા હતા. અહિં કોઈ ગામ નથી રહેવાનું ઠેકાણું નથી આગળ ૩ કિ.મી. નીચે ઉતરીએ તો કોઈક ગામ આવે પણ એવી સંભાવના નથી અહિં ક્યાંક રાત્રિ વિશ્રામનો વિચાર કર્યો. મંદિરનાં ચારે બાજુ ઓટલા પર જગ્યા હતી. એક-એક સંથારો થઈ શકે પણ. આ સુસવાટા કરતો હિમાલયી પવન કંઈ બહાર સુવા દે ખરો. છેવટે જંગલખાતાની ઓફીસની ચાવી ઝુપડીમાં જ હતી. ખોલાવીને જોયું તો હોટલવાળા નો જ ખાણી-પીણીનો સામાન ભરેલો. કોલ્ડ્રીંક્સ, સેવ પેકેટ ને એવું બધું. છોકરો સારો હતો તરત જ અમને રહેવાની અનુમતિ આપી થોડો સામાન આમ તેમ કરીને ત્યાંજ રાત્રિ વિશ્રામ કર્યો.

**हिमालय की घाटीयों में विश्राम**
**गंगा के सान्निध्य में...**



આ તો સારૂં થયું જંગલખાતાની રૂમ હતી, નહિં તો હજુ ૩ કિ.મી. તો પાક્કા ચાલવું પડત અંધારા માં.

હિમાલયમાં અણધાર્યા આગળ નિકળી જઈએ તો ક્યારેક મુશ્કેલીમાં મુકાઈ જઈએ. કોઈને પૂછવું શું ? પૂછે તો પણ કોઈને કંઈ ખબર જ નથી બસ પોતાના ગામની આસ-પાસનું થોડું ખબર હોય આગળનું બધું રામ ભરોસે બીજા દિવસે તો ઉતરવાનું જ હતું. સતત ૧૮ કિ.મી. રોડ નીચે

जहाँ
सभी दृश्यों का
एक ही एड्रेस है...
आनंद... आनंद... आनंद...



ઉતરતો હતો એમાંય કાચો રસ્તો મળી ગયો સીધુ ૬-૭ કિ.મી. ઓછું થઈ ગયું. કેમરાખાલ માં એક ડોશી નાં ઘરે ઉતર્યા. ડોસી એકલી જ રહેતી હતી. ઘર તો ૧૦ રૂમ નું હતું. એને પૂછ્યું તો કહે. ૪ મારા છોકરા એક મારી દીકરી અને પોતરાઓ બધાના જુદા જુદા રૂમ છે. ભાવિક ડોશીએ અમને દિવસ અને રાત્રે પણ રાખ્યા. સાંજે વિહાર તો થઈ શક્યો નહિં. મેઘરાજા પધાર્યા હોય ત્યારે ક્યાં ક્યાંય જવાય છે. ૧૫-૨૦ મીનિટ માં તો જળબંબાકાર થઈ ગયું ભારી તોફાની વરસાદે કેટલાય ઝાડ પાડી નાખ્યા સુકાપાંદડાઓ વિખેરીને ડોશીનું આંગણું ભરી મૂક્યું.

मुनि रत्नयशविजयजी



ડોશી નાં ૪ દિકરા સારૂં કમાય છે. સારા મકાન છે. માજી ને એમની સાથે રહેવા બોલાવે છે છતા, આ માજી જવા તૈયાર નથી. ડોશીમા એ જ કહ્યું, ''મને અહિં જ ગમે છે. મારે ક્યાંય જવું નથી. મારૂં ઘર, મારા ખેતરો, મારો આ નાનો બગીચો અને બાજુમા બારમાસી ઝરણું. બસ રોટલા ટીપીને ખાઈ લઉં છું.''

કોઈક ને કોઈક આકર્ષણે ડોશીને અહિં રોકી રાખી છે અથવા કેટલાક અપાકર્ષણ થી અહિં અટકી ગઈ છે. એ તો એનો આત્મા જાણે. ડોશીઓ બધે આવી જ હોય છે, ભલે ગુજરાતી હોય કે મારવાડી અથવા અહિંની ગઢવાલી હોય કે

**मुनि स्वर्णकलश म.सा.**
**प्रतिक्षा कर रहे हैं।**



બીજે ક્યાંયની તેઓને ગામડામાં રહેવાનું વધારે પસંદ આવે. દિકરાના ઘરે શહેરમાં જેટલી સગવડ મળતી હોય તેમાંથી કંઈ ન હોય ગામડા માં છતા જીવ તો ગામડામાં જ રહે. શહેરમાં રહેતા કોઈ પણ ડોશીમા ને પૂછો તમને 'ગામડે' રહેવું ગમે ? લગભગ 'હા' જ પાડશે. પણ કેટલીક પરિસ્થિતિનાં કારણે નીકળી શકે નહિં.

ડોશીઓ તે ગામડામાં આકર્ષણ નાં કારણો કેટલાક ધ્યાનમાં આવે છે જેમકે જીવનનો ઘણો સમય ગામડા માં વિત્યો હોય તેથી થોડું મમત્વ હોય. ઘર-વાડી-ખેતર-બંગલા જે હોય તે તેણે પોતે પોતાના હાથે નિર્માણ કરેલા હોય. સજાવેલા સંવારેલા હોય. કેળવેલા હોય તેથી તેનો લગાવતો રહેવાનો જ.

भूले भटके को
रास्ता दिखानेवाले
इनको
रास्ता कौन दिखाता होगा ?



* ઘણી મધુર સ્મૃતિઓ ગામડા ની રજેરજમાં સમાએલી હોય એ કેમ ભૂલાય.
* વાત કરવા માટે એના જેવી જ ઘણી ડોશીઓ મળે એટલા માટે.
* ગામડા માં ડોશીમાં ને કોઈ નું બંધન નહીં. જયાં જવું હોય ત્યા આરામ થી ફરી શકે. બે-રોક ટોક જઈ શકે. આખું ગામ એનું સન્માન કરે.
* શહેરમાં આખો દિવસ-રાત એક ઓરડીમાં જ પડ્યા રહેવું પડે.
* શહેરી વાતાવરણ માં ડોશીઓ અકળાઈ જાય.
* પોતરા-પોતરીઓ નાં સંસ્કાર-ડ્રેશ-મોજશોક થી દુઃખી દુઃખી થઈ જાય.
* વહુવારૂનાં કડવા અપમાન ભર્યા વેણ સાંભળતા કાન પાકી જાય.

स्वर्ग से उतरती क्षीर धारा



* શહેરમાં માણસાઈ જોવા મળે નહિં. વાત કરવી તો કોનાથી કરવી ?
* શહેરમાં મંદિરે જવાય નહિં. જવું હોય તો કોઈ નું ઓશીયાળુ રહેવું પડે કોઈ કાર કે બાઈક પર લઈ જાય તો જઈ શકે નહિં તો ઘરે બેસી રહો.
* શહેર નાં ઘરમાં સૌથી મોટા વડીલ ડોશીમાં હોવા છતા એમનું કોઈ સાંભળે નહિં. જાણે વધારાનું માણસ.



* શહેરી ઘર માં ડોશીમા ને વારં વાર સાંભળવા મળે 'તમને કંઈ ખબર પડે નહિં ચુપ રહો' અથવા 'મુંગા મરો'
* કોઈ પણ ડોશીમાને ભોજનની પરવશતા ન જ ગમે. ''આજકાલની આવેલી વહું તેમને ખવડાવે તો ખાવું પડે'' આ કેવી મોટી વિંડબના. ડોશી વિચારે આ ઘર મારૂં, હું આ બધાને ખવરાવી પીવરાવી ને મોટા કરનારી અને આજે એક ગરમ રોટલી માટે પણ વહુને કહેવું પડે. રોટલી ચવાય

एक दिन का ही तो
सवाल है।
मुकाम जैसा भी हो
स्वागत है,
आज का डेरा यहीं...



નહિં એવી વહુ બનાવે તો પણ મોઢુ બંધ રાખવું પડે. કંઈ કહેવાય નહિં.

* છોકરા અને વહુઓ પૈસા ખૂબ ઉડાવે તેથી ડોશીનું કાળજુ કકળી જાય. એના મનમાં થાય ''તારા બાપે કેવી મજુરી કરીને રૂપીયા કમાયા છે અને તમે આમ ઉડાવો છો''
* ગામડા માં મંદિર દર્શન આદિ ધાર્મિક પ્રસંગોમાં અવારનવાર જઈ શકે. કોઈનાં ભરોસે બેસવાની જરૂર નહિં.

કદાચ આવીજ કંઈક વાતો ડોશીઓના મનમાં હશે. આ સિવાય બીજુ પણ કંઈક હોઈ શકે. આજુ-બાજુ માં કોઈ માજી હોય તો પૂછી લેવું.

અહિં પણ એવું જ થયું. સોના ના કટકા જેવા ૪-૪ દિકરાઓ સંપન્ન હોવા છતા ચોથી

**कमरे में बैठे-बैठे**
**हिमालय दर्शन**



વીશી ને પુરી કરતી આ ડોશીને દિકરાઓ સાથે રહેવાનું મન થયું નથી. ''મને તો અહિં જ ગમે છે, એ જાણે અને એમનું કામ જાણે'' આવી ઉછાછરી વાણી વાવરી ને ડોશી વાત ટાળી દે. આગળ વધારે શું પૂછાય ?

ડોશીના ઘરને અડીને જ એક નાનકડો બગીચો હતો. ઝરણાનું પાણી એમાં થી જ આગળ વધતું હતું. બચીચામાં ફણસ-આંબો-પલમ્ - આળુ-જામફળ-અખરોટ આદિ ફળઝાળ હતા. ઝાડ પર ફળ તો લાગેલા પણ બધા કાચા હતા. કેરી તો સાવ કાચી. રાજુએ પૂછ્યું આ પાકશે ક્યારે ડોશીએ ઠાવકાઈ થી કહ્યું ''જુઓ ને આ વાંદરા પાકવા જ ક્યાં દે છે'' એમ કઈને ડોશીનું બોખું મો હસી પડયું. જો કે વાંદરા ઘણા છે કોઈ ફળ રહેવા દેતા નહિં. ખાય એથી તો બગાડે ઘણું. પણ આજે ડોશી ખુબ ખુશ હતી.

**देवभूमि का दिव्य वृक्ष**
**देवदार**



બીજા દિવસે અમે ડોશીની રજા લઈ નિકળ્યા "માજી ! અમે આગળ વધીએ છીએ ડોશી કહે "તો જાવ". જાણે કંઈ લાગે વળગે નહિં. એ એના કામ માં પરોવાઈ અમે આગળ નિકળ્યા. રોડ તો ઘણો ફરીને આવતો હતો છફુટી નાં પુલ પર થી સામે રોડે ચાલ્યા ગયા સીધું. ર અઢી કિ.મી. ઓછું થઈ ગયું. ત્યાં થી લાય - ચમીયાલા થઈ ધનસાલી આવ્યા ૧૫ કિ.મી. જેટલું ચલાઈ ગયું હતું. ધનશાલીમાં જ રહેવાનું વિચાર્યુ. પણ આટલા મોટા શહેરમાં કોણ રહેવા દે. વિચાર્યુ, એકાદ કિ.મી. આગળ ચાલીએ, કંઈક મળી જાય, એકાદ કિ.મી. શું ૮ કિ.મી. ચાલ્યા ત્યાં એક સ્કુલમાં અમારું વિશ્રામ સ્થાન આવ્યું. પણ ખુબ સારૂં હતું. નીચે નીલાંગના નદી વહે ઉપર અમે ચારે બાજુ પર્વત શિખરો. દિવસે અને રાત્રે પણ અહિં જ રહ્યા. વાતાવરણ ખૂશનુમા હતું. આજ નું ગામ છે મયાલગાંવ.

दिन-दहाड़े रात हो गई,
नहीं जी...
यह तो बादल मंडराये हैं... ।
रात में दिन हो जाता है, दिन में रात हो जाती है,
ये हिमालय है । अब... जाये तो जाये कहाँ
दूर बरसात शुरु हो चुकी है ।



**અલેચ**

**જેઠ સુદ ૧૫, મંગળવાર, તા. ૨૯.૫.૨૦૧૮**

હિમાલય માં અમારી યાત્રા આગળ વધી રહી છે. પગલા નાના છે પણ હિમાલય ને ઓળંગી જવા મજબુત છે ‘મહાવીર ના પુત્ર મહાવીર જ હોય.’ હિમાલય ગમે તેટલો મોટો હોય પણ અમારા પગથી તો નાનો જ છે. આ સામર્થ્ય અમારૂં નથી વીરપ્રભુનું છે. વીર તો વીર નહિં પણ મહાવીર હતા.

**हिमालय की खीण**
**बादलों से भर गई है।**
**उपर बरसाती बादल उमड़ रहे हैं।**
**स्वर्ग लोक का दर्शन...**



सर्वशक्तिमान સામર્થ્યવાન વિભૂતિના ફરછંદ કોઈના થી કંઈ હારે ? અમે અડગ ડગે આગળ વધી રહ્યા છીએ આજે અધિક જેઠ મહિના ની પૂનમ છે. સતત ચઢાણ ચઢતા આગળ વધવાનું છે જાણે ચાલી ને સ્વર્ગ તરફ જઈ રહ્યા છીએ. ગઈકાલે સાંજ થી જ ઉંચા ઉંચા ગિરિશિખરો ઉપર દાવાનળ સળગ્યો છે. હિમાલય માં દાવાનળ સળગે ત્યારે જ્યાં સુધી વરસાદ ન પડે ત્યાં સુધી આગ ઓલવાય નહિં એમાંય પવનઝડપી વાતો હોય તો કહેવું જ શું ? આજે સવારે નિકળ્યા ત્યાર થી ધુંવાડા નાં ગોટે

हिमालय की यात्रा का
असली मजा तो
पैदल चलने में है ।
ये जंगल नहीं मंगल है ।



ગોટા ઉપર ચઢી રહ્યા છે. અમે ચાલીએ છીએ ત્યાં છેક શિખર પર આગ લાગેલી છે. અમે ચાલી રહ્યા છીએ, ત્યારે ક્યારેક સળગતું ચીડફળ નીચે આવે કે સળગી ગએલું લાકડું નીચે આવે તો ક્યારેક પત્થર ગગળતા આવે કંઈ કહેવાય નહિં સાવધાની થી જ ચાલવાનું હતું.

હું અને સંજય આગળ ચાલતા હતા. મુનિ આનંદમંગલ વિ. અને મુનિ સ્વર્ણકલશ મ. મારા થી ૧૦ ડગલા પાછળ હતા અને અચાનક સંજય બરાડી ઉઠ્યો - ''સાહેબજી ! સાહેબજી ! ઉભા રહો'' અચાનક પગ થંભી ગયા. ત્યાં તો બે ડગલા આગળ ઉપરથી એક સગડતું લાકડું ધડામ કરતું પડ્યું. રોડ ઉપર સળગતું લાકડું પડતા જ અંગારા વિખરાયા. હું થોડો પાછળ હટ્યો ત્યાં પાછળ થી મુ. આનંદમંગલ વિ. ત્યાં જ થંભી ગયા તો સ્વર્ણકલશ મ. ની આંખો પહોળી થઈ ગઈ. મુ.

ऊँचे पहाड़ पर ऊँचे वृक्ष...



રત્નયશ મ. તો આગળ ચાલતા હતા.

સળગતું લાકડું પડ્યું. સારૂં થયું બે ડગલા આગળ પડ્યું થોડીક સાવધાની ચૂક્યા હોત તો એ અંગારાનો મહામસ્તકાભિષેક થઈ જાત, પણ એ શક્ય નથી. દેવ-ગુરૂની કૃપાની શીળી છાયા અમારી ઉપર છે. વાળ વાંકોએ ન થાય એવો પૂરો ભરોસો છે.

જો કે જૈન સાધુ દેવ-ગુરૂની કૃપાના ભરોસે જ તો જીવે છે. ઉપર આકાશ નીચે ધરતી. નથી અસ્ત્ર નથી શસ્ત્ર નથી કોઈ સુરક્ષા, જે છે તે એક જ છે ઉપરવાળા ના આશીર્વાદ.

આગ આવે, પાણી આવે કે ભલે પત્થર નો વરસાદ થાય. આંધી આવે કે તોફાન આવે, વાદળ ફાટે કે વાવાઝોડા થાય. જે થવું હોય તે થાય, અમારૂં પગલું પાછું નહિં હટે. સર્વ સામર્થ્ય ના સ્વામી પ્રભુ મહાવીર નાં સાન્નિધ્યમાં છીએ.

**हिमालय में पैदल चलना**
**बड़ा कठीन है ।**
**थोड़ा बैठेंगे फिर चलेंगे ।**



'આગે બઢો' એ અમારો હિમાલય જેવો જ અડિખમ નિર્ણય છે. બસ અમે આગળ ચાલતા રહ્યા. સવારે ૧૪ કિ.મી. ચાલીને એક સ્થાને વિશ્રામ કરી પાછા સાંજે આગળ વધ્યા. આગનો પ્રકોપ વધી ગયો હતો હવે તો સળગતા લાકડા જ સીધા રોડ ઉપર થોડા થોડા અંતરે પડવા લાગ્યા. એમાંય મેઘરાજાએ માત્ર ૧૫-૨૦ મીનિટ માં વરસાદની તૈયારી કરી લીધી હજુ તો ઘડીયાળ માં પાંચ વાગી રહ્યા છે અને વિજળી ના કડાકા ભડાકા થવા લાગ્યા. વરસાદ ચાલુ થયો. એક તરફ પવન તો હતો જ અને આ સળગતી ઉલ્કાઓ ઉપરથી પડતી હતી. વાહન વ્યવહાર તો બંધ થઈ ગયો, અમે સાવ નાજુક પરિસ્થિતિમાં આવી ગયા. ત્રણ કિ.મી. એક ગામ આવ્યું પણ રોડ ઉપર તો ઉભું રહેવાય તેવું છાપરૂંય નહિં એક કિ.મી. નીચે ખીણમાં ઉતરીએ તો કંઈક મળે પણ જવાનો રસ્તો

सफर में हमसफर...



માટીનો, લપસી જવાય તો એક ના બદલે ૨ કિ.મી. નિકળી જવાય. એવું જોખમ લેવાય નહિં. છતા હિમ્મત રાખીને આગળ વધ્યા વરસાદ ઓછો થઈ ગયો. વરસાદનું જેટલું જોર હતું એટલો વરસ્યો નહિં પણ છંટકાવ ચાલુ જ હતો. પવન ઓછો થયો. પણ આ ઓછું પાણી પડવાથી આગમાં ધુમાડો વધી ગયો, જાણે ધુમપ્રભામાં ચાલતા હોઈએ તેમ લાગ્યું. વધારે ઝડપી ચાલી શકાય તેમ પણ ક્યાં હતું ? રોડ ઉપર-ઉપર ચઢતો જતો હતો. લાભુભાઈએ સમાચાર આપ્યા ''આગળનું ગામ હજુ ૭-

रोड तो है, परंतु
हम साधकों के लिये
सिद्धगिरि का स्पर्श ही अच्छा लगता है।
रास्ता कैसा भी हो,
आनंद का पार नहीं।



૮ કિ.મી. છે.'' પણ ત્યાં પહોંચી શકાય તેવું હતું જ નહિં. તપાસ કરતા બે કિ.મી. પર એક ચા ની નાનકડી હોટલ નું છાપરૂં હતું. ત્યાં ગોઠવાઈ ગયા. અહિંથી થોડું ઉપર બે-ત્રણ તંબુ હતા. હોટલવાળો સારો માણસ નિકળ્યો. તે હાથ જોડીને આવ્યો અને કહ્યું -

बाबाजी ! आप इधर कैसे रुकेंगे. यहाँ तो चारो और खुल्ला है. अभी रात होगी, जंगली जानवर ईधर-उधर घुमते रहते हैं और रात को ठंड़ी भी बहुत होगी ।

**गंगा पार करने हेतु सदीयों पुराना पुल...**




અમે કહ્યું - अब आगे नहिं जा सकते, रात हो गई है और आगे जायेंगे तो कहाँ जायेंगे?

પેલાએ કહ્યું - बस थोड़ा नजदीक गाँव है, वहाँ आप रात्रि विश्राम कर सकते हैं।

અમે કહ્યું - कितना दूर है ?

होगा कोई चार-पाँच किलोमीटर.

**ठीक ही तो लिखा है...**



नागफण वनस्पति

आज का विश्राम तो यहिं करने का मन है. आगे जाने में और एक घंटा लगेगा और आज तो काफी थकान है.

जैसी आपकी इच्छा और कोई भोजन-पानी की सुविधा चाहिये ? मैं आपको अपने हाथ से बना के दुं ?

नहिं नहिं हम रात को नहिं खाते, आप निश्चिंत रहें.



वनवास वन विचरण

कुछ फल तो लेंगे ?
रात्रि में हमें पानी भी पीना वर्जित है, फल की तो क्या बात ?
तो क्या ऐसे ही भूखे सो जायेंगे ?
नहीं हमने दोपहर में भोजन किया है.
अभी...



अभी नहीं, कल दोपहर बारह बजे.
तब तक कुछ नहिं खायेंगे ?
नहिं. हमारे भगवान महावीर ने यहि उपदेश दिया है ।

માલિક બે હાથ જોડી મૌન થઈ ગયો. એની પાસે બોલવા માટે કોઈ શબ્દો ન હતા. પરંતુ અંતરની દૌલત નો તોટો ન હતો. રાત્રિ વિશ્રામ એ છાપરા નીચે જ કર્યો. પરંતુ આજનો આ

आज का विश्राम
इस गुफा में...



અતિવિષમ સમય આખી જીંદગી યાદ રહેશે. પુનમની રાત હતી આખી રાત ચંદ્ર એ અજવાળુ પાથર્યું. ઠંડી એટલી બધી નથી.

બીજા દિવસે સવારે ૪ કિ.મી. ચાલીને ચૌરંગી ગામ પહોંચ્યા. ત્યાંથી વળી એક કાચો રસ્તો મળી ગયો ધોંતરી જવા માટે રોડે ૧ ૨ કિ.મી. થાય અને કાચા રસ્તે ૭ કિ.મી. અમે તો ઉતરી પડ્યા. સરસ સાફ રસ્તો હતો. નીચે ઉતરાણ હોવાથી એક કલાકમાં તો અમે ગામમાં પહોંચી ગયા.

**आसमानी महल हो**
**या**
**पहाड़ी गुफा हो**
**जैने साधु की आनंद धारा**
**आकाश गंगा से भी अनंत है।**



जिससे हम पूरा दिन रुके थे,
उस गुफा का
मुख्यद्वार

ધોંતરી થી આગળ એક 'મુએમધામ' તરફ જવાનો રસ્તો આવ્યો. કહેવાય છે કે ૪ ધામ થી આગળ આં પાંચમું ધામ છે અહિં યાત્રિકો ખૂબ આવે છે, શ્રી કૃષ્ણનું મંદિર છે. લોકરૂઢી એમ કહે છે. મહાભારતના યુદ્ધ પછી કૌરવો સૌ મૃત્યુ પામ્યા. પાંડવો સૌ હિમાલય ચાલ્યા ગયા. શ્રી કૃષ્ણ એકલા પડી ગયા. એમને એકલા એકલા ખૂબ કંટાળો આવતો હતો તેથી માતા દેવકીએ એમને હિમાલય ભ્રમણ કરવા મોકલ્યા. તે કૃષ્ણ સાધુનું રૂપ કરીને સીધા અહિં આવ્યા. એક શિલા પર આસન

જમાવ્યું. ૨-૩ દિવસ રહ્યા. અહિં ગામનાં મુખીયા એ અપમાન કરીને કાઢી મૂક્યા, પછી યમનોત્રી તરફ ગયા. મુખી બીમાર પડ્યો. સાધુબાવાને યમુનાદેવી ઓળખી ગઈ. દેવીએ મુખીને સ્વપ્નમાં કહ્યું. સાધુનું સન્માન કર નહિં તો મરી જઈશ. મુખી આવ્યો ક્ષમા માંગી. કૃષ્ણે કહ્યું. મારે કંઈ નહિં જોઇએ પેલી શિલાની બાજુમાં મંદિર બનાવ. તેવું કર્યું. આજે પણ આ મોટીશિલા એમ જ પડી છે. ૧૦ માણસ ભેગા થઈને તેને હલાવવા માંગે તો પણ હલે નહીં. પણ કોઈ એક માણસ માત્ર ટચલી આંગળી થી હલાવે તો હલવા માંડે.

પાંચમા ધામ નો રસ્તો કોડાર ગામ થી છે. ઉત્તરાખંડમાં કોઈગામ એવું નથી જ્યાં નાના મોટા ૧૫-૨૦ મંદિરો ન હોય અને તેમાય એમના જુદી-જુદી કથા-વાર્તાઓ ચાલતી હોય. પણ એકવાત ચોક્કસ છે. બધા જ મંદિરનાં અનુયાયીઓ પોતાના મંદિરને અતિપ્રાચીન-સ્વયંભૂ-પાંડવકાલીન - ૫૦૦૦ વર્ષ જુનું આદિ વિશેષણો લગાવીને જ માને છે - જે છે તે એમની શ્રદ્ધા છે.

ઉત્તરાખંડના લોકો સ્વભાવિક રીતેજ ઘણા ધાર્મિક છે. કોઈ પણ હાલત માં ચોરી નથી કરતા. આખી રાત ખુલ્લી દુકાન પડી હોય તો પણ કોઈ વસ્તુને કોઈ અડે નહિં. આ વાત સૌથી સારી છે. પહાડી સ્ત્રીઓ નો સ્વભાવ પણ પહાડી છે. કોઈ ના થી ડરતી નથી. અજાણ્યા સાથે વાત પણ ઠાવકાઈ થી જ કરે છે. શરમ-સંકોચને કોઈ સ્થાન નથી.

ઉત્તરકાશી જીલ્લા માં જમીન નાં માપ 'નાલી' નામ નાં એક ચોકકસ શબ્દ થી ઓળખાય છે. 'ટીહરી' માં 'કંડી' થી જમીન મપાય છે. એક કંડી એટલે પહાડી સ્ત્રીઓનો પીઠ પાછળ બાંધવાનો મોટો ટોપલો, તે 'કંડી' એક કંડી ભરાય એટલું અનાજ જેટલી જમીન માં ઉગે તેને એક કંડી જમીન કહેવાય. તે રીતે જમીન ના ભાવ થાય. નદી-નાળા નજીક જમીન મોંઘી હોય જેમ-જેમ ઉપર શિખર તરફ હોય તેમ તેમ ઓછા હોય.



## એકાંત હોટલ

જેઠ વદ ૪ બીજી, રવિવાર, તા. ૩.૬.૨૦૧૮

આજે તો સવારથી જ પર્વત ઉપર ચઢ ચઢ કરી રહ્યા છીએ. એક જમાના માં મોટો રાક્ષસી અજગર આ રસ્તે ચાલ્યો હશે, એના નિશાન પડ્યા હશે. બસ એ નિશાન ઉપર જ ડામર રોડ બનાવી

सुहाना सफर
वन वृक्षों के साथ...



દીધો હોય એવું લાગે છે. વણાંકો નો કોઈ પાર નહિં. ૧૬ કિ.મી. માં તો અમે છેક પર્વત ઉપર પહોંચી ગયા. ધનસાલી સમુદ્ર લેવલ થી ૯૪૦ મીટર ઉપર હતું. હમણા અમે ૨૦૦૦ મીટર તો ઉપર તો હઈશું જ. પણ લીલીવનરાજી ની વચ્ચેથી ચાલતા થાક નથી લાગતો વળી દૂર-દૂર નીચે ખીણના મેદાનો માં રંગબેરંગી ગામડાઓ દેખાય તે ખુબ સરસ લાગે. જોતા જોતા ૧૫ કિ.મી. ક્યાં

एक और पथरीले पहाड़
दूसरी ओर खाई
थोड़ा ध्यान से चलो भाई...



પૂરા થઈ જાય તે કંઈ કહેવાય નહિં.

સાંજે ચીરબટીયા માત્ર ૫ કિ.મી. જ ચાલવાનું હતું પણ ચઢાણ ઘણું આકરૂં હતું. અહિં આવીને જોયું તો એક શિલાપર કોતરેલું હતું. સમુદ્ર તલ સે ઉચ્ચાઈ ૨૧૫૦ મીટર ગઈ કાલે સાંજે ૯૦૦ મીટરની આસ-પાસ ઉંચાઈ હતી અને આજે ૧૦૦૦ કિ.મી. થી પણ વધુ ઉપર આવી ગયા. ડુંગરાળ પ્રદેશમાં આવુ ચાલ્યા જ કરવાનું. હિમાચલ એટલે ચઢવાનું અને ઉતરવાનું, ચાલવાનું છે જ નહીં. આજે વાતાવરણ સાફ છે. સૂરજે સારો હાથ જમાવ્યો. રાત્રે પણ કંઈ ઠંડી હતી

ऐसे तो कई रास्ते पार किये हैं।



નહિં. આવતી કાલે પાછું નીચે ઉતરવાનું છે. કેટલું ઉતારશે ખબર નથી ૩૫૦૦ મીટર સુધી ઉપર ચઢવાનું છે. માંડ માંડ તો ૨૦૦૦ મીટર સુધી આવીએ ત્યાં તો પાછા નીચે ઉતારી દે, તેથી પાછી મહેનત ફરીથી કરવાની. હિમાલય માં ચાલવા માટે ખરી હિમ્મત જોઈએ.

અહિંથી મયાલી ૧૯ કિ.મી. છે, છેક સુધી નીચે ઉતરાણ જ છે. આવતી કાલે ત્યાં જ મુકામ કરવાનું વિચાર્યું છે.

એક દાદાએ કાચા રસ્તાનો અછડતો અંદાજ આપ્યો છે. કાલે બરાબર પૂછીશું તો ખબર

किसे पता है ?
इन शिलाओं पर कई साधक
साधना करके सिद्ध हुए हो...
हिमालय के कंकर कंकर में दिव्य चेतना का वास है।
दिव्यता का आह्वान्...



પડશે. પેલા વૃદ્ધે પણ એમ જ કહ્યું હતું ''આગે પૂછ લેના સબ બતા દેંગે.''

હિમાલયમાં ચાલવું હોય તો હિમાલય જેવા જ અડીખમ બનવું પડે. ગમે ત્યારે ગમે તે પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી રાખીને આગળ વધવાનું હોય. જ્યાં આપણું ધારેલું કંઈ ન થાય માત્ર ને માત્ર હિમાલયનું ધારેલું થાય તેને હિમાલય કહેવાય. હિમાલયમાં ચાલવા માટે હિમ્મતની

अरे भाई !
थोड़ा बैठो तो सही...



પરીક્ષા થાય તો ધીરજ સરણે ચઢે. જો જીતી ગયા તો મહામૂલી ભેટ મળે અને હારી ગયા તો જીંદગીમાં પસ્તાવા સિવાય હાથમાં કંઈ ન રહે. ઘણા દિવસ થઈ ગયા અમે હિમાલયમાં વિચરી રહ્યા છીએ. ખરેખર અમને હિમાલયે ખૂબ સાંચવ્યાં ડગલેને ડગલે આનંદ કરાવ્યો. ક્યાંય ઓછુ આવવા દીધું નથી. અમે પણ હિમબાળની જેમ હિમાલયથી એક મેક થતા થઈએ છીએ. આ વૃક્ષો આ પહાડો આ વનરાજી આ સૂર્યોદય આ સૂર્યાસ્ત બધુ જ જાણે જીવંત છે. બધુ જ જાણે અમારા આનંદમાં વૃદ્ધિ કરવા માટે છે. હિમાલય દાદાએ સોળે

**ऊँचे पहाड़ पर ऊँचे वृक्ष,**
**उससे भी ऊँचा हमारा इरादा...**
**इन वृक्षों की ऊँचाई**
**कितनी हो सकती है।**



શણગારે સજેલી આ પર્વતમાળાના મનોરમ દૃશ્યાવલીને અમારા માટે સામે ધરી દીધી છે.

હિમાલયમાં આમ જોઈએ તો આનંદ જ આનંદ છે, પણ એક તરફ તકલીફ જ તકલીફ છે. ડગલે ને ડગલે માનસિક અને શારીરિક પ્રતિકૂળતાઓનો સામનો કરવો જ પડે. તમારી મરજી છે. પ્રતિકૂળતાનો સામને હસતા હસતા કરો કે રડતા રડતા અહીં આવનારે એવું ક્યારેય વિચારવું નહીં કે અહીં શું વ્યવસ્થા મળશે. અહીં કંઈ જ વ્યવસ્થા નથી. ઉપર આકાશ અને નીચે ધરતી. ભાઈબંધી કરવી હોય તો આ જંગલના

## कॉम्पलेन पीया है क्या ?



વૃક્ષ વેલાઓ સિવાય કંઈ ન મળે. પણ જ્યારે કોઈ આપણી સાથે ન હોય ત્યારે ઉપરવાળો આપણી સાથે હોય. નરસિંહ મહેતાના શબ્દો યાદ આવી જાય. 'હરિ ને હિંડતા લાગે હાથ' મારો હરિ મારાથી એટલો નજીક છે કે સાથે સાથે ચાલતા મારા હાથ મારા હરિને ભટકાય છે. બસ આવું જ કંઈક હિમાલયમાં અમે અનુભવ્યું છે. ગુજરાતી ભક્તિ સાહિત્યની પંક્તિઓ વારંવાર યાદ આવે 'પ્રથમ પહેલા મસ્તક મૂકી પછી લેવું હરિનું નામ જોને' વાત સાવ સોના જેવી સાચી છે. હિમાલય આવવું હોય તો પહેલા મસ્તક ઉતારીને મૂકી દેવું

**जंगल में**
**जहाँ कदम-कदम पर जिंदगी**
**इम्तिहान लेती है।**
**दूर राजु आ रहा है।**



પછી હિમાલયનું નામ લેવું. હિમાલયમાં ઓતપ્રોત થવું. હિમાલયને માણવાનો આના સિવાય બીજો કોઈ રસ્તો નથી. સંસારી માણસો હજારો વ્યવસ્થાઓ સાથે રાખી હિમાલય આવે છે. જેવા આવે છે તેવા પાછા ચાલ્યા જાય છે. થોડીક ઘડીની સુંદરતાથી આનંદ વિભોર થઈ જાય છે. તેમની કરેલી વ્યવસ્થાઓ તેમના આનંદને ધુંધળુ કરી મુકે છે. પણ, જ્યારે કંઈ જ વ્યવસ્થા રાખ્યા વિના માત્ર ભગવાન ભરોસે પહેર્યાલુગડે નીકળી પડી એ તો આ હિમાલય તમને આનંદથી ભરી દે. એવો આનંદ વિશ્વમાં ક્યાંક બીજે ક્યાંય નથી

**चट्टान्नों के बीच**
**मुस्कानों की मंझिल**
**मुनि रत्नयशविजयजी**



મળતો. હિમાલયના ભોળુંડા મનવીની પ્રિત પણ કંઈ જેવી તેવી નથી. સીધા-સાદા અહિંના પહાડી માનવો ખૂબ માયાળુ - મમતાળુ છે. એક માંગો તો દશ હાજર કરે છે. એ નથી જાણતા જૈન સાધુ કોને કહેવાય. પહેલી વાર અહિંના લોકો જૈન સાધુનું દર્શન કરે છે. જ્યારે થોડો પરિચય થાય છે, પછી તો જાણે કહેવું શું. અંતરની દશે દિશાઓ ખુલ્લી મૂકીને સાધુની સેવામાં લાગી જાય. અમે આટલા દિવસથી હિમાલયમાં છીએ. અહિંના માનવીને ખોટુ બોલવું અતિ અપ્રિય છે. કદાચ ભૂલથી એમને કોઈ કહી દે કે 'तुम झुठ बोल रहे

जादुई छड़ी



हो' તો તેમને હાડોહાડ દિલે કહી કે – 'बाबा ! हम देव भूमि के रहनेवाले इंसान हैं, हम झूठ नहीं बोलते' જાણે તેઓ અસત્ય ભાષણને મહાપાપ સમજે છે અને ધરતી ઉપર રહેવાવાળા સંસ્કારી કહેવાતા ભણેલા ગણેલા માનવો આખી જીંદગી અસત્ય ઉપર જ જીવી લે છે. જાણે અસત્ય એ જ જીવન છે. અને અસત્યથી જ જીવન જીવી શકાય છે. ઓ ધરતીના માનવો આવો એક વાર આ

**मनस्वीनी मंदाकीनी गंगा का एक अलौकिक रुप**



હિમાલયમાં પરિચય કરો આ ગઢવાલી અને હિમાલયના માનવી જીવનના અમૃતરસ પાન કરાવશે. મોટા મનના માણસોને મળીને સાચી મોટાઈનો એહસાસ થશે. ભલે પૈસો ટકો ઓછો છે. પણ દિલની દિલાવરીમાં કુંબેરના ભંડારો ય ઓછા પડે. એક વાર તો હિમાલયના ગામડામાં ભ્રમણ કરતા અહિંના અંતરની અમીરાતને માણવી જોઈએ.

**पहाड़ी गाँवों के घर लकड़ी से बनते हैं...**











